આજનો સુવિચાર
સફળ લોકોના ચહેરા પર બે વસ્તુ હોય છે, મૌન અને સ્મિત...

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૩૩ જૂનાગઢ તા.૨૦-૦૧-૨૦૨૫ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 33, Junagadh : Date : 20 January, 2025, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# અમેરીકામાં હવે ટ્રમ્પ બોસ : આજે રાત્રે શપથવિધી : સમગ્ર વિશ્વની મીટ




૧૯૮૦ની વાત છે. ૩૪ વર્ષના ડોનાલ્ડ ટ્રમ્પ એક અમેરિકન મેગેઝીનને ઈન્ટરવ્યુ આપી રહ્યા હતા. આ દરમિયાન તેમને પૂછવામાં આવે છે- તમે રાજકારણ વિશે શું વિચારો છો? ટ્રમ્પે જવાબ આપ્યો, "રાજકીય જીવન ક્રૂર હોય છે, જેઓ કાબેલ હોય છે તે લોકો બિઝનેસ કરે છે." ૧૯૮૦ના ૪૫ વર્ષ બાદ એ જ ટ્રમ્પ બીજી વખત અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા જઈ રહ્યા છે. તેઓ આજે રાત્રે ભારતીય સમય અનુસાર લગભગ ૧૦ વાગે અમેરિકાની સંસદ કેપિટલ હિલમાં શપથ લેશે.

વોશીંગ્ટન, તા.૨૦ : આજે આખી દુનિયાની નજર ડોનાલ્ડ ટ્રમ્પના રાજ્યાભિષેક પર છે. આ વખતે, ઘણી બધી એવી ઘટનાઓ બની રહી છે જે અગાઉ દાયકાઓમાં ક્યારેય બની ન હતી. આ વખતેની જેમ અમેરિકન રાષ્ટ્રપતિનો શપથ ગ્રહણ સમારોહ સંસદની અંદર એટલે કે ઘરની અંદર થઈ રહયો છે. આનું કારણ કોઈ દુશ્મનના હુમલાનો ડર નથી, પરંતુ અહીં ભારે ઠંડી અને હિમવર્ષા છે. આમ છતાં, તેમના સમર્થકો વોશિંગ્ટન ડીસી પહોંચી ગયા છે. ટ્રમ્પ સમર્થકો ફટાકડા ફોડી રહ્યા છે. કડકડતી ઠંડીમાં પણ ટ્રમ્પ માટે વાતાવરણ બનાવી રહ્યા છીએ. તમને જણાવી દઈએ કે યુએસ ચીફ જસ્ટિસ જોન રોબર્ટ્સ ટ્રમ્પને શપથ લેવડાવશે. શપથ ગ્રહણ સમારોહ સોમવારે ભારતીય સમય મુજબ રાત્રે ૧૦.૩૦ વાગ્યે થશે. પહેલી વાર, વિદેશી મહેમાનો શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે.

ડોનાલ્ડ ટ્રમ્પ વોશિંગ્ટન પહોંચી ગયા છે. તેઓ ફ્લોરિડાથી પોતાના પરિવાર સાથે ખાસ વિમાનમાં વોશિંગ્ટન પહોંચ્યા હતા. આ ફ્લાઈટને સ્પેશિયલ એર મિશન-૪૭ નામ આપવામાં આવ્યું હતું. મિશન-૪૭નો અર્થ એ છે કે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ બનશે. એક તરફ, ટ્રમ્પના વિરોધીઓ તેમના શપથ ગ્રહણ અંગે ગુસ્સે છે, તો બીજી તરફ, તેમના સમર્થકો નિરાશ છે. નિરાશાનું કારણ સંસદની અંદર યોજાનારા શપથ ગ્રહણ સમારોહ છે. ટ્રમ્પના સમર્થકો તેમના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે ઉત્સાહિત હતા. તેઓ મોટી સંખ્યામાં હાજર રહેવાના હતા, પરંતુ કાર્યક્રમ સંસદની અંદર યોજાતો હોવાથી તેમની ઈચ્છાઓ નિષ્ફળ ગઈ છે.

# નવું અમેરીકા બનાવવાનું ટ્રમ્પનું એલાન

વોશિંગ્ટન, તા.૨૦ : ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળની શરૂઆત પહેલા એક મોટી રેલી દરમિયાન ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. રવિવારે વોશિંગ્ટનમાં આયોજિત આ રેલીમાં ટ્રમ્પે કહ્યું કે તેઓ 'ઐતિહાસિક ગતિ અને તાકાત' સાથે કામ કરશે અને દેશના દરેક સંકટનો ઉકેલ લાવશે. ટ્રમ્પે કહ્યું કે તેઓ અમેરિકાને મહાન અને મજબૂત બનાવવામાં કોઈ કસર છોડશે નહીં. આ દરમિયાન તેમણે ઈમિગ્રેશન મામલે કડક કાર્યવાહી કરવાની વાત કરી. તેમજ વિશ્વમાં ચાલી રહેલા યુદ્ધોને બંધ કરીને ત્રીજા વિશ્વયુદ્ધનો ખતરો દૂર કરવામાં આવશે તેવું વચન.આપ્યું હતું

મેક અમેરિકા ગ્રેટ અગેન (MAGA) વિજય રેલીમાં યુક્રેન અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષો પર બોલતા ડોનાલ્ડ ટ્રમ્પે કહયું, હું યુક્રેનમાં યુદ્ધનો અંત

## "ત્રીજુ વિશ્વયુધ્ધ નહીં થવા દઉં" : શપથવિધી બાદ તુરત જ ટ્રમ્પ ઐતિહાસીક નિર્ણયો લેશે - એકઝીકયુટીવ ઓર્ડરની ૧૦૦ ફાઈલો પર હસ્તાક્ષર કરશે

લાવીશ, હું મધ્ય પૂર્વમાં અરાજકતા પણ બંધ કરીશ અને હું ત્રીજું વિશ્વયુદ્ધને થતું અટકાવીશ અને તમને કદાચ ખબર નહીં હોય કે આપણે આમાં કેટલા નજીક છીએ.

ડોનાલ્ડ ટ્રમ્પે કહયું, અમે મધ્ય પૂર્વમાં સ્થાયી શાંતિ તરફ પહેલું પગલું ભરીને એક મહત્વપૂર્ણ યુદ્ધવિરામ કરાર પ્રાપ્ત કર્યો છે. આ ગાઝા કરાર ફકત નવેમ્બરમાં આપણી ઐતિહાસિક જીતના પરિણામે જ શકય બન્યો હોત. આ અંતર્ગત, પહેલા બંધકોને હમણાં જ મુક્ત કરવામાં આવ્યા છે. બિડેન કહી રહયા છે કે તેમણે સોદો કરી લીધો છે, પરંતુ જો હું રાષ્ટ્રપતિ હોત, તો આ (ઈઝરાયલ-હમાસ સંઘર્ષ) કયારેય શરૂ ન થાત.

## ટ્રમ્પ શપથવિધી બાદ ચીન જશે : જીનપીંગ સાથે ફોન પર વાત કરી

વોશિંગ્ટન તા.૨૦ અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ શપથ લીધા બાદ ચીનની મુલાકાત લેશે. વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ ટ્રમ્પ ચીન સાથેના સંબંધોને ગાઢ બનાવવા માટે બૈઈજિંગની મુલાકાત લેવા ઈચ્છે છે. ટ્રમ્પે પોતાના કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસમાં આ પ્રવાસ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.


ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે ચીન પર ટેરિફ વધારવાની વાત કરી હતી. ત્યારથી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. ટ્રમ્પે જિનપિંગને તેમના શપથ ગ્રહણ માટે આમંત્રણ પણ આપ્યું છે. જિનપિંગે ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગને શપથ ગ્રહણમાં મોકલવાનો નિર્ણય લીધો છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ટ્રમ્પે તેમના સલાહકારો સાથે પણ ભારતની મુલાકાત અંગે વાત કરી છે. ગત મહિને ભારતીય વિદેશ મંત્રી જયશંકરની અમેરિકાની મુલાકાત દરમિયાન ટ્રમ્પની ભારત મુલાકાતને લઈને પ્રાથમિક વાતચીત પણ થઈ હતી.

## સુરતમાં ૪૫ વર્ષના નરાધમે ૪ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચર્યું

સુરત તા.૨૦ સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં એક ચકચારી ઘટના સામે આવી છે. એક ગામની સોસાયટીમાં રહેતા શ્રમજીવી પરિવારની ૪ વર્ષની બાળકી ઘરઆંગણે રમી રહી હતી, ત્યારે ૪૫ વર્ષના શખ્સે બાળકી સાથે વહાલનું નાટક કરી તેને ઉઠાવી લીધી હતી. આરોપી બાળકીને અડધો કિલોમીટર દૂર આવેલા પોતાના રૂમમાં લઈ ગયો હતો, જ્યાં તેણે બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. લગભગ એક કલાક બાદ બાળકી રડતી રડતી ઘરે પહોંચી હતી. પરિવારે જોયું કે બાળકીના ગુપ્તાંગમાંથી લોહી નીકળી રહ્યું હતું, જેથી તાત્કાલિક કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવીના આધારે ગણતરીની કલાકોમાં જ આરોપીને ઝડપી લીધો હતો.

## શપથવિધી સમારોહ પહેલા મુકેશ અંબાણી ટ્રમ્પને મળ્યા



વોશિંગ્ટન તા.૨૦ ભારતના સૌથી ધનાઢ્ય વ્યક્તિ મુકેશ અંબાણી અને તેમની પત્ની નીતા અંબાણી અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પને રાષ્ટ્રપતિ તરીકેના બીજા કાર્યકાળ પહેલા અભિનંદન આપવા માટે મળ્યા હતા.

નીતા અને મુકેશ અંબાણીને આશા છે કે ટ્રમ્પ સરકાર દરમિયાન ભારત-અમેરિકાના સંબંધો વધુ મજબૂત થશે. તે સાથે તેમણે ટ્રમ્પને તેમના નવા પરિવર્તનકારી કાર્યકાળ માટે શુભેચ્છા પાઠવી હતી.

શપથ ગ્રહણમાં અંબાણી દંપતીને મહત્વની બેઠક મળશે અહેવાલ મુજબ શપથ ગ્રહણ સમારોહમાં અંબાણી દંપતીને મહત્વની બેઠક મળશે. તે ટ્રમ્પ કેબિનેટના નામાંકિત સભ્યો અને ચૂંટાયેલા અધિકારીઓ સાથે બેસશે. આ સિવાય કેબિનેટ સ્વાગત સમારોહ અને ઉપરાષ્ટ્રપતિનું ડિનર પણ હશે, જેમાં અંબાણી પરિવાર હાજરી આપશે.

## સમગ્ર દેશમાં ભારે ખળભળાટ મચાવનારા કોલકતાના આરજી કર રેપ કેસમાં આજે દોષિત સંજય રોયને અદાલત સજા સંભળાવશે



કોલકાતા તા.૨૦ સમગ્ર દેશમાં ભારે ખળભળાટ મચાવનારા કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં ટ્રેઈની ડૉક્ટર યુવતી પર રેપ-હત્યાના કેસમાં દોષિત સંજય રોયને સિયાલદહ કોર્ટ આજે સજા સંભળાવશે. સંજયને આજીવન કેદ અથવા ફાંસીની સજા થઈ શકે છે. બનાવનાં ૧૬૨ દિવસ બાદ ૧૮ જાન્યુઆરીએ કોર્ટે મુખ્ય આરોપી સંજય રોયને દોષિત જાહેર કર્યો હતો.

સંજયને સવારે ૧૦.૧૫ વાગ્યે જેલમાંથી કોર્ટમાં લાવવામાં આવ્યો હતો. કોર્ટ અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા માટે ૨ ડેપ્યુટી કમિશનર, ૫ આસિસ્ટન્ટ કમિશનર, ૧૪ ઈન્સ્પેક્ટર, ૩૧ સબ ઈન્સ્પેક્ટર, ૩૯ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર, ૨૯૯ કોન્સ્ટેબલ અને ૮૦ મહિલા પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે.

કોર્ટના ચુકાદા પહેલા બપોરે ૧૨.૩૦ વાગ્યે સંજય રોયનું નિવેદન સાંભળવામાં આવશે. સંજય પીડિતાના પિતા દ્વારા ઉઠાવવામાં આવેલા કેટલાક સવાલોના જવાબ પણ આપી શકે છે. આ પછી સજાની સંભળાવવામાં આવશે. સંજયની સજા માટે ૧૬૦ પાનાનો ફેંસલો લખવામાં આવ્યો છે.

ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૬૪, ૬૬ અને ૧૦૩(૧) હેઠળ સંજયને દોષિત ઠેરવવામાં આવ્યો છે. આ અંતર્ગત ૧૦ વર્ષથી આજીવન કેદની સજાની જોગવાઈ છે.

૧. કલમ ૬૪ (બળાત્કાર): ઓછામાં ઓછી ૧૦ વર્ષની જેલ અને વધુમાં વધુ આજીવન કેદની જોગવાઈ છે.

૨. કલમ ૬૬ (પીડિતાના મૃત્યુનું કારણ બને છે): ઓછામાં ઓછી ૨૦ વર્ષની સજાની જોગવાઈ છે. આને આજીવન કેદ સુધી વધારી શકાય છે.

૩. કલમ ૧૦૩(૧) (હત્યા): મૃત્યુદંડ અથવા આજીવન કેદની જોગવાઈ છે.

સજાની જાહેરાત પહેલા, ૧૯ જાન્યુઆરીએ, સંજયની માતા માલતીએ કહ્યું હતું - મારી ત્રણ પુત્રીઓ છે, હું તેનું (પીડિતાના માતાપિતા) દુઃખ સમજું છું. તેને કડક સજા મળવી જોઈએ. જો કોર્ટ કહે છે કે તેને ફાંસી આપો તો મને કોઈ વાંધો નથી. સંજયની મોટી બહેને ૧૮ જાન્યુઆરીએ કહ્યું હતું કે તે ટ્રાયલ કોર્ટના નિર્ણયને કોઈપણ કોર્ટમાં પડકારશે નહીં.

૮-૯ ઓગસ્ટની રાત્રે આરજી કર હોસ્પિટલમાં ટ્રેઈની ડૉક્ટર યુવતી પર રેપ બાદ હત્યા કરવામાં આવી હતી. ૯ ઓગસ્ટના રોજ સવારે સેમિનાર હોલમાં ડૉક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે ૧૦ ઓગસ્ટના રોજ સંજય રોયની ધરપકડ કરી હતી. આ ઘટના બાદ કોલકાતા સહિત દેશભરમાં દેખાવો થયા હતા. બંગાળમાં ૨ મહિનાથી વધુ સમયથી આરોગ્ય સેવાઓ ઠપ રહી હતી.

## પ્રજાસત્તાક પર્વ નિમિતે દિલ્હીમાં ત્રાસવાદી હુમલાની શકયતા : ગુપ્તચર એલર્ટ અપાયું

નવીદિલ્હી,તા.૧૮ ગુપ્તચર વિભાગે ૨૬ જાન્યુઆરીને લઈને મોટું એલર્ટ જાહેર કર્યું છે. ગુપ્તચર વિભાગના જણાવ્યા અનુસાર ૨૬ જાન્યુઆરીને ધ્યાનમાં રાખીને દિલ્હીનું વાતાવરણ બગાડવાનું ષડયંત્ર રચવામાં આવી શકે છે. મોટા વાહનો દ્વારા ભીડને કચડીને નુકસાન થઈ શકે છે. આ એલર્ટ મુજબ, આ વખતે આતંકવાદીઓ અથવા અસામાજિક તત્વો ૨૬ જાન્યુઆરીને ધ્યાનમાં રાખીને વાહનો પર હુમલો કરી શકે છે . તાજેતરમાં જ જર્મનીમાં આ પ્રકારનો હુમલો થયો હતો. જેમાં ૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા અને કેટલાકના મોત પણ થયા હતા.

એટલું જ નહીં, છેલ્લા મહિનામાં ભારે વાહનોનો ઉપયોગ કરીને ભીડ પર આત્મઘાતી હુમલાઓ ઘણા દેશોમાં વાહન રેમિંગ હુમલા દ્વારા કરવામાં આવ્યા છે. આ વાહન રેમિંગ એટેકના એલર્ટને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસના તમામ એકમોને કડક સૂચના આપવામાં આવી છે.

### :: સમાચાર રાઉન્ડઅપ ::

- અમેરીકામાં આજે બનેલી ઘટનામાં એક ભારતીય યુવકની ગોળી મારી હત્યા કરાઈ
- કેરળની અદાલતે બાબા રામદેવ અને બાલકૃષ્ણ વિરૂધ્ધ ધરપકડ વોરન્ટ જારી કર્યુ : કેરળની ડ્રગ ઓથોરીટીએ પતંજલી વિરૂધ્ધ ભ્રામક જાહેરાતો અંગે ફરિયાદ દાખલ કરી હતી.
- ગૌમુત્રથી રોગોની સારવાર શકય હોવાનું જણાવતા મદ્રાસ આઈઆઈટીના ડાયરેકટરનો વિડીયો વાયરલ : ભારે ટીકા
- અમેરીકામાં ટીકટોક એપ બંધ કરાઈ : ૧૭ કરોડ યુઝર્સ હતા
- પાક કબ્જાગ્રસ્ત કાશ્મીર ભારતનું મુગટ રત્ન છે, તેના વિના જમ્મુ-કાશ્મીર અધુરૂ : રાજનાથસિંહ
- ૧૪ મહિના બાદ ઈઝરાયેલ-હમાસ યુધ્ધવિરામ : ઈઝરાયેલી બંધકોને પરત લાવવા રેડક્રોસની ટીમ રવાના : ૯૦ પેલેસ્ટાઈની કેદીઓ પણ મુક્ત થશે
- નવી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધનના બે પક્ષો આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ આમનેસામને

## કરણવીર મહેરા બીગ બોસ-૧૮નો વિજેતા જાહેર કરાયો

મુંબઈ, તા.૨૦: નાના પડદા પરના સૌથી લોકપ્રિય રિયાલિટી શો 'બિગ બોસ ૧૮'નો ગ્રાન્ડ ફિનાલે, જે ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી ચાલ્યો હતો, તે ખૂબ જ મજેદાર અને વિસ્ફોટક રહ્યો. ગત મોડી રાત સુધી ચાલેલા ફિનાલેમાં, શોના સૌથી લોકપ્રિય સ્પર્ધક કરણવીર મહેરાને આ સીઝનનો વિજેતા જાહેર કરવામાં આવ્યો, જ્યારે કરણવીર સાથે સ્પર્ધકોનો વિરોધ અને ટેકો આપનાર વિવિયન ડીસેનાને રનર અપ જાહેર કરવામાં આવ્યા. જ્યારે રજત દલાલ ટોપ ૩ માં સ્થાન મેળવવામાં સફળ રહ્યા. તે સાથે સલમાન ખાને કરણવીર મહેરાને પોતાના હાથે ટ્રોફી અને ૫૦ લાખ રૂપિયા પણ આપ્યા. જ્યારે ઈશા સિંહ અને ચુમ દારંગનું બિગ બોસ સીઝન ૧૮ ના વિજેતા બનવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ
મગફળીનું ડબ્બલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અધ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો
Chilli Powder
TURMERIC POWDER

# આંગણે આવ્યો રૂડો અવસર : આવતીકાલે શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત(સંડેર)નો શિલાપૂજન સમારોહ યોજાશે





## યજમાનો દ્વારા ૧૦૦૮ શિલાઓનું પૂજન કરવામાં આવશે : ચેરમેન નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે શિલાપૂજન સમારોહ : ઉત્તર ગુજરાતની ધરતી પર નિર્માણ પામશે મા ખોડલનું ધામ

(પ્રતિનિધિ દ્વારા)

સંડેર, પાટણ તા.૨૦


૨૧ જાન્યુઆરી એટલે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ માટે ઐતિહાસિક અને અવિસ્મરણીય દિવસ. આગામી તારીખ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ૮ વર્ષ પૂર્ણ થઈને નવમા વર્ષમાં પ્રવેશ થઈ રહ્યો છે ત્યારે આ પાવન દિવસે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા વધુ એક ઐતિહાસિક ઘડીની ઉજવણી કરવામાં આવશે. ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ને મંગળવારના રોજ શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત (સંડેર)ના ૧૦૦૮ શિલાપૂજન સમારોહનું દિવ્ય અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા પાટણ જિલ્લાના સંડેર ગામ પાસે વિશાળ જગ્યામાં શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાતના સંકુલનું નિર્માણ થવા જઈ રહ્યું છે. ત્યારે આ સંકુલનો ભવ્યાતિભવ્ય શિલાપૂજન સમારોહ યોજાશે. ૨૧ જાન્યુઆરી ને મંગળવારના રોજ સવારે ૭ વાગ્યાથી શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં ૧૦૦૮ યજમાન પરિવારો દ્વારા ૧૦૦૮ શિલાઓનું પૂજન કરવામાં આવશે. હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી શાસ્ત્રીમહેતા પ્રદ્યુમ્ન પ્રહલાદજી (લાલાભાઈ) દ્વારા શિલાપૂજન વિધિ કરાવવામાં આવશે.

શિલાપૂજન વિધિમાં ઉપયોગમાં લેવાયેલ માતાજીની પ્રતિમા, બાજોઠ, પૂજાની થાળી, અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, નાડાછડી, સોપારી, આચમની અને આસન સહિતની વસ્તુઓ યજમાન પરિવારને ભેટ સ્વરૂપે આપવામાં આવશે જેથી તેઓ આજીવન આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યાની યાદગીરી રાખીને ધન્યતા અનુભવી શકે. આ શિલાપૂજન સમારોહમાં ઠેર-ઠેરથી ભાવિકો પધારશે. જેના માટે ટ્રસ્ટ દ્વારા તમામ પ્રકારની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. શિલાપૂજન સમારોહમાં પધારનાર ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, સંગઠન ટીમ, યજમાનશ્રીઓ, તેમના પરિવારજનો, ભાવિકો સહિતના તમામ લોકો માટે યોગ્ય બેઠક વ્યવસ્થા રાખવામાં આવી છે. સાથે જ કાર્યક્રમ પૂર્ણ થયે ભોજન પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

**શિલાપૂજન સમારોહનું રૂબરૂ આમંત્રણ આપવા મા ખોડલનો રથનું ૨૮ દિવસ પરિભ્રમણ**

શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત (સંડેર)ના ૧૦૦૮ શિલાપૂજન સમારોહનું રૂબરૂ આમંત્રણ આપવા માટે મા ખોડલનો રથ ઉત્તર ગુજરાતના અરવલ્લી,સાબરકાંઠા,ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા અનેમહેસાણા જિલ્લામાં ફર્યો હતો. તારીખ ૧૫ ડિસેમ્બરના રોજ અરવલ્લી જિલ્લાના ભુડાસણ ગામે રથ પરિભ્રમણનો પ્રારંભ થયો હતો અને ૧૨ જાન્યુઆરીના રોજ મહેસાણા જિલ્લાના ફિંચડી ગામે રથ પરિભ્રમણનું સમાપન થયું હતું. આમ કુલ ૨૮ દિવસમાં મા ખોડલનો રથ ૨૫૦થી વધુ ગામડા અને શહેરી વિસ્તારમાં ૩ હજારથી વધુ કિલોમીટર ફર્યો હતો. ગામડે ગામડે અને સોસાયટી સોસાયટીમાં મા ખોડલના રથના સૌએ વધામણા કર્યા હતા અને આરતી કરી હતી. સાથે જ દરેક ગામમાંથી એક-એક શિલા લેવામાં આવી હતી. આ શિલાનો ઉપયોગ શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત (સંડેર) સંકુલના નિર્માણ કાર્યમાં કરવામાં આવશે.

# માંગરોળ ખાતે આવેલી શ્રી ગોપાલ કૃષ્ણ ગૌશાળામાં ૪૦ કિલો લાડુ ગૌમાતાને ખવડાવ્યા



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૦

શ્રી ગોપાલ કૃષ્ણ ગૌ શાળામાં દર રવિવારે ગૌ શાળામાં રહેલ આશરે ૬૪ જેટલી ગૌ માતાને સાંજે ૫ કલાકે ૪૦ કિલો જેટલા સ્પેશિયલ લાડુ બનાવી ગૌ માતાને ખવડાવવામાં આવે છે. જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે આવેલ શ્રી ગોપાલ કૃષ્ણ ગૌ શાળા ખાતે ગૌ માતાને લાડુ ખવડાવવા માટે ખાસ ઉપસ્થિત રહેલા એવા આ વિસ્તારના કોઈ પણ સેવાકાર્યોમાં હાજર રહેનાર ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, સેવાભાવી એવા માંગરોળના શહેર ભાજપ પ્રમુખ તેમજ શ્રી ગોપાલ કૃષ્ણ ગૌ શાળાના પ્રમુખ લિનેશભાઈ સોમૈયા, ગૌશાળાના ઉપપ્રમુખ પરેશભાઈ જોશી, ગૌશાળાનાં ટ્રસ્ટી સુરજભાણ ખાચર, નીલેશભાઈ રાજપરા (પત્રકાર), અનીશભાઈ ગૌદાણા (પત્રકાર), દિલીપભાઈ નથવાણી, કાનાભાઈ દેવાણી, સુનિલભાઈ કોટક, દિલીપભાઈ, રવિભાઈ પરમાર, વિમલભાઈ ભરડા, ભરતભાઈ વાજા, દીપકભાઈ ડાકી સહિતના ગૌ પ્રેમી ઓ દ્વારા ગૌ શાળામાં રહેલ ગૌ માતાઓને દર રવિવારની પરંપરા મુજબ લાડુ ખવડાવવામાં આવ્યા હતા.

## શ્રી લોહાણા મહિલા મંડળનાં હોદેદારોની થયેલ વરણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

શ્રી લોહાણા મહિલા મંડળના મોવડી મીનાબેન ચગ અને ભારતીબેન ઘીયાના નેજા હેઠળ તા.૭ જાન્યુઆરીના રોજ શ્રી લોહાણા મહિલા મંડળની મીટિંગ લોહાણા બોર્ડિંગ ખાતે મળી હતી. જેમાં સર્વાનુમતે રશ્મિબેન વિઠ્ઠલાણીની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવતા આનંદનો માહોલ જોવા મળ્યો હતો. તેમજ તેમની પાસેથી સમાજ લક્ષી મહિલા પ્રવૃત્તિઓને વેગ મળે તેવી અપેક્ષા રાખવામાં આવે છે તેમ જણાવવામાં આવેલ. ઉપપ્રમુખ તરીકે ચંદ્રીકાબેન સોઢા, સેક્રેટરી રસીલાબેન સોઢા, ખજાનચી કિષ્નાબેન અઢીયા, જોઈન્ટ સેક્રેટરી તરીકે અલ્પાબેન ઉનડકટ, જોઈન્ટ ટ્રેઝરર પારૂલબેન સુચક તેમજ કારોબારી સભ્યો સાધનાબેન નિર્મળ, બીનલ ઉનડકટ, રેખાબેન ગોંધીયા, નિલમબેન વિઠ્ઠલાણી,ગીતાબેન કોટેચા, તરૂબેન ગણાત્રા વિગેરેની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# મોરબીમાં ફિમેલ એન્ડ ફેમિલી ગ્રુપ દ્વારા ગૌ માતા માટે અનોખી સેવા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

મોરબીમાં આવેલ ફિમેલ એન્ડ ફેમિલી ગ્રુપ ઘણા સમયથી ગૌ માતા માટે સેવા આપી રહ્યા છે. વાર તહેવારમાં ગાયો માટે દાન પુણ્ય લઈને જરૂરી ગાય માતાને સેવા આપી રહ્યા છે. જે જગ્યાએ જરૂરી હોય ત્યાં ચારો ખોડ બિમાર ગાયો માટે સારવાર આવી અનેક જરૂરી સેવાઓ પૂરી કરી રહ્યા છે. ફિમેલ એન્ડ ફેમિલી ગ્રુપના સભ્ય ગાયત્રીબેન મિસ્ત્રી, કાજલબેન મિસ્ત્રી, અજીતભાઈ મિસ્ત્રી, કપીલભાઈ મિસ્ત્રી, અર્ચનાબેન મિસ્ત્રી, પારૂલબેન મિસ્ત્રી ગૌ માતા માટે અનોખી સેવા આપી રહ્યા છે.

# સોમનાથ મંદિરે આવેલ દર્શનાર્થીનું પર્સ શોધી અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૦

સોમનાથ મંદિરે તારીખ ૧૦ ના રોજ દર્શને આવેલા કોઈ દર્શનાર્થીનું પર્સ સોમનાથ મંદિર પરિસરમાં પડી ગયેલ હોય જ્યાં ફરજ ઉપરના મહિલા કોન્સ્ટેબલ વૈશાલીબેનને મળેલ હોય જેઓએ શિફ્ટ ઈન્ચાર્જ પીએસઆઈ ભુવા અને ડીવાયએસપી ખટાણાને જાણ કરી હતી. બાદમાં તેઓની સૂચના મુજબ શોધખોળ કરતા મૂળ માલિક મળી ન આવતા પોલીસે પોતાની ઈમાનદારી દ્વારા મંદિર બંધ થયા પછી રૂપિયાનું પર્સ સોમનાથ મંદિરની પોલીસ ઓફિસમાં જમા કરાવી દીધું હતું. જે પર્સ કોઈનું હોય એ સોમનાથ મંદિર પોલીસ ઓફિસમાંથી ખરાઈ કરી મેળવી લેવું.

# ઊના પોલીસે નામચીન દારૂ ના બુટલેગરની વાડીમાં દેશ દારૂ બનાવતી ચાલુ ભઠ્ઠી સાધનો સહિત ૪૭૨૪૦ના મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડયો



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૦ : ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણા, પી.એસ.આઈ. આર.પી. જાદવ, સર્વલન્સ સ્ક્વોડના એ.એસ.આઈ જોરૂભા મકવાણા, પોલીસ કોન્સ્ટેબલ શાંતિલાલ વેલભાઈ, નાનજીભાઈ સાર્દુલભાઈ, વિજયભાઈ હાદાભાઈ વિગેરે સ્ટાફ સરકારી અને ખાનગી વાહનમાં દુષ્કર્મના ગુનાનો આરોપી રસિક જીણાભાઈ બાંભણિયા રે. ખાણ તા. ઊનાને પકડવા ગયેલ ત્યારે ઊનાથી અંજાર જતા રોડ ઉપર લાલ બાગ સામે આવેલ રોડની અંદર રસિક જીણાની વાડીએ તપાસ માટે પહોંચતા આરોપી રસિક જીણા તો ના મળિયો પરંતુ તેની વાડીમાં દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી મળી આવી હતી. સ્થળ ઉપર હાજર નિમિત્ત ઉર્ફે એન્ટી તુલસી મેર(ઉ.વ.૨૪) રહે.ખાણ તા.ઊનાને પકડી સ્થળ ઉપરથી દેશી દારૂ બનાવવાનો આથો ભઠ્ઠી, ટાંકી, ગેસનો ચૂલો, ગેસનો બાટલો સાધનો મળી કુલ રૂપિયા ૪૭,૨૪૦નો મુદામાલ કબજે કરી આરોપીની પૂછ પરછ કરતા તેમણે રસિક જીણા સાથે ભાગીદારીમાં દેશી દારૂ બનાવવાનો કામગીરી કરતો હતો. પોલીસે રસિક જીણા સામે પણ ગુનો દાખલ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રસિક જીણા સામે ઊના તેમજ ગીર સોમનાથ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં ૨૨થી વધુ વિદેશી દારૂની હેરફેરના કબજાના ગુનાઓ નોંધાયા છે. તેમજ થોડા દિવસ પહેલા તેની સામે એક મહિલાએ રસિક જીણાએ વાડીએ બોલાવી તેમની ઉપર દુષ્કર્મ આચર્યુંની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તે કામે પોલીસ પકડવા ગઈ હતી પરંતુ રસિક જીણા તો ના મળિયો પણ પોલીસને દેશી દારૂની ભઠ્ઠી મળી આવી હતી. આ રસિક જીણા અગાઉ ત્રણ વાર પાસામાં પણ જેલમાં જઈ આવેલ છે.

# દીવમાં રોયલ વાઈનની દુકાનમાંથી મનગમતા લોકોને દારૂ અપાય


## દીવ એસપી અને અને કલેકટરની મીઠી નજરે હેઠળ દારૂ વેચતો હોવાની પૂરી શંકા

છ (નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૦

દીવ પ્રશાસન દ્વારા લોકોની મનોરંજન છબી ખરડાય રહી નકારી નથી શકાતી એવામાં છેલ્લા ઘણા સમયથી દીવમાં દારૂ રોયલ વાઈન શોપના અમુક ઈસમો દ્વારા અમુક લોકોને દારૂ જેટલો જોયે એટલો પૂરો પાડવો એનું કારસ્થાન ચાલી રહ્યું છે જેની જાણ દીવ પોલીસ તથા પ્રશાસન જાણી રહી હોવા છતાં કોઈ કાય કરી શકતું નથી એવા માં તંત્ર દ્વારા રૂપિયા ખંખેરાઈ રહ્યા હોવાનું લોકોમાં ચર્ચા થઈ રહી છે. જ્યારે અમુક લોકો ની રાજકીય ભલામણ હોવાથી કોઈ પોલીસ કે અધિકારી દ્વારા માલ પકડતો નથી કે ઉનામાં માલની કમી મહેશુષ થવા દેતી નથી તો અનેક કારણો હોય શકે ?દારૂ ક્યાંય ઉડીને બહારથી આવતો હશે કે પછી પોલીસની મીઠી નજર હેઠળ આવ્યો હશે ? પોલીસને માલ મલાઈ મળતી હશે કે પછી આમનમ રાજકીય ભલામણના હિસાબે જવા દેતા હશે ? અનેક સવાલોના જવાબ હોવા છતાં આ દીવ પોલીસ જાડી ચામડીના હોવાથી દીવ લોકો ફરવા આવતા હોવાનું ટાળવા મળેલ છે એવી દીવની છબી ખરડાઈ ગયેલ હોવાનું લોકોમાં ચર્ચા થવા લાગેલ છે. જ્યારે કોઈ રાજકીય વગ ધરાવતા હોય તો દીવમાં જોયે એટલો દારૂ મળતો હોવાની માહિતી મળી આવેલ છે હવે જોવાનું એ રહેશે કે દીવ પોલીસ કોને પકડે છે અને કોને નઈ?

# પ્રતિષ્ઠિત ફોર્બ્સ ઈન્ડિયામાં સૌરાષ્ટ્રના મોવલિયા બંધુઓને મળ્યું સ્થાન




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૦

ફોર્બ્સ ઈન્ડિયાના ફોર્બ્સ સિલેક્ટ ૨૦૦ કેજે મોટી વૈશ્વિક સંભવિતતા ધરાવતી ૨૦૦ કંપનીઓનો સમૂહ છે. તેમાં સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાંથી કેપ્ટન ટ્રેક્ટર્સની પસંદગી કરાઈ. આ યાદીમાં કેપ્ટન ટ્રેક્ટર્સના મેનેજીંગ ડીરેક્ટર રાજેશભાઈ મોવલિયા સહીત કૈલેશભાઈ મોવલિયા, નયનભાઈ મોવલિયા, સતીષભાઈ મોવલિયા અને શૈલેષભાઈ મોવલિયાને સ્થાન મળ્યું છે. ખેતી ક્ષેત્રે મીની ટ્રેક્ટર થકી પરિવર્તન લાવનાર સૌરાષ્ટ્રના યુવા ઉદ્યોગપતિ અને કેપ્ટન ટ્રેક્ટર્સના મેનેજીંગ ડિરેક્ટર રાજેશભાઈ મોવલિયા સહિત કૈલેશભાઈ મોવલિયા, નયનભાઈ મોવલિયા, સતીષભાઈ મોવલિયા અને શૈલેષભાઈ મોવલિયાએ ફોર્બ્સ સિલેક્ટ ૨૦૦ની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. કેપ્ટન ટ્રેક્ટર્સ- જે સતત નવીનતા દ્વારા ૩૦ વર્ષથી વધુ સમયથી કૃષિમાં પરિવર્તન લાવવા માટે સમર્પિત છે. અને કંપની ૭૦ થી વધુ દેશોમાં અદ્યતન ટેકનોલોજી થકી નાના અને સીમાંત ખેડૂતોને સશક્ત બનાવવા માટે કટીબધ્ધ છે. જેની નોંધ લઈ **DGEMS** ૨૦૨૪માં ફોર્બ્સએ ભારતની પ્રતિષ્ઠિત "મોટા વૈશ્વિક વ્યાપાર સંભવિતતા ધરાવતી ૨૦૦ કંપનીઓ" માં કેપ્ટન ટ્રેક્ટર્સનેપસંદ કરી સ્થાનઆવ્યું છે. જે સૌરાષ્ટ્રના ઉદ્યોગજગત માટે ખુબજ ગર્વની વાત છે. આ જાહેરાત ફોર્બ્સ ઈન્ડિયાની વેબસાઈટ અને તેના સમગ્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવી હતી. ફોર્બ્સ સિલેક્ટ ૨૦૦ ની યાદી, **DGEMS (D Globalist Entrepreneur Mobility Summit)** પહેલનો એક મહત્વપૂર્ણ ભાગછે. અને તે એવા ઉદ્યોગપતિઓને સામેલ કરે છે કે જેમણે તેમની કંપની દ્વારા અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય. આ યાદીમાં પસંદગી માટેનો આધાર એક ખાસ માપદંડ પર છે, જેમાં ઔદ્યોગિક શાસનના શ્રેષ્ઠ દાખલાઓ અને મૂલ્ય નિર્માણ ક્ષમતાનો સમાવેશ થાય છે. **DGEMS**, વૈશ્વિક સહયોગ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે પ્રખ્યાત છે, જે કેપ્ટન ટ્રેક્ટર્સને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની ઓળખને વિસ્તૃત કરવા અને વૈશ્વિક કૃષિક્ષેત્રમાં યોગદાન આપવાની તૈયારીને રેખાંકિત કરે છે. જ્યારે નવીનતા અને બજારની સફળતા કેપ્ટન ટ્રેક્ટર્સના વિકાસ માટે ચાવીરૂપ બની રહી છે, ત્યારે કેપ્ટન ટ્રેક્ટર્સની નોંધપાત્ર સિદ્ધિ ખેડૂતોના જીવન પર તેની સકારાત્મક અસરમાં રહેલી છે. તેમજ અદ્યતન ટેક્નોલોજી દ્વારા કંપનીએ સમગ્ર દેશના ખેડૂતોને સશક્ત બનાવ્યા છે. સાથે જ ખેડૂતોની કૃષિ ઉત્પાદકતામાં પણ સુધારો કર્યો છે. કેપ્ટન ટ્રેક્ટર્સ દ્વારા મિની ટ્રેક્ટર પ્રદાન કરીને, કંપની ખેડૂત પરિવારના જીવનમાં નવી આશાનું કિરણ લાવી રહી છે. કેપ્ટન ટ્રેક્ટર ન માત્ર ખેતીમાં ટકાઉ વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે, પરંતુ ખેડૂતોને ઉત્કર્ષતા તરફ લઈ જવા માટે મજબૂત પાયો પણ પૂરો પાડે છે.

ઉલ્લેખનીય છે કે, કેપ્ટન ટ્રેક્ટર્સ પાસે તમામ અદ્યતન સાધનો, એડવાન્સ મશીનરી, આર એન્ડ ડી લેબ, ગુણવત્તા નિયંત્રણ સાધનો અને ઉચ્ચ ગુણવત્તાયુકત ઉત્પાદનોની ડિઝાઈન અને ઉત્પાદન કરવા માટે પ્રશિક્ષિત સ્ટાફ છે. કેપ્ટન ટ્રેક્ટર્સે ગુણવત્તાના ધોરણોમાં કોઈપણ સમાધાન કર્યા વિના ભારતના તમામ રાજ્યો સહીતવિદેશમાં પણપોતાનું નેટવર્ક વિસ્તાર્યું છેફોર્બ્સ સિલેક્ટ ૨૦૦ના ભાગ રૂપે ઔપચારિક જાહેરાત તાજ પેલેસ, નવી દિલ્હી ખાતે આયોજિત પ્રતિષ્ઠિત **DGEMS** ૨૦૨૪ સમિટમાં કરવામાં આવી હતી. જે કેપ્ટન ટ્રેક્ટર્સના ઈનોવેશનમાં વૈશ્વિક નેતૃત્વ તરફની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

# ગુજરાત ટાઈટન્સે જૂનાગઢમાં જુનિયર ટાઈટન્સની બીજી સિઝન લોન્ચ કરી, આ પહેલ બાળકોમાં રમત પ્રત્યે પ્રેમ જગાવે છે

## ૨૦ સ્કૂલોના ૧,૦૫૦ બાળકોએ 'Lª's Sport Out' થીમની ઈવેન્ટમાં ભાગ લીધો






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

ગુજરાત ટાઈટન્સે જૂનાગઢમાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ જ્ઞાનબાગ ખાતે જુનિયર ટાઈટન્સની બીજી સિઝનનો પ્રારંભ કર્યો હતો. ગુજરાત ટાઈટન્સની પહેલ જુનિયર ટાઈટન્સ એ **'Lª's Sport Out'**ની થીમ સાથે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં આઉટડોર સ્પોર્ટ્સ માટે પ્રેમ જગાવવા માટે સમર્પિત છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ બાળકોને ફરીથી રમતના મેદાનમાં પાછા લાવવાનો છે જેથી તેઓ ઘરની બહાર રમાતી રમતોનું મહત્વ જાણી શકે છે અને ખેલદિલીની સાચી ભાવના અપનાવી શકે. આ કાર્યક્રમને પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો. ૧૫ ખાનગી અને પાંચ સરકારી સ્કૂલો સહિત સમગ્ર શહેરની ૨૦ સ્કૂલો તરફથી ૧,૦૫૦થી વધુ બાળકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ગુજરાત ટાઈટન્સના સીઓઓ કર્નલ અરવિંદર સિંહે જણાવ્યું હતું કે જુનિયર ટાઈટન્સનો ઉદ્દેશ બાળકોમાં રમતો પ્રત્યે જુસ્સો જગાવવાનું અને તેમને આઉટડોર સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનું છે. અમે જૂનાગઢમાં જુનિયર ટાઈટન્સની બીજી સિઝનનો પ્રારંભ કરી રહ્યા છીએ ત્યારે તેને મળેલા નોંધપાત્ર પ્રતિસાદથી અમે આનંદિત છીએ. જુનિયર ટાઈટન્સ થકી અમે બાળકો ઉપર અર્થપૂર્ણ પ્રભાવ પાડવા માટે આતુર છીએ. આ કાર્યક્રમ દરમિયાન બાળકોએ અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો જેમાં રસપ્રદ વોર્મ અપ એક્ટિવિટી, **LALIGA** માસ્ટરક્લાસ, ગુજરાત ટાઈટન્સની ગૌરવશાળી ક્ષણો નિહાળવી અને ફન ક્વિઝ સમાવિષ્ટ હતી. તેમણે ફિટનેસ એક્સરસાઈઝ, ફેસિંગ ધ બોલિંગ મશીન, હીટિંગ ધ સ્ટમ્પ્સ, બોલિંગ અને પેનલ્ટી કિક જેવી રોમાંચક ચેલેન્જીસમાં પણ ભાગ લીધો હતો. ટોચની સ્પેનિશ ફૂટબોલ લીગ **LALIGA** આ પ્રોગ્રામની બીજી સિઝન માટે પણ તેનો સહયોગ ચાલુ રાખ્યો હતો અને આ કાર્યક્રમોમાં ફૂટબોલ વર્કશોપ્સ યોજી હતી. હાલ ચાલી રહેલી સિઝનમાં જાપાનની સૌથી લોકપ્રિય બ્રાન્ડ્સ પૈકીની એક પોકેમોન પણ જોવા મળી છે અને તેણે બાળકોને તેમના પ્રિય પોકેમોન પાત્રોને મળવાની તક આપી છે. બાળકો આકર્ષક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે છે અને જુનિયર ટાઈટન્સ સાથે પોકેમોનની ભાગીદારીના ભાગરૂપે સુંદર મર્ચેન્ડાઈઝ ઘરે લઈ જઈ શકે છે. આ એડિશનમાં બિસ્લેરી બાળકોને પીવાનું પાણી પૂરૂ પાડી રહી છે જ્યારે એસજી જરૂરી સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ્સ પૂરા પાડશે. જુનિયર ટાઈટન્સ ગુજરાતના શહેરોમાં દર શનિવારે યોજવામાં આવશે. આ ઈવેન્ટ્સ ભાવનગર (૨૫ જાન્યુઆરી), ભરૂચ (૧ ફેબ્રુઆરી), પાલનપુર (૮ ફેબ્રુઆરી) અને અમદાવાદ (૧૫ ફેબ્રુઆરી)ના રોજ યોજાશે.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પાર્થ મનસુખલાલ કોરડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પાર્થ મનસુખભાઈ કોરડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પાર્થ મનસુખભાઈ કોરડીયા**

ફલેટ નં. ૪૦૩, શાસ્શ્વત રેસીડેન્સી પાસે,
હરીૐ નગર, ઝાંઝરડા રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ટીશીતા નિતલકુમાર પરમાર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ટીશીતા નિતલભાઈ પરમાર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**ટીશીતા નિતલભાઈ પરમાર**

૧૮૭ યોગેશ્વર પાર્ક, એસ.ટી. નં. ૫,
યુનિવર્સિટી રોડ, મોટા મવા - રાજકોટ-૩૬૦૦૦૫

# જૂનાગઢ જીલ્લા કક્ષાનો સ્વામીત્વ યોજનાનો કાર્યક્રમ વંથલીના ખુંભડી ગામ ખાતે પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરાની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન

## સ્વામીત્વ યોજના અમલીકરણમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે : ગ્રામીણ વિસ્તારમાં પ્રોપર્ટી કાર્ડથી લોન અને અન્ય નાણાકીય લાભો સરળતાથી મળી રહ્યા છે : પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા






## જૂનાગઢ જીલ્લાના ૪૪૮ ગામોનો સ્વામિત્વ યોજનામા સમાવેશ, અત્યાર સુધીમાં ૧૬૩ ગામોનું પ્રોમલગેશન પૂર્ણ કરી ૧૮૫૮૧ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ

જૂનાગઢ, તા.૨૦

સ્વામીત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડ વિતરણનો સમારોહ જૂનાગઢ જિલ્લા કક્ષાનો વંથલી તાલુકાના ખુંભડી ગામે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

મંત્રીએ પ્રાસંગિક ઉદબોદન કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં કુલ ૩૩ જિલ્લાઓના કુલ ૧૩,૭૧૪ ગામોમાં ડ્રોન સર્વે તેમજ ૬૮૫૯ ગામોમાં પ્રોમલગેશન અન્વયેની કામગીરી પૂર્ણ કરી ૧૧,૮૩,૬૦૬ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવેલ છે. તેમજ સમગ્ર રાજ્યમાં તેમજ સ્વામિત્વ યોજના અંતર્ગત બીજા તબક્કામાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ત્યારે ગુજરાત રાજ્યમાં કુલ ૨૦ જિલ્લાઓના ૪૧૫ ગામોમાં કુલ ૬૪૦૨૯ પ્રોપર્ટી કાર્ડનુ વિતરણ આજે થનાર છે.સ્વામીત્વ યોજના અંતર્ગત જૂનાગઢ ખાતે કુલ ૪૪૮ ગામોનું સમાવેશ કરવામાં આવેલ છે. જે પૈકી તમામ ગામોમાં ડ્રોન ફલાઈટ અન્વયેની કામગીરી પૂર્ણ કરી અત્યાર સુધીમાં કુલ ૧૬૩ ગામોનું પ્રોમલગેશન પૂર્ણ કરી ૧૮૫૮૧ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવેલા છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રોપર્ટી કાર્ડથી લોન તેમજ અન્ય નાણાકીય લાભ મેળવવા પણ સરળ બની ગયા છે. પ્રોપર્ટી કાર્ડથી ગ્રામીણ વિસ્તારોમાં પણ શહેરોની જેમ નકશા સાથેનો એક દસ્તાવેજ પણ મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી મહત્વકાંક્ષી સ્વામિત્વ યોજના ગામડાના સશક્તિકરણ માટેની નવીન પહેલ છે. ગ્રામીણ વિકાસ થકી વિકસિત ભારતનો સંકલ્પ સિદ્ધ કરવાનું સાકાર થશે. આ પ્રસંગે મંત્રી ધારાસભ્ય જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ, પદાધિકારીઓ, જૂનાગઢ જિલ્લા કલેકટર સહિતના મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી,સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા એ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમના આરંભે સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ લેન્ડ રેકર્ડ ચરણસિંહ ગોહિલે પ્રસંગિક પ્રવચન અને સ્વામિત્વ યોજના વિશે માહિતગાર કર્યા હતા. આભાર વિધિ વંથલી પ્રાંત અધિકારીશ્રીએ કરી હતી.જ આ પ્રસંગે ધારાસભ્ય દેવાભાઈ માલમ, જૂનાગઢ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મુકેશભાઈ કણસાગરા, વંથલી તાલુકા પંચાયતના પ્રમુખ, ખુંભડી ગામના સરપંચ, જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા , જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, આસિસ્ટન્ટ કલેકટર એશ્વર્યા દુબે, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ, ગ્રામજનો અને લાભાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના આરંભે નશા મુક્તિના અને સ્વચ્છતાના શપથ લીધા હતા.કાર્યક્રમના અંતે મંત્રી તેમજ મહાનુભાવોના હસ્તે એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ પ્રાથમિક શાળાના પ્રાંગણમાં હાથ ધરાયું હતું.

# ડો. સુભાષ યુનિવર્સિટી ખાતે Sciensium 2025 મેગા સાયન્ટીફીક મોડલ એકઝીબીશ યોજાયું






જૂનાગઢ, તા.૨૦

ડો. સુભાષ યુનિવર્સિટી ડીસ્ટ્રીકટ એજયુકેશન ઓફીસ જૂનાગઢ અને કોમ્યુનીટી સાયન્સ સેન્ટર જૂનાગઢના સંયુકત ઉપક્રમે Sciensium 2025 મેગા સાયન્ટીફીક મોડલ એકઝીબીશનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૨૦થી વધુ શાળાઓ અને કોલેજના ૩૦૦ થી વધુ સ્પર્ધકોએ જોડાયા હતા.

આધુનિક સમયને ધ્યાનમાં રાખી વિવિધ શ્રેણીના વિદ્યાર્થીઓ દ્વારા મેડીકલ સાયન્સ, એન્વાયરોન્મેન્ટ, ગ્રીન કેમેસ્ટ્રી, બાયોટેકનોલોજી, કવોન્ટમ કોમ્પ્યુટર અને રોબોટીકસ વગેરેના વર્કીંગ મોડલ રજૂ કર્યા. આ ઉપરાંત ઓરલપ્રેઝન્ટેશન, પોસ્ટર પ્રેઝન્ટેશન, કવીઝ, સાયટુન્સ, સાઈરીલ્સ અને નેચરલ ફોટોગ્રાફી જેવી સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા. અલગ અલગ સ્પર્ધાઓના વિજેતાઓને એક લાખ રૂપિયા સુધીના કેશ પ્રાઈઝ પણ ડો.સુભાષ યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે રમેશભાઈ જાવીયા ઉપસ્થિત રહ્યા અને કાર્યક્રમની શોભા વધારી. Sciensium 2025માં શાળાઓ અને કોલેજના સંચાલકો, આચાર્યો અને શિક્ષકોએ હાજરી આપી અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો. તેમજ કાર્યક્રમ દરમ્યાન હાઈ કવોલીટી, ડીજીટલ માઈક્રોસ્કોપનું ડેમોસ્ટ્રેશન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું. કાર્યક્રમને સફળ બનાવવા બદલ સ્કુલ ઓફ સાયન્સ ડો. સુભાષ યુનિવર્સિટીની ટીમને પ્રો. વોસ્ટ ડો. દીપક પટેલ, પ્રમુખ રાજભાઈ ચાવડા અને જવાહરભાઈ ચાવડા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા.

# જૂનાગઢ શહેર અને જીલ્લા કક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ યોજાયો

## ૬ થી ૫૯ વર્ષના વય જુથનાં ઝોનની ૨૩ કૃતિઓ માં બહોળી સંખ્યા કલા મહાકુંભમાં ભાઈઓ બહેનોએ ભાગ લીધો






જૂનાગઢ, તા.૨૦

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર આયોજીત, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ સંચાલીત જૂનાગઢ શહેર અને જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ કાર્મેલ કોન્વેન્ટ સ્કુલ, જૂનાગઢ ખાતે યોજાયો. આ ઉદ્દઘાટન કાર્યક્રમનાં અધ્યક્ષ જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુમ્મર તથા કેશોદ ધારાસભ્ય દેવાભાઈ માલમ, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, જિલ્લા શિક્ષણાધકારી લતાબેન ઉપાધ્યાય, જિલ્લા યુવા વિકાસ અધિકારી નિતાબેન વાળા, જિલ્લા રમત વિકાસ અધિકારી ભુસણકુમાર યાદવ, કાર્મેલ કોન્વેન્ટ સ્કુલ પ્રિન્સીપાલ સિસ્ટર ક્યારાની ઉપસ્થિતિ માં યોજાયો. આ તકે કાર્યક્રમનાં અધ્યક્ષ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુમ્મરે કલા રસિકોને અને ખાસ આટલી બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો તે માટે પોતાની ખુશી વ્યક્ત કરી અને હાર અથવા જીત બન્ને માંથી શીખ લેવા અનુરોધ કર્યો હતો. તેમજ જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાનએ કલાકારોને ગરબા, રાસ, લોકનૃત્ય જેવી વિવિધ કલાઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં સાહિત્ય, કલા, નૃત્ય, ગાયન, વાદન, અભિનયના ૦૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષના વય જુથનાં ઝોનની કૃતિઓના (વકતૃત્વ, નિબંધ લેખન, ચિત્રકલા, ભરતનાટ્યમ, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્નગીત, સમુહગીત, લોકગીત/ભજન, તબલાં, હારર્મોનિયમ (હળવું) કુલ ૨૩ કૃતિઓ માં બહોળી સંખ્યામાં ભાઈઓ બહેનો એ ભાગ લીધો.

# જૂનાગઢ જીલ્લામાં વિદેશી નાગરીકો, વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓની ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત

## આઈ.વી.એફ.આર.ટી પ્રોજેક્ટ હેઠળ હોટેલ, ગેસ્ટ હાઉસ, અતિથી ગૃહ સહિત યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસોના સંચાલક-માલિકે વિદેશી નાગરિકોની ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે

જૂનાગઢ, તા.૨૦

હોટેલ, ગેસ્ટહાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુંઓ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મહાઉસ, તથા રિસોર્ટ, પી.જી. સ્કુલો-કોલેજો, યુનિવર્સિટી અને હોસ્પિટલોમાં વિદેશી નાગરીકો જુદા-જુદા કારણસર આવી આ સ્થળોએ થોડો સમય રોકાણ કરી પરત જતા રહેતા હોઈ છે. તેઓએ ક્યાં ક્યાં સ્થળે જઈ ક્યાં રોકાણ કરેલ છે તેમજ તેમની મુલાકાતનુ સાચુ કારણ જાણી શકાય તેવી સચોટ તેમજ અસરકારક વ્યવસ્થા હાલમાં ઉપલબ્ધ નથી. વધુમાં આ તમામ સ્થળોએ તેઓની વિગત લાંબા સમય સુધી રાખવામાં આવતી નથી. સમાન પ્રકારે વિદેશી નાગરીકો આવા સ્થળોએ રોકાણ કરી જિલ્લા- રાજયની હોસ્પિટલોમાં તબીબી સારવાર લેતા હોઈ છે. તેમજ જુદી-જુદી કોલેજો અને યુનિવર્સિટીમાં પણ વિદેશી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી અભ્યાસ કરતા હોઈ છે.

આ બાબતનો લાભ કોઈ પણ આતંકવાદી કે રાષ્ટ્રદ્રોહી પ્રવૃતિમાં સંકળાયેલ તત્વો લઈ શકે તેમ છે. આતંકવાદી કે રાષ્ટ્રવિરોધી તત્વો દેશમા સંવેદનશીલ જગ્યાઓનો સર્વે કરી માહિતી લઈ દેશવિરોધી પ્રવૃતીઓમાં ઉપયોગ કરી શકે તેવી શક્યતા નકારી શકાય નહી. જેથી વિદેશી નાગરીકો ક્યાં કારણથી ભારત આવી ક્યાં ક્યાં સ્થળોએ મુલાકાત લીધેલ, રોકાણની વિગતો, ક્યાથી પરત ગયા, મુલાકાતનું સાચુ કારણ વગેરે વિગતો મેળવી શકાય તેમજ ગતીવિધી ઉપર નજર રાખી શકાય તે માટે ભારત સરકાસ દ્વારા આઈ.વી.એફ.આર.ટી.'' (ઈમિગ્રેશન, વિઝા અને ફોરેનર્સ રજીસ્ટ્રેશન તથા ટ્રેકિંદ) પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટને દરેક દેશની એસમ્બલીઓ સાથે જોડી વિદેશી નાદરીકોની તમામ કાર્યવાહી સરકાર દ્વારા ઓનલાઈન કાર્યરત કરવામાં આવેલ છે. જેથી ઉક્ત સ્થળો ઉપર અમુક નિયંત્રણો મુકવા જરૂરી હોવાથી જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં ઉપરોક્ત સ્થળોએ વિદેશી નાગરીકો, વિદ્યાર્થીઓ કે, મુલાકાતી આવે ત્યારે આ પ્રોજેક્ટ હેઠળ ઓનલાઈન જોઈ શકાય તે માટે www. indianfrro. gov.in/frro વેબસાઈટ પર જરૂરી નોંધણી કરવા તથા આનુસંગિક સૂચનાઓની અમલવારી માટે અધિક નિવાસી કલેકટર એન.એફ.ચૌધરીએ જાહેરનામુ બહાર પાડ્યું છે.

જાહેરનામા મુજબ આઈ.વી.એફ.આર.ટી. ''(ઈમીગ્રેશન, વિઝા અને ફોરેનર્સ રજીસ્ટ્રેશન તથા ટ્રેકીંગ) પ્રોજેક્ટ હેઠળ હોટેલ, ગેસ્ટ હાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથી ગૃહ, વિશ્રામ ગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળાઓ, મુસાફરખાનાઓ, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસો, ફાર્મ હાઉસ તથા રિસોર્ટ, પીજી સ્કુલો-કોલેજો, યુનિવર્સિટી અને હોસ્પિટલોના સંચાલક/ માલિક પ્રથમ www. indianfrro. gov.in/ frro વેબસાઈટ ઉપર રજીસ્ટર થયા તેનો યુજર આઈડી પાસવર્ડ જે તે સંસ્થા/માલિક તેમની પાસે રેકર્ડમાં રાખવાનું રહેશે તથા તેઓ રજીસ્ટર થયા તે અંગેની જાણકારી એસ.ઓ.જી. ઓફિસ, ઝાંઝરડા રોડ ખાતે મોકલી આપનાની રહેશે. જ્યારે જ્યારે વિદેશી નાગરીકો ઉક્ત સ્થળોએ આવે ત્યારે સંબંધિત સંસ્થા/સંચાલક દ્વારા www. indianfrro. gov.in/ Form C વાબસાઈટ પર જે તે સંસ્થા માલિક દ્વારા તેમની સંસ્થાને અગાઉ રજીસ્ટર કરવામાં આવેલ છે. તે યુજર આઈડી અને પાસવર્ડથી લોગઓન થઈ ફોર્મ-સી માં જે તે વિદેશી નાગરીકની તમામ સાચી વિગતો ભરી, ફોટો તેમજ અન્ય દસ્તાવેજ અપલોડ કરી માહિતી સેવ કરી તેની પ્રિંટઆઉટ કઢાવી અને તેમાં જરૂરી જે તે સંસ્થા/માલિકના સહી સિક્કા કરી જે તે રેકર્ડમાં એક નકલ રાખવી અને ઓ.સી.જી. કચેરી, ઝાઝરડા રોડ જૂનાગઢ ખાતે માકલી આપવાની રહેશે. જૂનાગઝ જિલ્લામાં આવેલ તમામ સ્કૂલો/ કોલેજો, યુનિવર્સિટીઓમાં જ્યારે વિદેશી વિદ્યાર્થીઓ કે ફેકલ્ટી આવે ત્યારે સંબંધીત સંસ્થા/સંચાલકો દ્વારા www. indianfrro. gov.in/frro/Form A વેબસાઈટ ઉપર જે તે સંસ્થા/ માલિક દ્વારા તેમની સંસ્થાને અગાઉ રજીસ્ટર કરવામાં આવેલ છે. તે યુજરઆઈડી અને પાસવર્ડથી લોગઓન થઈ ફોર્મ-એ માં જે તે વિદેશી વિદ્યાર્થીઓની તમામ સાચી વિગતો ભરી, ફોટો તેમજ અન્ય દસ્તાવેજ અપલોડ કરી, માહિતી સેવ કરી તેની પ્રિંટઆઉટ કઢાવી અને તેમાં જરૂરી જે તે સંસ્થા માલિકના સહિ સિક્કા કરી, જે તે સંસ્થાને રેકર્ડમાં એક નકલ રાખવી અને એક નકલ ઓ.સી.જી. કચેરા ઝાંઝરડા રોડ જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. અજાણ્યા વિદેશી વિજીટર્સનું બુકિંગ કરાવનાર વ્યક્તિ, કંપની, સંસ્થા કે વેપારી પેઢી વગેરેના પુરા નામ સરનામાં ટેલિફોન નંબર સહીતના નક્કર અધિકૃત પુરાવા મેળવવાના રહેશે. વિદેશી મુસાફરો જે વાહનમાં આવેલ હોય તે વાહનનો પ્રકાર-મેન્યુફેકચર કંપનીનુ નામ, ટુ વ્હિલ- ફોર વ્હિલ રજીસ્ટર નંબરની નોંધ મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટરમા નોંધવાના રહેશે. હોટલમાં આવનાર વિદેશી મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક એસ.ઓ.જી. શાખાના ટેલિફોન નં. ૦૨૮૫-૨૬૩૫૧૦૧ તથા મો.૭૫૭૫૦ ૬૧૧૦૧ અથવા સ્થાનિક પોલીસ અથવા તો પોલીસ કન્ટ્રોલ રૂમ, જૂનાગઢના ટેલિફોન નં.૦૨૮૫-૨૬૩૦૬૦૩ તથા મો.૯૫૧૨૨ ૧૧૧૦૦ ૫૨ જાણ કરવાની રહેશે. આ જાહેરનામુ તાત્કાલિક અસરથી તા.૨-૩-૨૦૨૫ સુધી અમલમાં રહેશે અને તેનો ભંગ કરનાર સામે BNS, ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# લોઢવા કન્યા પ્રા. શાળાના સ્થાપના દિન-૨૦૨૪-૨૫ની ઉજવણી

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા. ૨૦



લોઢવા કન્યા પ્રા. શાળામાં તેમના ૩૬માં સ્થાપના(જન્મ) દિવસની હર્ષભેર ઉજવણી શાળા પરિવાર દ્વારા વાર્ષિક ઉત્સવ ૨૦૨૪-૨૫ ના રૂપમાં કરવામાં આવી. મુખ્ય મહેમાન તરીકે શાળાની SMCના અધ્યક્ષ સહિત તમામ સભ્યો હતા.અને તેઓએ આ ૩૫ વર્ષમાં શાળાએ શૈક્ષણિક, ભૌતિક અને ભૌગોલિક રીતે જે પ્રગતિમાં હરણફાળ કરી છે.તેની વાતો કરી અને હાલ અત્રેની નવપલ્લવિત રૂપમાં ઉભરતી શાળાની ગૌરવગાથાનું વર્ણન કરેલ અને હજી પણ જે સુવિધાઓ બાકી છે તેના માટે ચર્ચા કરેલ ત્યારબાદ અગાઉના આયોજન મુજબ બાળકોને વિવિધ રમતો રમાડી ને તેમાં દરેક રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓને ઈનામ આપવામાં આવ્યું. ડિસેમ્બર માસમાં કરેલ શ્રીમદ ભગવત ગીતા શ્લોક સ્પર્ધા ધોરણ ૫ થી ૮ માં ધોરણ વાઈઝ પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરને સરપ્રાઈઝ ઈનામ આપેલ.આજના દિવસે તમામ બાળકો તથા મહેમાનોને એક સરખું મેનુમાં પાઉભાજીનું ભોજન સાથે લીધેલ. આ રીતે શાળાની વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, SMC સભ્યો અને આમંત્રિત મહેમાનોએ સાથે મળી શાળાના સ્થાપના દિવસની ઉજવણી કરી.અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં સિંહફાળો આપનાર શાળાનો સ્ટાફ, વિદ્યાર્થીનીઓ અને સ્હ્રસ ટીમનો શાળાના આચાર્ય અને જીસ્ઝ ખૂબ ખૂબ આભાર વ્યક્ત અભિનંદન પાઠવ્યા હતા.

# ખંભાળિયામાં જીલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

જામ ખંભાળિયા, તા.૨૦ : ખંભાળિયામાં આવેલી જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતીની બેઠક યોજાઈ હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઈન્ચાર્જ જિલ્લા કલેકટર એ.બી. પાંડોરની અધ્યક્ષતામાં યોજાયેલી સંકલન સમિતિની આ બેઠકમાં ધારાસભ્યના પડતર પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી અધિકારીઓ પાસેથી જવાબો લેવાયા હતા. આ બેઠકમાં સિંચાઈ, પાણી પુરવઠો, વીજ વિભાગ, માર્ગ અને મકાન, આરોગ્ય, રેલવે સહિતના વિવિધ વિભાગોના પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી પડતર પ્રશ્નો તાકીદે પૂર્ણ કરવા તેમજ યોગ્ય પ્રત્યુતર પાઠવવા સૂચના આપવામાં આવી હતી. નાગરિકની સમસ્યાઓને અગ્રતા આપી તાકીદે નિરાકરણ લાવવા અધિકારીઓ તથા કર્મચારીઓને સૂચનો આપ્યા હતા. સાથે જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં વીજ સમસ્યા, ટ્રાફિક વ્યવસ્થાપન, રોડ સેફ્ટી, જમીન માપણી જેવા વિવિધ મુદ્દે વિગતવાર સમીક્ષા કરી યોગ્ય કાર્યવાહી કરવા ઈન્ચાર્જ કલેકટર દ્વારા સૂચનો અપાયા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# જમ્મુ-કાશ્મીરમાં મેળ વગરનું ગઠબંધન

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાનું એ કથન વિપક્ષી ગઠબંધનના ઘટકો વચ્ચેની ખાઈને રેખાંકિત કરે છે કે, આઈએનડીઆઈએને ભંગ કરી દેવું જોઈએ. તેઓએ આ ટીપ્પણી આઈએનડીઆઈએના નેતાઓના તે નિવેદનના સંદર્ભમાં કરી કે ગઠબંધ તો ફકત લોકસભા ચૂંટણી માટે જ હતું. નિઃસંદેહ આ નિવેદન દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસની વચ્ચે સર્જાતી ખાઈને અનદેખી કરવાના ઈરાદે કરાયું હતું.

જો કે સૌ જાણે છે કે લોકસભા ચૂંટણી બાદ આઈએનડીઆઈએના ઘટકોએ જમ્મુ-કાશ્મીર, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી સાથે મળીને લડી હતી. હરિયાણા તેમાં અપવાદ રહ્યું હતું. કારણ કે કોંગ્રેસે આમ આદમી પાર્ટી સાથે મળીને ચૂંટણી લડવાનો ઈક્કાર કરી દીધો હતો. આ જ કામ આપ પાર્ટીએ દિલ્હીમાં કર્યુ, કારણ કે તે રાજધાનીને પોતાનો ગઢ માને છે. કોંગ્રેસ પણ દિલ્હીની પોતાની રાજનીતિક જમીન છોડવા તૈયાર નથી. કારણ કે તેણે લાંબા સમય સુધી અહીં શાસન કર્યુ હતું.

કોંગ્રેસ એ પણ જાણે છે કે દિલ્હીમાં આમ આદમી પાર્ટી પ્રત્યે કોઈપણ પ્રકારનું નરમ વલણ દાખવવામાં આવશે તો તે પોતાની બચેલી રાજનીતિક જમીન પણ ગૂમાવી દેશે, જે પ્રકારે અન્ય રાજયોમાં જોવા મળ્યું હતું. એ પણ એક તથ્ય છે કે આઈએનડીઆઈએના મોટાભાગના ઘટક કોંગ્રેસની મત બેંક પર કબજો કરીને ઉભર્યા છે. જો કોંગ્રેસ ગઠબંધન ધર્મના નામ પર સહયોગી દળો માટે મેદાન ખાલી કરતું રહેશે તો જે થોડા ઘણા રાજયોમાં તેની પ્રભાવી ઉપસ્થિતિ છે ત્યાં પણ કમજોર પડી શકે છે.

આઈએનડીઆઈએનાઘટક દળ એ વાતથી પણ પરિચિત છે કે જો તેઓએ પોતાના ગઢ વિસ્તારમાં કોંગ્રેસ પ્રત્યે ઉદારતા દાખવી તો તેમની મત બેંકને કોંગ્રેસ પોતાની તરફે કરી શકે છે, જે અગાઉ આ દળોએ કોંગ્રેસ પાસેથી ખૂંચવી લીધી હતી. વાસ્તવમાં આ વિરોધાભાસના કારણે આઈએનડીઆઈએ એક મેળ વગરનું ગઠબંધન છે. એમ સમજવું જોઈએ કે કોંગ્રેસ અને તેના સાથી દળો એક-બીજાના સ્વાભાવિક સહયોગી નથી. તેઓ વચ્ચેની ભાગીદારી માત્ર ભાજપને હરાવવા માટેની છે. કારણ કે તે સિવાય આ ગઠબંધન પાસે અન્ય કોઈ નકકર ઉદ્દેશ નથી. આથી જ તેઓ વચ્ચે કોઈ નીતિગત સ્પષ્ટતા પણ નથી.

સ્પષ્ટતાના અભાવની વચ્ચે આઈએનડીઆઈએ પોતાના માટે કોઈ ન્યુનતમ કાર્યક્રમ તૈયાર કરી શકયું નથી. આગામી સમયમાં તેના અણસાર પણ નથી. કારણ કે હવે નેતૃત્વને લઈને ખેંચતાણ શરુ થઈ ચૂકી છે. આગામી દિવસોમાં આઈએનડીઆઈએમાં મતમતાંતર વધુ વધવા સાથે અગાઉના સમયના વિપક્ષી ગઠબંધનો જેવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે. ભૂતકાળમાં ત્રીજા કે ચોથા મોરચાના નામ પર અનેકવાર વિપક્ષી એકતાના પ્રયાસો થયા હતા. પરંતુ તેઓ એક સીમાથી આગળ વધી શકયા નહતા. કોઈપણ ગઠબંધનની સફળતા માટે એ જરુરી છે કે નેતૃત્વ કરનાર દળનું પ્રભુત્વ હોય, જે આઈએનડીઆઈએમાં નથી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીગનરના IIPH ખાતે “હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદ”નો પ્રારંભ

## ભારતે કોરોના કાળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૧૦૦થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ





(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત વસુધૈવ કુટુમ્બકમની ભાવના ઉજાગર કરીને વિશ્વ મિત્ર તરીકે ઉભરી આવ્યું છે. કોરોના મહામારીના વિકટ સમયમાં ૧૦૦થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને ભારતે પોતાની વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદેશ મંત્રાલયના પોલિસી પ્લાનિંગ અને રિસર્ચ ડિવિઝનના નેજા હેઠળ રાજ્ય સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર દ્વારા આયોજિત “હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદ”નો પ્રારંભ કરાવ્યો હતો. આ સંવાદનો મુખ્ય હેતુ ગ્લોબલ સાઉથ દેશોમાં ભારતીય નીતિઓ અને શ્રેષ્ઠ પ્રણાલીઓના સંભવિત યોગદાન ઉપર ચર્ચા-મંથન કરવાનો છે. આરોગ્ય સુરક્ષા સુધારવા, ગરીબી ઘટાડવા અને સમાનતા વધારવા માટે ગ્લોબલ સાઉથ દેશો વચ્ચે પરસ્પર સહયોગ સહિતના વૈશ્વિક આરોગ્ય મુદ્દાઓ પર આ સંવાદમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત ગ્લોબલ સાઉથના દેશોમાં જેનેરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તેમજ ફાર્મસી રેગ્યુલેશન વર્કમાં સહયોગ પૂરો પાડી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સ્વાસ્થ્ય સંબંધી જટિલ સમસ્યાઓ વધી રહી છે તેના સમાધાન માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે. આ વૈશ્વિક પડકારો અને તેના સમાધાનરૂપે ભારતની બેસ્ટ પ્રેક્ટીસીસને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા માટે આ સંવાદને મુખ્યમંત્રીશ્રીએ યોગ્ય માધ્યમ ગણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પાછલા દસ વર્ષોમાં આરોગ્ય ક્ષેત્રે દેશમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. દરેક વ્યક્તિને ઉત્તમ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ તે માટે પ્રિવેન્ટિવ હેલ્થ કેરને પ્રોત્સાહન, ગામડાઓમાં આધુનિક આરોગ્ય સુવિધાઓ, શહેરોમાં મેડિકલ કોલેજ અને રિસર્ચ સંસ્થાઓની સ્થાપના જેવા મુદ્દે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં એકસાથે કામ થઈ રહ્યું છે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. વડાપ્રધાનએ ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ સુદ્રઢ કરી છે તે અંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈના માર્ગદર્શન અને વિઝનનો લાભ ગુજરાતને પાછલા ૨૩ વર્ષોથી મળી રહ્યો છે.

રાજ્યમાં હાલમાં આયુષ્માન આરોગ્ય મંદિરથી લઈને મેડિકલ કોલેજ અને અત્યાધુનિક હોસ્પિટલ્સ મળીને અગિયાર હજારથી વધુ સ્વાસ્થ્ય સંસ્થાઓ લોકોની આરોગ્ય સુખાકારી માટે કાર્યરત છે. મુખ્યમંત્રીએ ગુજરાતની આરોગ્ય ક્ષેત્રની સિદ્ધિઓ વર્ણવતા કહ્યું હતું કે, ભારત સરકારની થિંક ટેક સંસ્થા નીતિ આયોગના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સમાં ગુજરાત સતત બે વર્ષોથી “સારૂ સ્વાસ્થ્ય અને સુવિધાઓ”ની શ્રેણીમાં પ્રથમ ક્રમે છે. આરોગ્ય ક્ષેત્રે પાયાની સુવિધાઓ સાથે ગુજરાત આજે મેડિકલ ટૂરિઝમના હબ તરીકે વિકસી રહ્યું છે. રાજ્ય સરકારના આ પ્રયાસોના કારણે ગુજરાતના મેડિકલ ટૂરિઝમનો વિકાસ દર ૩૩ ટકા વધ્યો છે. આ વિકાસ દર રાષ્ટ્રીય સ્તરે મેડિકલ ટૂરિઝમ વિકાસ દર કરતા ૧૩ ટકાથી વધારે છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ સંવાદ વૈશ્વિક સ્તરે મેડિકલ તેમજ સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ સાથે સંકળાયેલા તમામ પડકારોના સમાધાન માટે મહત્વપૂર્ણ વિચાર-વિમર્શનો મંચ બનશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની આરોગ્ય વ્યવસ્થાઓ વિશ્વસ્તરીય બની છે. આરોગ્ય ક્ષેત્રે પણ સંશોધન કરતી એક અલાયદી સંસ્થાનો વિચાર બીજ પણ IIPH સ્વરૂપે નરેન્દ્ર મોદીએ જ રોપ્યો હતો જેનો મુખ્ય ઉદ્દેશ IIT , IIM જેવી સંસ્થાનું નિર્માણ કરવાનો હતો. આજે IIPH એ આરોગ્ય ક્ષેત્રે તેના સંશોધન કાર્ય થકી સમગ્ર દેશમાં નામના મેળવી છે તેમ મંત્રીએ કહ્યું હતું. બાળ મૃત્યુદર ,માતા મૃત્યુદર, બિનચેપી રોગોના અટકાવ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈ સિવિલ હોસ્પિટલ સુધીની માળખાકીય સુવિધાઓનું સુદ્રઢ માળખું આજે ગુજરાતની ઓળખ બન્યું છે. જેના પરિણામે જ નીતિ આયોગ દ્વારા જાહેર થતાં આરોગ્ય વિષયક SDG ઈન્ડેક્સમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે રહ્યું છે. રાજ્યના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કોલેજ કાર્યરત કરવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવી રાજ્યના દુર્ગમ, પહાડી દૂરદરાજના વિસ્તારોમાં વસતા નાગરિકોને પણ સતત શ્રેષ્ઠતમ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સરકાર પ્રયાસ રત હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ સિવિલ મેડિસિટીનું જોયેલું સ્વપ્ન પૂર્ણતાના આરે છે એમ જણાવી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં ઝોન પ્રમાણે મેડિસિટી નિર્માણ કાર્ય આરંભાયુ હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું. રાજયમાં ઉપલબ્ધ ગુણવત્તા યુક્ત અને વિશ્વ સ્તરીય આરોગ્ય સેવાઓના પરિણામે જ આજે રાજ્યના મેડિકલ ટુરીઝમ માં સતત વધારો થઈ રહ્યો છે. આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ સહિતના ક્ષેત્રમાં ગુજરાતના સર્વાંગીણ વિકાસના પરિણામે વર્ષ ૨૦૪૭ પહેલાં જ ગુજરાત સમગ્ર દેશમાં મોડલ સ્ટેટ તરીકે ઉભરી આવશે તેઓ ભાવ મંત્રીએ વ્યક્ત કર્યો હતો. હેલ્થ ડિપ્લોમસી જેવા વિષય ઉપર સંવાદનું આયોજન કરવા બદલ અભિનંદન આપતા મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સના IFS અધિકારી કજરી વિશ્વાસે જણાવ્યું હતું કે, ભારત આરોગ્ય ક્ષેત્રે હર હંમેશ આગળ રહ્યું છે. આપણા દેશે ટેકનોલોજીના વિકાસની સાથે સાથે આયુર્વેદ, યોગ અને હોમિયોપેથી જેવી પ્રાચીન પદ્ધતિઓને પણ અપનાવ્યું છે. કોવિડ જેવી વૈશ્વિક મહામારીમાં સ્વદેશી વેકસીન બનાવીને ભારતે વિશ્વ આખાને અચરજમાં મુક્યું હતું. ૨૨૦ની યજમાનીમાં પણ ભારતના આરોગ્ય ક્ષેત્રનું ઉત્તમ પ્રદર્શન પુરા વિશ્વએ જોયું છે. કોવિન જેવી એપલીકેશનની વિશ્વ આખાએ નોંધ લીધી છે. આ પ્રસંગે IIPHGના નિયામક ડો. દીપક સક્સેનાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે IIPHGની પ્રેરણા ઉપરાંત જાહેર સ્વાસ્થ્યને સુદ્રઢ બનાવવા માટેનું પાયારૂપ IIPHGનું માળખું ઊભું કરવા માટે જરૂરી સહકાર અને પીઠબળ પૂરૂ પાડવા બદલ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. નિયામકએ ઉપસ્થિત સૌને IIPHGની વિશેષતાઓ અને સિદ્ધિઓ અંગે પણ વિસ્તૃત સમજ આપી હતી. સાથે જ તેમણે બે દિવસીય “હેલ્થ ડિપ્લોમેસી પ્રોગ્રામ”ની પણ વિગતો આપી હતી. હેલ્થ ડિપ્લોમસી સંવાદના ઉદ્ગાટન સમારંભમાં પર્યટન વિભાગના સચિવ રાજેન્દ્ર કુમાર, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી, IIPHGના ડિરેક્ટર દિપક સક્સેના, IIPHGના રજિસ્ટાર ડો. અનિષ સિન્હા તથા પાર્ટનર કન્ટ્રીના એમ્બેસેડર, વિવિધ દેશોનાં પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

# દ્વારકા વિસ્તારમાં ઓપરેશન ડિમોલિશનનો બીજો તબક્કો પૂર્ણ : આઠ દિવસમાં ૫૨૫ દબાણો દૂર કરાયા

જામ ખંભાળિયા તા.૨૦

દેશના પશ્ચિમના છેવાડાના તથા અતિ પવિત્ર અને પ્રાચીન એવા દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં વધી ગયેલા અનઅધિકૃત અતિક્રમણ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા લાલ આંખ કરી અને આવા ગેરકાયદેસર દબાણો ધ્વસ્ત કરવા સ્થાનિક તંત્રને આપવામાં આવેલી સૂચનાને અનુલક્ષીને ગત તારીખ ૧૧ જાન્યુઆરીથી ઓખા મંડળમાં શરૂ થયેલું આ ઓપરેશન શનિવારે આઠમા દિવસે મહદ અંશે પૂર્ણ થયું છે. જાહેર કરવામાં આવેલી વિગત મુજબ આઠ દિવસના સમયગાળામાં નાના-મોટા કુલ ૫૨૫ દબાણો દૂર કરી અને ૧.૨૮ લાખ ચોરસ મીટર સરકારી જગ્યાને ખુલ્લી કરવામાં આવી છે. દ્વારકાના પ્રાંત અધિકારી અમોલ આવટેના વડપણ હેઠળ હાથ ધરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશમાં શનિવારે સવારે દ્વારકાના ખારા તળાવ વિસ્તારમાં એક દરગાહ દ્વારા સરકારી જમીન પરનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું. દ્વારકાના સનસેટ પોઈન્ટ વિસ્તારના સુન્ની મુસ્લિમ આમ જમાત ઈદગાહ વિસ્તારમાં કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યાર બાદ મીઠાપુર નજીક આવેલા આરંભડા સ્થિત અન્ય એક ધર્મ સ્થળ સહિતની જગ્યાઓ પણ ખુલ્લી કરાવાઈ હતી. ગઈકાલે રવિવારે કોઈપણ દબાણો દૂર કરાયા ન હતા.

**આઠ દિવસમાં રૂા.૭૩.૨૫ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ**

દેવભૂમિ દ્વારકા વિસ્તારમાં તંત્ર દ્વારા કરવામાં આવેલી ડિમોલિશન અંગેની કાર્યવાહી સંદર્ભે દ્વારકાના પ્રાંત અધિકારી અમોલ આવટેએ વિગતો આપતા જણાવ્યું છે કે તા. ૨૩ ડિસેમ્બરથી દ્વારકા વિસ્તારમાં અનધિકૃત દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. જે ત્રણ તબક્કામાં શનિવારે પૂર્ણ થઈ છે. આ કામગીરીમાં દ્વારકા નગરપાલિકા, ઓખા નગરપાલિકા તેમજ જિલ્લા પ્રશાસનનો ૧૧૦ કર્મચારીઓનો સ્ટાફ તેમજ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય અને તેમની ટીમ સાથે ૧૦૦૦ જેટલા પોલીસ તંત્રના જવાનોએ સુરક્ષા વ્યવસ્થા જાળવી હતી. જેના પરિણામે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો અને તમામ કામગીરી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે. આઠ દિવસના આ સમયગાળામાં વિવિધ રહેણાંક મકાનો, કોમર્શિયલ તેમજ ધાર્મિક સહિત ૫૨૫ દબાણ હટાવવામાં આવ્યા છે જેના પરિણામે કુલ રૂપિયા ૭૩.૨૫ કરોડની બજાર કિંમત ધરાવતી કુલ ૧,૨૭,૯૧૭ ચોરસ મીટર સરકારી-ગૌચરની જમીન ખુલ્લી કરાવવામાં આવી છે.

# મિશાલ ભાટિયા પ્રસ્તૃતિ "પુરુષાર્થમ" કાર્યક્રમ યોજાયો



૧૮ જાન્યુઆરી સાંજે ૭.૩૦ વાગ્યે મિશાલ ભાટિયા પ્રસ્તુતિ "પુરુષાર્થમ": મિશાલ આર. ભાટિયા ૧૬ વર્ષથી વધુ સમયનો અનુભવ ધરાવતા એક ગાયક અને સંગીતકાર છે. તેમની સંગીતમય પ્રસ્તૃતિ "પુરુષાર્થમ" માં પુરુષોના ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્યના વારંવાર અવગણવામાં આવતા વિષય પર ઊંડાણપૂર્વક ચર્ચા કરે છે. આ પ્રસ્તૃતિ એ મહિલાઓની વાર્તાઓ રજુ કરે છે જે પોતાના જીવનમાં પુરુષોની ચર્ચા કરે છે, અને પુરુષો પર મૂકવામાં આવતા સામાજિક દબાણ અને અપેક્ષાઓ પર પ્રકાશ પાડે છે. આ પ્રસ્તૃતિમાં રજુ કરવામાં આવ્યુ છે કે પુરુષોને કઈ રીતે વારંવાર હલકામાં લેવામાં આવે છે, નાનપણથી જ તેમને જવાબદારીઓ સંભાળવા માટે સમર્થ માનવામાં આવે છે. જેના કારણે તેઓ પોતાની લાગણીઓ અને ભાવનાઓને દબાવે છે અને પોતાની પિડા અન્ય લોકો સમક્ષ રજુ કરવામાં સંકોચ અનુભવે છે. "પુરુષાર્થમ"નો ઉદ્દેશ્ય એ રૂઢિવાદી માનસિકતાને પડકારવાનો અને પુરુષો પોતાની લાગણીઓ, સમસ્યાઓ અને પડકારો ખુલ્લા મને વ્યક્ત કરી શકે તેવી સ્થિતીને સામાન્ય બનાવવાનો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જેના આધારે બીજા ઘણા લોકો જીવી જાય એ મનુષ્ય જ ખરા અર્થમાં જીવે છે.

- વિષ્ણુ શર્મા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. રજજબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ વદ-૬, તા.૨૦ જાન્યુઆરી ૨૦૨૫, સોમવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૧૯, હસ્ત નક્ષત્ર, સુકર્મા યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૩૬, સૂ.અ.૬:૨૯

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ એ ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર દ્વારા સ્થાપિત યુ.એન.એમ ફાઉન્ડેશનની એક પહેલ

અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ એ ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર દ્વારા સ્થાપિત યુ.એન.એમ ફાઉન્ડેશનની એક પહેલ છે, જે સ્થાન, મર્યાદા (શારીરિક અને વ્યક્તિગત) અને સામાજિક ભેદભાવ વગર કલા ને દર્શકો સુધી પહોંચાડીને તેને સામાજિક રચનાનો એક અભિન્ન ભાગ બનાવવાનો પ્રયત્ન કરે છે. તેમાં આર્થિક રીતે તમામ વર્ગના લોકો માટે પ્રવેશ નિઃશુલ્ક છે.

અભિવ્યક્તિનું વિઝન અને મિશન ઉભરતી પ્રતિભાઓની ઓળખ કરવી, તેમને સમર્થન આપવું અને તમામ શૈલીના કલાકારોને શહેરીજનો સમક્ષ પોતાની હસ્તકલા રજુ કરવા માટે યોગ્ય મંચ પુરો પાડવાનો છે. અભિવ્યક્તિમાં નૃત્ય, સંગીત, ચિત્રકામ, ફોટોગ્રાફી, ઈન્સ્ટોલેશન અને રંગમંચથી માંડીને અસંખ્ય કલા સ્વરૂપોનો સમાવેશ થાય છે. અભિવ્યક્તિનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય ગુણવત્તાયુક્ત કલાને લોકો સુધી તદ્દન નિઃશુલ્ક પહોંચાડવાનો છે. કલા પ્રેમીઓ કાર્યક્રમની રૂપરેખા અને અન્ય માહિતી માટે **www.abhivyaktiart.org** પર લોગ ઓન કરી શકે છે અથવા ૭૦૬૯૧૦૪૪૪૪/૭૦૬૯૧૦૫૫૫૫ નંબર ઉપર ફોન કરી શકે છે. તમામ લોકો માટે પ્રવેશ નિઃશુલ્ક છે.

# વેરાવળમાં મણીબેન કોટક હાઈસ્કૂલમાં રમોત્સવ ઉજવાયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૦

વેરાવળમાં મણીબેન કોટક હાઈસ્કૂલમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી અંતર્ગત રમોત્સવની ઉજવણી કરાયેલ જેમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા સાંસ્કૃતિક વિભાગ(ગુજરાત સરકાર)માંથી પધારેલા મિહિરભાઈ કોડીયાતર તથા શિવભાઈ, પ્રેમભાઈ તેમજ શાળાના આચાર્ય બી.ટી.ઉનડકટ સહીત સમગ્ર સ્ટાફ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી અંતર્ગત રમોત્સવની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૨૦-૦૧-૨૦૨૫ થી ૨૬-૦૧-૨૦૨૫ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સમય દરમિયાન જીવનમાં વિશેષ આનંદ રહે. આરોગ્ય બાબતે કાળજી રાખવી હિતાવહ. પ્રવાસ ટાળવો, જૂના સ્નેહિઓથી મિલન-મુલાકાતમાં સફળતા રહે. મનની નિર્ણાયક શક્તિમાં ચંચળતા રહે જેથી અગત્યના નિર્ણયો લેવામાં સમસ્યા રહે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. જમીન, મકાન, વાહનને લગતા કાર્યોમાં સફળતા મળે. રચનાત્મક કાર્યોમાં સફળતા મળે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ધીરજ રાખવી હિતાવહ, ક્રોધ પર કાબુ રાખવો. અધ્યાત્મિક કાર્યોમાં અભિરૂચિ રહે. નવા સંબંધો બંધાય, આર્થિક આયોજનમાં સફળતા મળે, ગૃહજીવનનો લગતા કાર્યોમાં વધારો થાય. રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે અશાંતિ રહે. શત્રુ વર્ગથી સાવચેતી રાખવી.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન સારા-નરસા અનુભવોમાંથી પસાર થવું પડે. હરિફ વર્ગ તમારી યશ-પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડે અને વાતાવરણ બગાડવા પ્રયત્ન કરે તેમ છતા તે ફાવે નહીં. સંતાન માટે ખર્ચનો પ્રસંગ બને. ભાગીદારથી મનદુઃખ રહે. જીવનસાથીથી મુશ્કેલી રહે પણ ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું. તન, મન, ધનથી કાર્ય કરશો તો લાભમાં રહેશો.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન બેચેનીભર્યું વલણ રહે. માનસિક થાક અનુભવાય. આર્થિક સ્થિતિ સારી રહી. વધારાની આવકને ભવિષ્ય માટે રોકાણ કરવાથી લાભદાયી રહે. જીવનસાથીની પ્રગતિથી હર્ષ થાય. કૌટુંબિક વલણ સ્વમાનભર્યું રહે છતાં અહમમાં ન રહેવું નહિંતર નુકશાનકારી સાબિત થાય. પેટની તકલીફ અને પાચનતંત્ર ન બગડે તેની સાવધાની રાખવી.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ નોકરી વ્યવસાયમાં અત્યંત પ્રગતિકારક રહે. ધાર્મિક, માંગલિક કાર્યોમાં પ્રગતિ થાય. વિરોધીઓ કાર્યક્ષેત્ર બગાડવા પ્રગતિશીલ રહે છતાં તેઓને સફળતા ન મળે. પારિવારીક જીવનમાં હર્ષોલ્લાસનું વતાવરણ રહે. શેર-સટ્ટા વગેરેથી દૂર રહેવું નહિંતર આર્થિક નુક્શાનીના ભોગ બની જવાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિકક્ષેત્રે સમસ્યારૂપ બનનારા સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. નાણાકીય બાબતો કે જામીનગીરીની બાબતોમાં સાવચેતી જરૂરી બને. જીવનસાથી સાથે મતભેદ રહે. ધીરજથી કુનેહપૂર્વકનું વર્તન કરવું.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન આકસ્મીક પ્રવાસ થાય, કાર્યબોજમાં વધારો થાય. નાણાંકીય રીતે ધીરે-ધીરે પ્રગતિથતી જોવા મળે. મનમાં ગુપ્ત મુંઝવણ અનુભવાય. જીવનસાથીનો સહકાર મળે. આરોગ્ય સંભાળવું. ખાન-પાનમાં પરેજ રાખવી.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન કોઈ નવું સાહસ ન કરવું હિતાવહ. આવક-જાવક સરભર રહે. મહેનતનું શુભ ફળ મેળવી શકાશે છતાં નાણાંકીય વ્યવહારોમાં સાવધાની રાખવી. બદલી કે બઢતીના યોગ છે. મનમાં ચંચળતા અનુભવાય. ગૃહજીવનમાં ક્લેશ ન સર્જાય તે જોવું. સાસરા પક્ષ દ્વારા લાભ થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન કાર્યક્ષેત્ર પ્રગતિકારક રહે તેમ છતાં આ સમય દરમિયાન વધુ લાભને અટકાવે તેવી પરિસ્થિતિ ન સર્જાય તેની કાળજી રાખવી. એકંદરે આર્થિક સ્થિતિ સારી રહે. મનપસંદ ખરીદી થાય. ધંધાદારી માટે લાભદાયી સમય રહે. ભાગીદારીથી દૂર રહેવું, નોકરીયાત માટે શ્રેષ્ઠ સમય, સ્વાસ્થય સામાન્ય રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સમય દરમિયાન તમને કાર્યમાં સફળતા મળે. ધંધાકીય ક્ષેત્રે નાણાંકીય ખર્ચ વર્તાય, પરંતુ કાર્ય અટકે નહીં. વધુ પડતા માલનો ભરાવો કરવો નહીં. અવિવાહિત વર્ગના વિવાહ-લગ્નમાં રૂકાવટ આવે. પત્નીની ઘેર-હાજરીના કારણે ઘર અસ્તવ્યસ્ત થઈ જાય. મહત્વના કાર્યો કરી શકશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન તમારી રચનાત્મક પ્રવૃત્તિઓ અત્યંત વેગવંતી બનવા લાગે, તમે સેવેલી આશા ફળદાયી નીવડે, મનમાં ચંચળતાનો અનુભવ થતો લાગે તેમજ આર્થિક સમસ્યા રહે. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યાપાર-ધંધાના ક્ષેત્રમાં કાળજી રાખવી જરૂરી છે. લાંબા સમયથી વણઉકેલ્યા પારિવારીક પ્રશ્નોનો ઉકેલ આવે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

વ્યર્થ ઉદાસી ઘેરી ન વળે તેની તકેદારી રાખજો. નાણાંકીય ક્ષેત્રે તમારી આવક-જાવક સરભર રહે. મોજ-શોખને લગતા વ્યર્થ ખર્ચ ન થાય તેની સાવચેતી રાખવી. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી સાથે મતભેદમાં ન ઉતરવું અન્યથા નુકશાનીના ભોગ બનવું પડે.

# ઉદ્ધવના પક્ષમાં ઉઠવા લાગ્યા વિરોધના સુર ટીકાકારો કહી રહ્યા છે કે, પક્ષ કોંગ્રેસ જેવો બની ગયો છે



મુંબઈ, તા.૨૦

ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના એક વરિષ્ઠ નેતાએ એવી તીખી ટકોર કરી હતી કે અમારો પક્ષ કોંગ્રેસ જેવો બની ગયો છે. સિનિયર ધારાસભ્ય અને વિધાનસભામાં ઉદ્ધવ શિવસેનાના નેતા ભાસ્કર જાદવે બે દિવસ પહેલા રત્નાગીરી જિલ્લાના અને આસપાસના વિસ્તારોના પક્ષના હોદ્દેદારો સાથે યોજાયેલી બેઠકમાં પક્ષની કામગીરી અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. હોદ્દેદારો સાથેની બેઠકમાં ભાસ્કરે એવું જણાવ્યું હતું કે એવું બોલવું નિરાશાજનક છે પરંતુ કહેવું પડે છે કે આપણો પક્ષ કોંગ્રેસ જેવો થતો જાય છે અને થઈ ગયો છે. જે કામ નથી કરતા એવા હોદ્દેદારો અને નેતાઓને બદલી નાખવાની આપણે હિંમત બતાવતા નથી. સિનિયર નેતાઓ અને હોદ્દેદારોના સૂચનો કોઈ સાંભળતું નથી. મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ થવાની છે એવામાં ભાસ્કરના આ પ્રકારના વિધાનો ઉદ્ધવ ઠાકરે માટે પરેશાની સમાન અને એમને શરમાવે એવા છે. ઉદ્ધવ ઠાકરેના નજીક ગણાતા પૂર્વ સાંસદ વિનાયક રાવત અને પક્ષના અન્ય નેતા સંજય કદમ બેઠકમાં હાજર હોવા છતાં હિંમત કરીને ભાસ્કર જાદવે એવું પણ કહ્યું હતું કે પક્ષના તમામ પદ અધિકારીઓ માટે એક ચોક્કસ કાર્યકાળની મુદત નક્કી થવી જોઈએ એટલે એમને નિમણૂક થાય ત્યારે જ કેટલો સમય હોદ્દા પર રહેવું છે રહેવાનું છે એ સમય ગાળો નક્કી થઈ જવો જોઈએ. ભાસ્કરે આગળ જણાવ્યું કે એ ત્યારે જ થઈ શકે ત્યારે આપણે આપણા ખોટા પગલા ઉપર પુર્નઃ વિચારણા કરીએ તો જ આપણે જે ખોટું થયું છે તેનો સુધારો લાવી શકીએ તેમ છીએ. જો આવું કરીએ તો સંગઠન વધુ મજબૂત થશે અને આવનારી ચૂંટણીઓમાં આપણી ભૂમિકા મહત્વપૂર્ણ બનશે. ભાજપ આજે આપણને હિન્દુત્વના પાઠ ભણાવી રહ્યો છે પણ એ તો માત્ર બાળાસાહેબ ઠાકરે જ હતા જેવો શક્તિશાળી કોંગ્રેસની સામે ઊભા રહી ગયા હતા. ભાસ્કરે એવું પણ કહ્યું કે પક્ષના કાર્યકરો સંગઠનને મજબૂત બનાવવા ખૂબ મહેનત કરવા માટે તૈયાર અને ઉત્સુક છે પરંતુ કમનસીબી એ છે કે જે લોકો પૈસા આપે તેની જય હિમાયત પક્ષના નેતા કરે છે. જો નેતા પ્રમાણિક હોય તો જ કાર્યકરો મહેનત કરશે કેમ કે શિવસેના એક આગ છે અને ક્યારેક આપણે પણ આગની પથારી ઉપર ચાલવું પડે છે. દરેક હોદ્દેદાર કે પદાધિકારી પક્ષને જવાબદાર રહે તે કરવું જરૂરી છે. જાદવે એવી માંગણી કરી હતી કે જે લોકો કોઈ કામ કર્યા વિના એક એક દાયકા કે તેના કરતાં વધુ સમયથી પોતાના હોદ્દાઓ ઉપર ચીટકીને બેઠા છે એમને દૂર કરવા જોઈએ. માત્ર ૧૫૦ મતદારો જે ગામમાં હોય ત્યાં ત્રણ શાખા પ્રમુખની ક્યાં જરૂર હોય છે? એ અંગે પણ આપણે પુર્નઃ વિચારણા કરવી જોઈએ અને હકીકતે દરેક હોદ્દેદારનો કાર્યકાળ ત્રણ વર્ષથી વધુ સમય માટેનો ન હોવો જોઈએ. શિવસેના ઉદ્ધવનું નેતૃત્વ ભાસ્કરના વિધાનોથી જરાય રાજી થયું નથી. સાંસદ સંજય રાઉતે એવી પ્રતિક્રિયા આપી હતી કે પક્ષની નેતાગીરી ભાસ્કરે વ્યક્ત કરેલી ચિંતાઓ અને મુદ્દાઓ ઉપર વિચારણા જરૂર કરશે પરંતુ આજે એવો સમય છે જ્યાં એ જરૂરી છે કે શું કહેવું અને શું ન કહેવું એ સમજવું જોઈએ અને પોતે શું કહી રહ્યા છે તેની તેમને જાણ હોવી જોઈએ. તેમણે કહ્યું કે પક્ષનું નેતૃત્વ ભાસ્કર જાદવ સાથે પણ ચર્ચા વિચારણા કરશે પરંતુ એક સિનિયર નેતાની રૂએ આપણે જવાબદારી અને સંયમ સાથે વાત કરવી જોઈએ અને બોલવું જોઈએ. પક્ષની આંતરિક કાર્ય પદ્ધતિ વિશે જાહેરમાં ભાસ્કર બોલ્યા તેનાથી તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. ચીપલુનની બેઠકમાં હાજર પૂર્વ સાંસદ વિનાયક રાવતે એવું જણાવ્યું હતું કે ભાસ્કરના વિધાનો વિશે ગંભીરતાથી જોવાની કેવી વિચારવાની જરૂર નથી. તેમણે હોદ્દેદારો માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવાનું જે સૂચવ્યું એ સારૂ સૂચન છે. આ વિશેર તો ખુદ પક્ષના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પણ વિચારણા કરી રહ્યા છે.

# GPSCની પરીક્ષામાં આન્સર કી સામે વાંધા સૂચનો માટે હવે ભરવી પડશે ફી

અમદાવાદ, તા.૨૦

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષામાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા બાદ આન્સર કીમાં જણાતા વાંધા સૂચનો રજૂ કરાય છે. આ પછી ફાઈનલ આન્સર કી જાહેર કરાય છે. ત્યારે હવે GPSCના ચેરમેન હસમુખ પટેલે પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનોની અરજીને લઈને નિવેદન આપી જણાવ્યું છે કે, 'હવે વાંધા સૂચનો માટે પરીક્ષાર્થીઓ પાસેથી ફી લેવાશે.' બીજી તરફ, હસમુખ પટેલના નિવેદન સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં રોષ ઠાલવીને નકારાત્મક પ્રતિક્રિયા આપી છે. GPSC દ્વારા જાહેર કરવામાં આવતી તમામ પરીક્ષાઓમાં પરીક્ષા લેવાયા બાદ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાય છે અને ત્યારબાદ આન્સર કીમાં જણાતા વાંધાઓ ઉમેદવારો રજૂ કરે છે. જેને ધ્યાનમાં રાખીને GPSCના ચેરમેન હસમુખ પટેલે નિવેદનમાં આપીને પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાનો નિર્ણય કર્યો છે. આ પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી કરવામાં આવશે. GPSCના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું છે કે, 'હવે તમામ પરીક્ષાઓની અંદર ઓનલાઈન માધ્યમથી વાંધા સૂચનો લેવાશે. જેમાં વાંધા સૂચનો રજૂ કરનારે એક પ્રશ્નદીઠ ૧૦૦ રૂપિયા ફી ભરવાની રહેશે. ભૂતકાળમાં વાંધા સૂચનો માટે ફી લેવામાં આવતી ન હોવાના કારણે એક જ પ્રશ્નને લઈને ઘણા બધા ઉમેદવારો વાંધા સૂચનો રજૂ કરતા હતા. જેના કારણે વધુ ફિઝિકલ મટિરિયલ હેંડલ કરવાનું થતું અને ભરતી પ્રક્રિયામાં વિલંબ થતો હતો. જેને ધ્યાનમાં રાખીને આ પ્રકારનો નિર્ણય કરાયો છે.'GPSC દ્વારા પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાના નિર્ણય સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં નકારાત્મક પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયામાં એકે પ્રતિક્રિયા આપી કે, 'વાંધા અરજી માટે રૂા.૧૦૦ ફી લો એનો વાંધો નહીં. પણ જો પ્રશ્નમાં ભૂલ છે એ સાબિત થયું તો સામે વિદ્યાર્થીઓને રૂા.૨૦૦ પાછા આપશો ?' જ્યારે અન્ય એક એસ્પીરન્ટે પોસ્ટ કરી કે, 'GPSCએ ધંધો ખોલ્યો છે. સંમતિ ભરવામાં ૫૦૦ રૂપિયા, વાંધા અરજી કરવાના ૧૦૦ રૂપિયા, કાલે કદાચ નોકરી લાગવાની ફી જાહેર કરશે.કે નોકરી લાગ્યા બાદ નોકરી લેવી હોય તો પ્રથમ પગાર આયોગને જમા કરાવો.' એક એસ્પીરન્ટે વાંધા અરજીમાં ફી ન લેવાનું કહીને લખ્યું કે, 'જો વાંધા અરજી કરવા ફી ભરવી પડતી હોય તો જેને પેપર સેટ કર્યું એને પણ દંડની જોગવાઈ હોવી જોઈએ.




# CBSE દ્વારા નવા શૈક્ષણિક વર્ષથી પેરેન્ટિંગ કેલેન્ડર તૈયારમાં આવશે

અમદાવાદ, તા.૨૦

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે બોર્ડ દ્વારા નોટિસ બહાર પાડી સમિતિની રચના કરવામાં આવી હોવાની સત્તાવાર જાહેરાત કરી છે. ૧૦ સભ્યોની કમિટી પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરીને ૧૫ માર્ચ સુધીમાં બોર્ડને સુપરત કરશે અને ત્યારબાદ નવા શૈક્ષણિક વર્ષથી તેનો અમલ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા શિક્ષણ ક્ષેત્રમાં સુધારા માટે અનેક પ્રયાસો કરવામાં આવે છે. જેમાં વધુ એક પગલું ભરતા નવા શૈક્ષણિક વર્ષથી પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવાનો નિર્ણય કરાયો છે. આ માટે બોર્ડ દ્વારા ૧૦ સભ્યોની કમિટીની રચના કરી છે, જેને પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવા અને તેનો અમલ કરાવવા માટેની જવાબદારી સોંપવામાં આવી છે. આ કમિટીમાં દેશની જુદીજુદી શાળાના પ્રિન્સીપાલનો સમાવેશ કરવામાં આવ્યો છે. પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ શાળાકીય શિક્ષણમાં વિદ્યાર્થીઓથી જોડાયેલા પ્રશ્નો ઉપર શિક્ષક અને વાલી વચ્ચે સતત વાર્તાલાપ થાય તે છે. જેના માટે એક સેતુ તૈયાર કરવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી નોટિસ અનુસાર, હાલમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લગતા બે મહત્વના પ્રશ્નો છે. જેમાં પરીણામ અને તેમના વર્તનમાં ફેરફારનો સમાવેશ થાય છે. બોર્ડ દ્વારા પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવા માટે કમિટીને જે જવાબદારી સોંપવામાં આવી છે તેને ત્રણ ભાગમાં વહેચવામાં આવી છે. જેમાં પેરેન્ટિંગ કેલેન્ડર માટે બોર્ડ દ્વારા આયોજિત ઓનલાઈન તેમજ ઓફલાઈન બેઠકમાં હાજરી આપવાની રહેશે. આ ઉપરાંત CBSE કન્વિનર સાથે સતત થનારી મિટીંગમાં લેવાનારા નિર્ણયમાં સહયોગ આપવાનો રહેશે. તેમજ પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

# માનવ વસ્તી ધરાવતા પિરોટન ટાપુ સહિતના ૧૧ દરિયાઈ ટાપુ ઉપર પ્રવેશ થયો પ્રતિબંધિત

જામનગર,તા.૨૦

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લામાં કુલ ૧૧ દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ ઉપર માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ નિર્જન ટાપુઓ ઉપર ધાર્મિક જગ્યાઓ પણ આવેલ છે. જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવરજવર કરે છે. આ ટાપુઓ ઉપર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સહેલાઈથી આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પૂરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.એન. ખેર દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ ઉપર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પ્રવાસીઓને પિરોટન ટાપુ ઉપર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. જાહેરનામું તા.૧૦.૩.૨૫સુધી અમલમાં રાખવાના નિર્દેશો જારી કરાયા છે. આ જાહેરનામા અનુસાર પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ ટાપુઓની વિગત જોઈએ તો ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, અનનોન-એ ટાપુ અને અનનોન-બી ટાપુ - આ બધા ટાપુઓ ઉપર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# ગુજરાતીઓને આગામી દિવસોમાં ઠંડીમાંથી આંશિક રાહત મળશે

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં ઠંડીને લઈ હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સમયમાં રાજ્યમાં લોકોને ઠંડીથી રાહત મળશે અને ૩ દિવસ તાપમાન ૨થી ૩ ડિગ્રી સુધી ઊંચકાશે સાથે સાથે રાજ્યમાં પવનની દિશા ઉત્તરથી ઉત્તર પૂર્વ તરફની રહેશે. હવામાન વિભાગની આગાહી અનુસાર અમરેલીમાં સૌથી ઓછું ૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે,૫ શહેરનું લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે નોંધાયું છે.આજે વહેલી સવારથી ભારે ઠંડી અને પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી, પવનની ગતિમાં વધારો થતા ઠંડીનું જોર વધ્યું છે બીજી તરફ પવન ૧૫ થી ૨૦ કિમીની ઝડપે ફૂંકાઈ રહ્યો છે તેમાં પણ સુધારો આવી શકે છે. પવનની ગતિ ૫ થી ૧૦ કિમીની ઝડપની રહેશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે તો બે દિવસ બાદ ઠંડીથી આંશિક રાહત રહેશે હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદને લઈ કોઈ આગાહી કરવામાં આવી નથી..,લઘુત્તમમાં વધુ પરિવર્તન નહિ થાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થવાની શક્યતા છે, જેને પગલે ઠંડીનો પારો ૧૩ ડિગ્રી સુધી ગગડવાની આગાહી કરવામાં આવી છે, જે આ સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઈ શકે એમ છે. કારણ કે, આ સિઝનમાં અત્યાર સુધીમાં લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીના નીચે ગયું નથી.છેલ્લા બે દિવસથી ઉત્તર ભારતમાં બરફ વર્ષા શરૂ થઈ છે, જેને પગલે તાપમાન ફ્રીઝિંગ પોઈંટ ઉપર છે. આ ઉપરાંત સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઉત્તર-પૂર્વ દિશા તરફથી બર્ફીલા પવનો ફૂંકાવાના શરૂ થતાં અચાનક તાપમાનમાં ઘટાડો થયો છે.

# વસ્તી ગણતરી દસ્તક દઈ રહી છે ત્યારે સાવધાની જરૂરી

અમદાવાદ તા.૨૦

આ નવા વર્ષમાં, દેશમાં પ્રથમ વખત ડિજિટલ વસ્તી ગણતરીનું કાર્ય આગળ વધવાની અપેક્ષા છે. દસ વર્ષના અંતરાલ કે સમયગાળા મુજબ, વસ્તી ગણતરી ૨૦૧૧ પછી ૨૦૨૧માં થવી જોઈતી હતી. પરંતુ તે શક્ય ન હતું કારણ કે સમગ્ર વિશ્વ ૨૦૨૦ અને ૨૦૨૧માં કોવિડ રોગચાળા સામે લડી રહ્યું હતું. ભારત પણ તેની પકડમાં હતું. આવી સ્થિતિમાં, વસ્તી ગણતરીની તૈયારીઓ મુલતવી રાખવામાં આવી હતી. ૨૦૨૨માં પણ કોવિડ અંગેનું વાતાવરણ રહ્યું, પછી સંસદીય ચૂંટણીઓ આવી, જેમાં વસ્તી ગણતરી કરનારા સરકારી કર્મચારીઓને મોટી સંખ્યામાં ભેગા થવું પડ્યું. ૨૦૨૪માં જ્યારે વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ત્રીજી વખત સત્તામાં આવી, ત્યારે વસ્તી ગણતરી થવાની આશા હતી. આ વખતે વસ્તી ગણતરી જૂની ભૂલોને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરવામાં આવશે. પીએમ મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકાર જૂની ભૂલોને સુધારીને પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરીની તૈયારીમાં વ્યસ્ત છે, નવી વસ્તી ગતણરીમાં જે ફોર્મની કલ્પના કરવામાં આવી રહી છે તે એક રેકોર્ડ હશે. એક એવો રેકોર્ડ જે હંમેશા ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ રહેશે, જેથી તેનો ઉપયોગ કોઈપણ સમયે વિચારણા હેઠળની કોઈપણ યોજનામાં થઈ શકે. કોઈપણ વર્ગ કે જૂથના કદ, ભૌગોલિક વિતરણ, લૈંગિક માળખું અને સામાજિકઆર્થિક સ્થિતિનો આવો ડિજિટલ રેકોર્ડ, જે ભારતના સામાજિક માળખાનું સંપૂર્ણ ચિત્ર દર્શાવી શકે છે. નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૧૪છ હેઠળ, બધા નાગરિકોની નોંધણી અને રાષ્ટ્રીય ઓળખ કાર્ડ જારી કરવા ફરજિયાત છે. રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર એટલે કે NPRનો ઉદ્દેશ્ય આ કરવાનો છે. આ વસ્તી ગણતરી એક રાષ્ટ્ર-એક ચૂંટણીને પહેલ માટે પણ પગથિયા રૂપ રહેશે એમ જાણકારો કહી રહ્યા છે. વસ્તી ગણતરીમાં એકત્રિત કરવામાં આવેલી ડિજિટલ માહિતી મતવિસ્તારની સીમાઓ નક્કી કરવા અને સામાજિક જૂથો અને મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાનો આધાર બનશે. આ જરૂરી છે કારણ કે વસ્તી નિયંત્રણને પ્રોત્સાહન આપવા માટે ૪૨મા બંધારણીય સુધારા અધિનિયમ (૧૯૭૬) દ્વારા ૨૦૦૦ સુધીમાં સીમાંકન કરવામાં આવ્યું હતું. ૮૪મા સુધારા અધિનિયમ (૨૦૦૨) દ્વારા આ મોરેટોરિયમ ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યું. જો પ્રસ્તાવિત વસ્તી ગણતરી ટૂંક સમયમાં શરૂ થશે, તો તેનો રેકોર્ડ ૨૦૨૬માં બહાર પાડવામાં આવશે. લાંબા સમયથી, સામાજિક જૂથો અને મહિલાઓ માટે બેઠકોની અનામત જૂની અને અપૂર્ણ માહિતી પર આધારિત હતી, જેને ડિજિટલ વસ્તી ગણતરી પછી વધુ સંગઠિત સંગ્રહમાં (ડેટાબેઝ) બદલવામાં આવ્યું છે. આ ડેટાબેઝ ઘણા હેતુઓ પૂરા કરશે અને જનતા માટે પણ ઉપયોગી થશે. તે જન્મથી લઈને શિક્ષણ, રોજગાર અને આવકવેરા સુધીની નીતિઓ નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વિપક્ષ ભાજપ ઉપર નિશાન સાધી રહ્યો છે કે તે અનામતની વિરૂદ્ધ છે, ભલે ભાજપે અનામત અંગે આપેલ વચન કેટલું મજબૂત છે. એનો ખ્યાલ તો ભવિષ્યમાં જ આવશે પરંતુ જે રીતે ભાજપની સરકારો સામે પક્ષપાતના આક્ષેપો થતાં રહ્યા છે અને અમુક ચોક્કસ પ્રકારના વર્ગોમાં તેની પ્રત્યે સંદેહ કે અવિશ્વાસ છે એ વાસ્વતિકતામાં ન બદલે એનું ધ્યાન સૌએ રાખવું પડશે. કારણ કે આ વખતની વસ્તી ગણતરીનો ડેટા અગાઉની તમામ વસ્તી ગણતરીઓ કરતાં અનેકગણો પરફેક્ટ હશે. કેમ કે બદલાતા સમયની તાસીર સાથે ડિજિટલ યુગમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ અને ડિજિટલ યુગમાં બધું ખૂબ જ ઝડપથી અને ચોક્કસાઈ પૂર્વક થાય છે ત્યારે આ ચોક્કસ ડેટાના આધારે પ્રજાના કોઈ ચોક્કસ વર્ગને નિશાન બનાવીને તેને વિકાસથી વંચિત ન રખાય એનું ખાસ ધ્યાન સરકાર સહિત સૌએ રાખવું જ રહ્યું.

# ચૂંટણી આચાર નિયમોમાં સુધારાને પડકારતી કોંગ્રેસની અરજી ઉપર સુપ્રીમ કોર્ટ દ્વારા નોટિસ જારી

## નોટિસ જારી કરીને CJI સંજીવ ખન્ના અને સંજયકુમારની બેન્ચે આ મામલે કેન્દ્ર સરકાર અને ECI પાસેથી જવાબ માંગ્યા



નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે વરિષ્ઠ કોંગ્રેસ નેતા જયરામ રમેશ દ્વારા ચૂંટણી આચાર નિયમો, ૧૯૬૧માં સુધારાને પડકારતી અરજીની તપાસ કરવા સંમતિ આપી, જે CCTV ફૂટેજ જેવી ચૂંટણી સામગ્રી સુધી જાહેર પહોંચને પ્રતિબંધિત કરે છે સિવાય કે ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા તે સ્પષ્ટ રીતે સૂચિબદ્ધ કરવામાં આવે. નોટિસ જારી કરીને CJI સંજીવ ખન્ના અને સંજય કુમારની બેન્ચે આ મામલે કેન્દ્ર સરકાર અને ECI પાસેથી જવાબ માંગ્યા. આ અરજી ૧૭ માર્ચથી શરૂ થતા અઠવાડિયામાં સુનાવણી માટે આગામી સૂચિબદ્ધ કરવામાં આવશે. ટોચની કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી તેમની અરજીમાં ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીના જનરલ સેક્રેટરીએ દલીલ કરી હતી કે ECIને ૧૯૬૧ના ચૂંટણી આચાર નિયમોમાં આટલી બેશરમ રીતે અને જાહેર પરામર્શ વિના એકપક્ષીય રીતે સુધારો કરવાની મંજૂરી આપી શકાતી નથી. રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ઉપર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે,'૧૯૬૧ના ચૂંટણી આચાર નિયમોમાં તાજેતરના સુધારાને પડકારતી એક રિટ સુપ્રીમ કોર્ટમાં હમણાં જ દાખલ કરવામાં આવી છે. મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવવા માટે જવાબદાર બંધારણીય સંસ્થા, ચૂંટણી પંચને એકપક્ષીય રીતે અને જાહેર પરામર્શ વિના આવા મહત્ત્વપૂર્ણ કાયદામાં આટલી બેશરમીથી સુધારો કરવાની મંજૂરી આપી શકાય નહીં,'. રાજ્યસભાના સાંસદ રમેશે ઉમેર્યું હતું કે ECIની ભલામણોને અનુસરીને ૨૧ ડિસેમ્બરે રજૂ કરાયેલ આ સુધારો 'ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક અને જવાબદાર બનાવતી આવશ્યક માહિતીની જાહેર ઉપલબ્ધતા'ને દૂર કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા ઝડપથી ખતમ થઈ રહી છે. આશા છે કે, સુપ્રીમ કોર્ટ તેને પુર્નઃ સ્થાપિત કરવામાં મદદ કરશે,'. આ સુધારાને દેખીતી રીતે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ચૂંટણી મથકના CCTV ફૂટેજ પ્રદાન કરવાના નિર્દેશની પ્રતિક્રિયા તરીકે જોવામાં આવ્યો હતો. અગાઉ, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને સુધારાની આકરી ટીકા કરી હતી અને તેને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ ઉપર અલોકતાંત્રિક હુમલો ગણાવ્યો હતો. X ઉપર એક પોસ્ટમાં સીએમ સ્ટાલિને કહ્યું હતું કે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર હેઠળ લોકશાહી તેના સૌથી ગંભીર ખતરોનો સામનો કરી રહી છે. પોતાનો વાંધો ઉઠાવતા તેમણે કહ્યું, ''ચૂંટણીમાં પારદર્શિતાને નબળી પાડવા માટે રચાયેલ ચૂંટણી આચાર નિયમોની કલમ ૯૩(૨)(a)માં અવિચારી સુધારો કરીને ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર હેઠળ લોકશાહી સૌથી ગંભીર ખતરોનો સામનો કરી રહી છે,.'' સીએમ સ્ટાલિને ઉમેર્યું કે આ પગલું બંધારણના મૂળભૂત પાસાઓમાંના એક એવી પારદર્શિતાને નબળી પાડે છે. તમિલનાડુના મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકાર સાથે જોડાયેલા પક્ષો સહિત તમામ રાજકીય પક્ષોને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ પરના અલોકતાંત્રિક હુમલા સામે એક થવા હાકલ કરી.

# એસટીની આઠ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત

અમદાવાદ તા.૨૦

GSRTC લાઈવ ટ્રેકિંગ એપ્લિકેશન દ્વારા મુસાફરો માટે બસનું લાઈવ ટ્રેકિંગ વધુ સરળ બન્યું છે. રાજ્યમાં GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનનો ૭.૫ લાખ જેટલા મુસાફરો ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાત એસ.ટીની ૮ હજારથી વધુ બસોમાં હાલમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત છે. ગુજરાત એસ.ટી નિગમમાં અનેક આમૂલ પરિવર્તન કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન' મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરી મુસાફરી કરી રહ્યા છે. GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનમાં મુસાફરો બસ નંબર અથવા PNR No. ની મદદથી બસનું લાઈવ લોકેશન જોઈ શકે છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં ''સ્વામિત્વ યોજના'' અંતર્ગત પ્રોપર્ટી કાર્ડના વિતરણનો કાર્યક્રમ યોજાયો

## પલાસા ગામની આસપાસના ૫ જેટલા ગામનાં ૯૭ જેટલા લોકોને સ્વામિત્વ કાર્ડનું વિતરણ

## સ્વચ્છતા અને નશામુક્તિ અંગેના સામૂહિક શપથ બાદ વડાપ્રધાનશ્રીનું વક્તવ્ય વર્ચ્યુઅલ માધ્યમથી નિહાળતાં ગ્રામજનો



સુરેન્દ્રનગર, તા.૨૦

સુરેન્દ્રનગર જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને વર્ચ્યુઅલ માધ્યમથી ''સ્વામિત્વ યોજના'' અંતર્ગત પ્રોપર્ટી કાર્ડ વિતરણ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ મૂળી તાલુકામાં શ્રી પલાસા પ્રાથમિક શાળા, પલાસા ગામ ખાતે યોજાયો હતો. જેમાં આસપાસના ૦૫ જેટલા ગામનાં ૯૭ જેટલા લોકોને સ્વામિત્વ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તકે ચોટીલા ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ પહેલના કારણે નાગરિકોને મિલકતના હક્ક સરળતાથી અને ઘર આંગણે જ મળી રહ્યા છે, અને સંપત્તિના હક્કો મેળવવા માટેની તેમની રઝળપાટ દૂર થઈ છે. આજે પદાધિકારીઓ અને ઉચ્ચ સરકારી અધિકારીઓ પણ માત્ર ઓફિસમાં બેસી ન રહેતા લોકો વચ્ચે જઈ તેઓના પ્રશ્નો સાંભળી યોગ્ય નિરાકરણ લાવી રહ્યા છે. છેવાડાના માનવી સુધી કલ્યાણકારી લાભો પહોંચે અને વિકાસના ફળો દરેક લોકો ચાખી શકે તે માટે હર હંમેશ પ્રયત્નશીલ રહી સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે જિલ્લા સમાહર્તા શ્રી કેયુર સી. સંપટે સ્વામિત્વ યોજના વિષે જાણકારી આપતા કહ્યું હતું કે, ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય, સર્વે ઓફ ઈન્ડિયા (SoI), રાજ્ય મહેસૂલ વિભાગ, રાજ્ય પંચાયતી રાજ વિભાગ અને રાષ્ટ્રીય માહિતી કેન્દ્રના સહયોગી પ્રયાસોથી "સર્વે ઓફ વિલેજિસ એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રુવાઈઝ્‌ડ ટેકનોલોજી ઈન વિલેજ એરિયાઝ "(SVAMITVA)" યોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજના થકી મિલકત સંબંધિત વિવાદો ઘટશે. તેમજ ગ્રામીણ વિસ્તારોમાં પ્રોપર્ટી અને પ્રોપર્ટી ટેક્સના વધુ સારા આકારણીની સુવિધા થકી ગ્રામ્ય વિસ્તારનું માળખું સુદ્રઢ બનાવી શકાશે. શહેરની માફક જ જે તે વ્યક્તિને પોતાની મિલકતના હક્કો અને સચોટ આધાર પુરાવો મળી રહેતા જરૂરિયાતના સમયે સરળતાથી બેંક લોન દ્વારા સંસ્થાકીય ધિરાણ પણ મેળવી શકશે. આ તકે જિલ્લા વિકાસ અધિકારી રાજેશ એમ. તન્નાએ પ્રસંગોચિત માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, અદ્યતન સર્વેક્ષણ ડ્રોન ટેકનોલોજી દ્વારા ગામડાઓમાં વસવાટવાળા વિસ્તારોમાં મકાનો ધરાવતા પરિવારોને 'અધિકારોનો રેકોર્ડ' પ્રદાન કરીને ગ્રામીણ ભારતની આર્થિક પ્રગતિને વધારવાના વિઝન સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા "સ્વામિત્વ યોજના" શરૂ કરવામાં આવી છે. આ કાર્ડ જમીન અને મકાનના સાચા માલિકને તેનો હક્ક પારદર્શી રીતે પૂરો પાડે છે. મિલકતને લઈને કુટુંબમાં વાદ-વિવાદ થતા હતાં, તેનું નિરાકરણ આ કાર્ડને કારણે કાયમી ધોરણે આવશે. ગ્રામીણ નાગરિકોને પોતાની સંપત્તિની માલિકીનો પુરાવો આપવા ઉપરાંત આ કાર્ડના બદલામાં તેમને લોન અને અન્ય નાણાકીય લાભો આપીને તેમને આર્થિક રીતે સશક્ત બનાવવાના બેવડા ઉદ્દેશ્ય સાથે ભારત સરકાર દ્વારા આ યોજના અમલમાં મુકવામાં આવી છે, જે અન્વયે ગ્રામજનોને તેમની મિલકતની માલિકીનું પ્રમાણપત્ર મળે છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેએ વડાપ્રધાનશ્રીના વક્તવ્યનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. તેમજ સ્વચ્છતા અને નશામુક્તિ અંગેના સામૂહિક શપથ લેવામાં આવ્યાં હતાં. તેમજ કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ તકે ગામનાં સરપંચશ્રી, પદાધિકારીશ્રીઓ, અગ્રણીશ્રીઓ, પ્રાંત અધિકારી કલ્પેશકુમાર શર્મા, જમીન દફતર જિલ્લા નિરીક્ષકશ્રી, અગ્રણીશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, શાળાનાં આચાર્યશ્રી તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, લાભાર્થીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. અત્રે નોંધનીય છે કે, "સર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપીંગ વિથ ઈમ્પ્રોવાઈઝ્‌ડ ટેક્નોલોજી ઈન વિલેજ એરિયા (સ્વામિત્વ)" યોજના હેઠળ ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલ્કતના નકશા બનાવી મિલ્કતધારકોને રેકોર્ડ ઓફ રાઈટ એટલે કે કાનૂની માલિકી હક્ક (પ્રોપર્ટીકાર્ડ/ માલિકીનો દસ્તાવેજ) આપવામાં આવે છે. લાભાર્થી પોતાની મિલકતનો ઉપયોગ લોન મેળવવા તેમજ અન્ય આર્થિક લાભ મેળવવા કરી શકશે. જેથી ગ્રામીણ નાગરિકોના જીવનમાં આર્થિક સ્થિરતા આવશે. સંપત્તિ કરનું ચોકકસ નિર્ધારણ કરી શકાશે. જેનો સીધો લાભ ગ્રામ પંચાયતોને મળશે. આ યોજના અંતર્ગત તૈયાર થયેલા જી.આઈ.એસ. નકશાઓનો ઉપયોગ ભવિષ્યને લક્ષમાં લઈ દરેક વિભાગ દ્વારા આયોજન ઘડવામાં કરી શકાશે. ગ્રામ પંચાયત વિકાસ યોજના (GPDP) તૈયાર કરવામાં મદદરૂપ થશે.

# સોમનાથ વેણેશ્વર સોસાયટીમાં અજગર આવી ચડતા વનવિભાગની ટીમે રેસ્કયુ કરી જંગલમાં મુકત કર્યો





(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૨૦

પ્રભાસ પાટણ સોમનાથ મંદિરની પાસે આવેલ વેણેશ્વર સોસાયટીમાં રહેતા લખુભા મેરૂભા જાડેજાના ઘરની સામે દિવાલની લગોલગ એક વિશાળ લાંબો અજગર આવી ચડતા જે મહિલા વર્ગની નજરમાં આવતા રાત્રે ૧૦ વાગ્યે વેરાવળ વનવિભાગને જાણ કરતા વેરાવળ રેન્જના વન અધિકારી વાય.એસ. કલસરીયાના માર્ગદર્શન હેઠળ વન અધિકારી કે.કે. જોશી તથા સ્ટાફે તાબડતોબ સ્થળ પર પહોંચી માત્ર પાંચથી દશ મિનીટના રેસ્કયુ ઓપરેશન કરી અજગરને પકડી જંગલમાં મુકત કરેલ હતો. રેસ્કયુ વખતે સોમનાથ સિકયોરીટીના મહિપતસિંહ જાડેજા હાજર રહયા હતા. વનઅધિકારી કે.કે. જોશીના જણાવ્યા મુજબ આ અજગર પુખ્ત વયનો છે અને તેની લંબાઈ ૯ ફુટની છે.

# વડોદરા ઝાલા ખાતે હાઈસ્કુલના કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો





(જાદવ ભોળા દ્વારા) લોઢવા તા. ૨૦

સાર્વજનીક મંડળ સંચાલિત સ્વ.એમ.જે. ઝાલા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પ્રશ્નાવડા અને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા વડોદરા ઝાલાના નિવૃત્ત થતા શિક્ષકો ગુણવંતભાઈ ઝાલા, ધીરૂભાઈ ઝાલા તેમજ કલાર્ક રાયસીંગભાઈ ઝાલાનો વિદાય કાર્યક્રમ, સાથે સાથે બંને શાળાના ધો.૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ મહાબળબાપાની પવિત્ર જગ્યા વડોદરા ઝાલા ખાતે યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના અધ્યક્ષ અને પ્રમુખ કાળાભાઈ ઝાલા, સંસ્થાના સેક્રેટરી દિલીપભાઈ ઝાલા, ટ્રસ્ટી હાજાભાઈ જાદવ, વીરસીંગભાઈ જાદવ, જેસીંગભાઈ જાદવ, મસરીભાઈ જાદવ, બાબુભાઈ જાદવ, રામભાઈ વૈશ, ભોળાભાઈ (સદસ્ય જી.પં.), હરેશભા મોરી વગેરે ઉપસ્થિત રહયા હતા. તેમજ બંને શાળાનો સ્ટાફગણ અને વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપસ્થિત રહયા હતા.

## ચીની તટરક્ષકોની ઐસી-કી-તૈસી

# ભારતીય તટરક્ષક-જહાજ, ચીની ઘેરામાંથી નીકળી ગયું

### ભારતીય તટરક્ષક જહાજ જાપાનની સદ્ભાવના યાત્રાએથી પાછું ફરી રહ્યું હતું ત્યારે ચીની જહાજોએ તેને ઘેરવા પ્રયત્ન કર્યો હતો

નવી દિલ્હી, તા.૨૦

એક તરફ ભારત અને ચીન વચ્ચે નિયંત્રણ રેખા ઉપર તંગદિલી પ્રવર્તે છે. લડાખ, દોકલામ તથા અરૂણાચલ સરહદે ચીની સૈનિકો માર ખાઈને પાછા પડે છે. ત્યારે પ્રશાંત મહાસાગરમાં ભારત અને ચીનનાં તટરક્ષક જહાજો વચ્ચે ટનાટની થઈ ગઈ હતી. વાત એમ બની કે, ભારતીય તટરક્ષક જહાજ શૌનક જાપાનની સદ્ભાવના યાત્રાએથી પાછું ફરી રહ્યું હતું, ત્યારે દક્ષિણ ચીન સમુદ્રમાં ચીની તટરક્ષક જહાજોએ તેને ઘેરી લીધું. તેથી તંગદિલી વધી ગઈ. પરંતુ જેમ ફીલીપાઈન્સના જહાજો ઉપર ચીની જહાજોએ પાણીના ફુવારા છોડયા હતા તેવા ફુવારા છોડવાની તેની હિંમત ન હતી.

આપણુ જહાજ સ્કારબોરો શૉલ પાસેથી પસાર થતું હતું. ચીન તે વિસ્તારને પોતાના બાપનો હોય તેમ માને છે. તેથી તેણે ભારતીય જહાજને પડકાર્યું પરંતુ તેને કશો જવાબ આપવાને બદલે તે તેની ગતિએ જ આગળ વધતું રહ્યું. ચીનાઓ તે શોલ પાસેથી પસાર થતાં નાના તમામ દેશોના જહાજો ઉપર વિશેષતઃ ફીલીપાઈન્સના જહાજો ઉપર તો પાણીના ફુવારા છોડે છે. પરંતુ તેવું કશું ભારતીય જહાજ ઉપર કરવાની તેની હિંમત નહીં હોય. ભારતીય યુદ્ધ જહાજ તેની ઐસી-કી-તૈસી કરી ભારત તરફ આવવા નીકળી ગયું.

આ ઘટના અંગે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના સમુદ્રીય સુરક્ષા નિષ્ણાત અને સી લાઈટના ડાયરેકટર રે-પોવેલે એક્સ પર એક પોસ્ટમાં લખ્યું છે, જાપાનની સદભાવના યાત્રાએથી પાછું ફરી રહેલું ઈંડીયન કોસ્ટ ગાર્ડ શિપ આઈસીજીએસ શૌનક સ્કારબોરો શૉલની પશ્ચિમેથી પસાર થઈ રહ્યું હતું તેની ઉપર ચીનનાં કોસ્ટ ગાર્ડ શિપ સીસીજી ૩૧૦૩ની નજર હતી. તેમજ સીસીજી ૩૫૦૨ની પણ નજર હતી. તેમણે ભારતીય જહાજને ઘેરવા પ્રયત્ન કર્યો, ડરાવવા પણ પ્રયત્ન કર્યો પરંતુ ભારતીય જહાજ તેની પરવાહ કર્યા સિવાય જ પોતાના માર્ગે (ભારત તરફ) આગળ વધતું ગયું.

ઉલ્લેખનીય છે કે, તે શૉલ ઉપર ભૌગોલિક રીતે જ ફીલીપાઈન્સનો દાવો છે તે યોગ્ય પણ છે. છતાં ચીન તે સ્કાઈબરો શૉલ (ખંડીય-છાજલી) વિસ્તાર પર પોતાનો દાવો કરે છે અને ત્યાંથી પસાર થતાં ફીલીપાઈન્સ, વિયેતનામ જેવા નાના દેશોના જહાજોને ડરાવવા તેમની ઉપર પાણીનો ધોધ વરસાવે છે. તેથી તે જહાજો ચીનનાં જહાજોના હુકમ પ્રમાણે માર્ગ બદલી નાખે છે. ભારતીય જહાજ સાથે આવું કરવાની તેની હિંમત ન હતી.

## મંજૂરી ન આપવાનો દિલ્હી પોલીસ પર AAPનો આરોપ

# અરવિંદ કેજરીવાલ ઉપર બનેલી ડોક્યુમેન્ટરી સ્ક્રીનિંગની મંજૂરી ન મળી

### ડોક્યુમેન્ટરીમાં બતાવાયું છે કે કેજરીવાલ જેલમાં ગયા પછી પાર્ટી કેવી રીતે ચાલી રહી હતી અને બહાર આવ્યા પછી શું થયું

નવી દિલ્હી, તા. ૨૦

આમ આદમી પાર્ટીએ દિલ્હી પોલીસ પર પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર બનેલી 'ડોક્યુમેન્ટરી'ના સ્ક્રીનિંગની મંજૂરી ન આપવાનો આરોપ લગાવ્યો છે. પાર્ટીએ દાવો કર્યો છે કે દિલ્હી પોલીસની પરવાનગીના અભાવે ડોક્યુમેન્ટ્રીનું સ્ક્રીનિંગ રદ કરવું પડ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ પ્યારેલાલ ભવન ખાતે બપોરે ૧૨ વાગ્યે થવાનું હતું. અહેવાલો અનુસાર, આ ડોક્યુમેન્ટરીમાં બતાવવામાં આવ્યું છે કે અરવિંદ કેજરીવાલ જેલમાં ગયા પછી પાર્ટી કેવી રીતે ચાલી રહી હતી અને બહાર આવ્યા પછી શું થયું.

સ્ક્રિનિંગ રદ કરવા અંગેની માહિતી આપતા આમ આદમી પાર્ટીએ કહ્યું, 'અમે તમને જણાવતા અફસોસ અનુભવીએ છીએ કે દિલ્હી પોલીસે આજે અમારા દ્વારા રિલીઝ કરવામાં આવી રહેલી ડોક્યુમેન્ટ્રીના સ્ક્રીનિંગની પરવાનગી નકારી દીધી છે.

કમનસીબે અમારે તેને રદ કરવું પડશે, પરંતુ અમે તેને ફરીથી શેડ્યૂલ કરીશું અને અમે તેને કોઈપણ કિંમતે રિલીઝ કરીશું. અમે તમને આ વિશે માહિતગાર રાખીશું. અસુવિધા માટે માફ કરશો.' આમ આદમી પાર્ટીના આરોપો પર દિલ્હી પોલીસે એક નિવેદન પણ બહાર પાડ્યું છે.

દરમિયાન દિલ્હી પોલીસે આમ આદમી પાર્ટીના આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે આ કાર્યક્રમ માટે DEO ઓફિસમાંથી કોઈ પરવાનગી લેવામાં આવી નથી.

દિલ્હી પોલીસે કહ્યું, 'ચૂંટણી જાહેર થઈ હોવાથી રાજકીય પક્ષોએ DEO ઓફિસ (એટલે કે DM ઓફિસ)માં સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા પરવાનગી માટે અરજી કરવી પડશે.

ચૂંટણી દરમિયાન આ પ્રમાણભૂત પ્રક્રિયા છે. ઉક્ત ઈવેન્ટ માટે આવી કોઈ પરવાનગી લેવામાં આવી ન હતી અને તેથી તે માર્ગદર્શિકાનું ઉલ્લંઘન હશે. અમે તમામ પક્ષોને આ સમયે ચૂંટણીના નિયમો અને નિયમોનું પાલન કરવા વિનંતી કરીએ છીએ.

## મોદી સરકારનું શાનદાર કામ

# મોબાઈલમાં આ એપ ડાઉનલોડ કરી લો, ક્યારેય છેતરાશો નહીં

### TRAI DND 3.0ના નામથી એપની મદદથી તમે અજાણ્યા નંબરથી આવતા કોલ્સ અને મેસેજને બ્લોક કરી શકશો

નવી દિલ્હી, તા. ૨૦

ફ્રોડ અથવા છેતરપીંડી કરનારા કોલ્સથી છુટકારો અપાવવા માટે સરકારે વધુ એક ખાસ એપ લોન્ચ કરી છે. સરકારે થોડા સમય પહેલા TRAI DND ૩.૦ના નામથી એક એપ રજૂ કરી હતી, જેની મદદથી તમે અજાણ્યા નંબરથી આવતા કોલ્સ અને મેસેજને બ્લોક કરી શકશો. પણ હવે દૂરસંચાર વિભાગે સંચાર સાથી એપના નામથી એક નવી એપ લોન્ચ કરી દીધી છે. જે સાઈબર ફ્રોડ, ફેક કોલ્સ અને મોબાઈલ સિક્યોરિટી સાથે જોડાયેલી કેટલીય સમસ્યાઓનું હલ થઈ થશે. આ એપને કેન્દ્રીય સંચાર વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ એક ખાસ પ્રોગ્રામમાં રજૂ કરી હતી.

આ એપ મોબાઈલ યુઝર્સને પોતાના ફોનમાંથી જ સાઈબર ક્રાઈમને ફરિયાદ નોંધાવવા અને મોબાઈલ સાથે જોડાયેલી અન્ય કોઈ પણ સમસ્યા માટે ખાસ સુવિધા આપે છે. હકીકતમાં જોઈએ તો, આ સંચાર સારથી એપનો ઉદ્દેશ્ય સ્માર્ટફોન યુઝર્સને સેફ અને અવેયર કરવાનું છે. આ અગાઉ ૨૦૨૩માં સરકારે સંચાર સાથી પોર્ટલ પણ લોન્ચ કર્યું હતું, જે ફેક કોલ્સ અને મેસેજની ફરિયાદ કરવા, ખોવાયેલા ડિવાઈસનો IMEI નંબર બ્લોક કરવા અને આધાર સાથે જોડાયેલ મોબાઈલ નંબરની જાણકારી સહિતના કેટલાય કામોમાં મદદ કરે છે. હવે આ પોર્ટલનો ઉપયોગ તમે મોબાઈલ એપ દ્વારા કરી શકશો, જે આપનો સાચો સાથી બનશે.

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો પર્યાવરણ પ્રિય અભિગમ

# ગુજરાતના નગરોમાં ગ્રીન-ક્લીન એનર્જી ઉત્પાદન માટે નગરપાલિકાઓને સોલાર-પ્લાન્ટ સ્થાપવાની મંજૂરી

ગાંધીનગર તા. ૨૦

વીજબિલ ખર્ચમાં ઘટાડા સાથે નગર પાલિકાઓમાં રિન્યુએબલ એનર્જીના વધુને વધુ ઉપયોગને પ્રોત્સાહિત કરવા વધુ ૩૨ નગરપાલિકાઓને ૬૦ સ્થળોએ સોલાર પાવર પ્લાન્ટ્સ સ્થાપવા રૂ. ૪૫.૩૭ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં ૬૩ નગરપાલિકાઓને ૧૩૬ સ્થળો પર સોલાર પ્લાન્ટ્સ સ્થાપવા રૂ. ૧૧૪.૩૪ કરોડ મંજૂર કર્યાસ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી સહાય ફાળવાઈ નગરપાલિકાઓ પોતાના એસ.ટી.પી., ડબ્લ્યુ.ટી.પી., પંપિગ સ્ટેશન્સ, વોટર વર્ક્સ અને નગરપાલિકાના બાંધકામોમાં સોલાર પ્લાન્ટ સ્થાપીને સોલાર વીજઉત્પાદનથી આત્મનિર્ભરતા મેળવી શકે તેવો ઉદાત હેતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતની અગ્રેસરતાને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સુધી વિસ્તારવાનો પર્યાવરણ-પ્રિય નવતર અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની નગરપાલિકાઓમાં ગ્રીન-ક્લીન એનર્જી ઉત્પાદન અને ઉપયોગથી વીજબિલમાં ઘટાડો કરવા સાથે તેમને આત્મનિર્ભર બનાવવાના હેતુથી નગરપાલિકાઓને સોલાર પ્લાન્ટ સ્થાપવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ફંડ ફાળવવાનું સુનિશ્ચિત કર્યું છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર રાજ્યની નગરપાલિકાઓ પોતાના વિસ્તારોના સ્યુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ, પંપિગ સ્ટેશન્સ અને વોટર વર્ક્સ તેમ જ નગરપાલિકાઓના બાંધકામોમાં સોલાર પ્લાન્ટ સ્થાપવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.તદઅનુસાર, મુખ્યમંત્રીએ અત્યાર સુધીમાં રાજ્યની ૬૩ નગરપાલિકાઓને ૧૩૬ સ્થળોએ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવા રૂ. ૧૧૪.૩૪ કરોડ મંજૂર કર્યા છે. એટલું જ નહિ રાજ્યની ૫૫ નગરપાલિકાઓએ ૯૭ સ્થળો પર આવી કામગીરી પૂર્ણ કરી લીધી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુને વધુ નગરપાલિકાઓ આવા સોલાર પ્લાન્ટ સ્થાપિત કરીને પોતે સોલાર એનર્જી જનરેશન અને તેના ઉપયોગથી વીજબિલ ખર્ચ ઘટાડી શકે અને આત્મનિર્ભર બને તેવા અભિગમને વ્યાપક બનાવવાની નેમ રાખી છે.તેમણે આ માટે રાજ્યની વધુ ૩૨ નગરપાલિકાઓને ૬૦ સ્થળો પર કુલ ૬.૭ મેગાવોટના સોલાર પ્લાન્ટ સ્થાપવા રૂ. ૪૫.૩૭ કરોડ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

# ઓપરેશન મેગા ડિમોલેશનનું આશ્ચર્ય જનક સરવૈયું !?

## સરકારી જમીન પર બીન અધિકૃત બાંધકામ થવા દે તેને જે સરકારી તંત્ર દૂર કરે તે જ આપણું તંત્ર !?

### જમીન સરકારની અને ખર્ચા બધા પ્રજાના ટેક્ષની રકમમાંથી થાય અને આવક ભુમાફિયા અને બીન અધિકૃત દબાણ કરનાર ને ફાળે !?



(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૨૦

ગત સપ્તાહે યાત્રાધામ બેટ દ્વારકા થી ચાલુ થયેલા સરકારી ખરાબા ની કે ગૌચર ની જમીન પર ભુ માફિયાઓ દ્વારા કરાયેલા બીન અધિકૃત પાકા બાંધકામ ને રક્ષિત કરવા આસપાસ જ્યા ત્યાં ઉભા કરાયેલ ધર્મિક સ્થળો ને દૂર કરી કરોડો રૂપીયા ની કિંમત ની લાખો ફૂટ જમીન ને ખુલ્લી કરવાના ઓપરેશન મેગા ડિમોલેશન અંતર્ગત ની કાર્યવાહી આવકાર્ય છે.

મફત પ્લોટ યોજના એ બીન અધિકૃત બાંધકામ નું કારણ છે પરંતુ આ બાંધકામ ઉભા થવા પાછળ નો ઈતિહાસ અને હાલ ની પરિસ્થિતિ અંગે બહાર આવેલ વિગતો મુજબ કેન્દ્ર સરકાર દ્વારા વર્પ ૧૯૭૨ માં ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલ છેલ્લા યુદ્ધ નો ભોગ બની ભારત-પાક સરહદીય વિસ્તાર માંથી હીજરત કરી અન્ય ગામો માં સ્થાઈ થવા નીકળેલ દેશવાસી ને વિસ્થાપિત કરવાના ઉદેશ સાથે ગામડા અને શહેરી વિસ્તાર ના ગરીબ ખેત મજૂરો, બીન કુશળ મજૂરો અને બી.પી.એલ.કાર્ડ ધારકો ને ૧૦૦ ચોરસ વાર ના રહેણાક ના પ્લોટ સરકારી ખરાબા ની પડતર જમીન પર નિયમ મુજબ સ્થાનિક કક્ષા થી લઈ ને તાલુકા,જિલ્લા કક્ષા એ રાજ્ય સરકાર દ્વારા બનાવાયેલ આ અંગે ની પસંદગી સમિતી ની અરજદાર ની સ્કીમ મુજબ ની જરૂરિયાતો ની તપાસ કરી તે પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામેલા ને પોતાનું મકાન બનાવવા માટે ૧૦૦ ચોરસ વાર નો પ્લોટ રાજ્ય સરકાર ની મંજૂરી બાદ આપવામાં આવે તે મુજબ ની સ્કીમ કેન્દ્ર સરકારે બનાવેલ. જેનો રાજ્ય માં સો પ્રથમ અમલ વર્ષ ૧૯૮૬ માં ચાલુ કરાયેલ. જે યોજના અંતર્ગત સમગ્ર રાજ્ય માં જ્યા ત્યા ખુલ્લી પડેલ સરકારી ખરાબા ની જમીન ફાળવાયેલ હોવાનું સરકારી રેકર્ડ પાર નોંધાયેલ પણ છે અને હજુ આ સ્કીમ અમલી છે પરંતુ ફક્ત સરકારી કાગળો પર હોંય તેમ આ યોજના અંતર્ગત વર્ષ ૧૯૯૦ સુધી પર આવા પ્લોટ ફાળવ્યા બાદ હવે તે પહેલા મુખ્યમંત્રી અને હવે વડા પ્રધાન આવાસ યોજના મા પરિવર્તીત કરી નાખવામાં આવેલ છે. પરંતુ અહીં ફર્ક માત્ર તેટલો છે કે તે મફત પ્લોટ યોજના હતી ત્યારે ફક્ત ૧૦૦ ચોરસ વાર ના પ્લોટ મફત આપવામા આવતા હતા અને હવે તેની જગ્યા એ સરકાર મકાન,ફ્લેટ બનાવી ને ફક્ત બાંધકામ ની કિંમતે આપે છે.

જે તે ગામ,નગર, ના ભુ માફિયાઓ દ્વારા મફત પ્લોટ ફાળવવામાં આવ્યા તે ગામ નો સરકારી ખરાબા નો વિસ્તાર હોય તેની આજુબાજુ ની વધારા ની ખાલી પડેલ જગ્યા કે ગૌચર ની ખુલ્લી જગ્યા પર સ્થાનિક રાજકારણીઓ દ્વારા મત બેંક ને ધ્યાન માં રાખી પોતાના મળતીયાઓ ને અગાઉ ફાળવેલ મફત પ્લોટ ની બાજુમાં જેવી જેની શકતી અને રાજકારણીઓ સાથે ના સબંધો તેને ધ્યાને લઈ તેમની અનુકૂળતા પ્રમાણે ની જમીન પર દબાણો કરી બીન અધિકૃત બાંધકામ દ્વારા રહેણાક મકાન,બંગલા, દુકાન,ગોડાઉન, બનાવી અને તેને સલામત રાખવા આસપાસ નાના મોટા જે તે ધર્મ,સંપ્રદાય ના ધાર્મિક સ્થાનો બનાવવાની પ્રવૃત્તિ છેલ્લા ૨૦ વર્ષ થી અવિરત ચાલુ રહેલ અને જે તે ગામ,નગર ની સંપૂર્ણ ખરાબા ની ગૌચર ની જગ્યા પર ભુ માફિયાઓ દ્વારા કબ્જો જમાવ્યા બાદ હવે કોઈ ખાલી જગ્યા ના રહેતા અને દિવસે અને દિવસે જમીનો ના વધતા ભાવો એ આ ભુ માફિયાઓ ને પોતાના કબ્જા મા રહેલ જમીનો ને સો રૂપીયા ના સ્ટેમ્પ પેપર પર ગિફ્ટ નું લખાણ કરાવી આ જમીનો ના લાખો રૂપિયા માં ખરીદ વેચાણ નો નવો વ્યવસાય ચાલુ કરી આ સરકારી મફત જમીન ના ખરીદ- વેચાણ મા દર વર્ષે લાખો રૂપિયા ની હેરા ફેરી છેલ્લા પંદર વર્ષ થી થઈ રહેલ છે અને તે સ્થાનિક તલાટી થી લઈ પંચાયત,તાલુકા પંચાયત,જિલ્લા પંચાયત અને ધારાસભ્યો ના અને સ્થાનિક પોલીસ થી લઈ મામલતદાર, પ્રાંત અધિકારી, કલેક્ટર, રાજ્ય ના ચીફ સેક્રેટરી, મંત્રી સુધી ના સૌ જાણે છે અને કોઈ પગલાં ભરવા ના બદલે ભુ માફિયાઓ પાસે થી વહીવટ કરી લેવાની પધ્ધતી અપનાવાતા આ પરિસ્થિતિ નિર્માણ થયા નું નકારી શકાતું નથી.

**શા માટે બીન અધિકૃત બાંધકામ ડિમોલેશન કરવાનું ભૂત અવાર નવાર ધૂણે છે?**

હકીકત માં સમગ્ર દેશ અને રાજ્યમાં ભુ માફિયાઓ ના કારણે બીન અધિકૃત બાંધકામ નો પ્રશ્ન છે.પરંતુ તેમાં સૌરાષ્ટ્ર અને કચ્છ નો વિસ્તાર સમુદ્ર કિનારો ધરાવતું અને પાકિસ્તાન સાથે જલ સરહદીય વિસ્તાર સાથે સીધી રીતે જોડાયેલ હોય અને વર્ષ ૧૯૭૪ના ટેરિટોરીયલ વોટર એન્ડ મેરી ટાઈમ ઝોન અનવ્યે સમુદ્ર કિનારા થી ૧૨ નોટિકલ માઈલ પછી નો સમુદ્ર ઈન્ટરનેશનલ વોટર માં ગણાતો હોય આંતરારાષ્ટ્રીય ગુન્હેગારો નુ એ.પો.સેન્ટર ગણાતા પાકિસ્તાન ના ગુન્હેગારો નું એ.પી.સેન્ટર કચ્છ નો અખાત બન્યો હોય તેમ અગાઉ દાણચોરી નો સામાન પછી સોનું,ચાંદી પછી ડુપ્લીકેટ ચલણી નોટો પછી હથિયારો અને હવે ડ્રગ્સ ની હેરાફેરી નું એ.પી. સેન્ટર બન્યું હોય તેમ અવાર નવાર ઘટતી ઘટનાઓ અને તે અનવ્યે ના એન.આઈ.એ., નેવી, કોસ્ટગાર્ડ, આઈ.બી., કસ્ટમ અને પોલીસ ના થતા રિપોર્ટિંગ મા સૌરાષ્ટ્ર ના સાગર કાંઠા પર ના આંતરરાષ્ટ્રીય માફિયા ના દેશદ્રોહી તત્વો તેમના સ્કીય સ્લીપર સેલ ના મફતિયા પ્લોટ માં રહી સ્કીય રહેતા આવા તત્વો ના એક જ ગામ નહીં પણ અનેક ગામ માં આવેલા મકાનો ની ભૂમિકા મહત્વ ની હોય અને આવનારા દિવસો મા ઉભી થનાર પરીસ્થીતી ની ગંભીરતા ને સમજતા તંત્ર દ્વારા કેન્દ્ર સરકાર ની સૂચના અનવ્યે કોઈપણ સંજોગો માં દૂર કરવાના ભાગરૂપે છેલ્લા એક સપ્તાહ થી ઓપરેશન મેગા ડિમોલેશન હાથ ધરાતા હાલ આ વિષય રાજ્ય માં ટોક ઓફ સ્ટેટ બનેલ છે.

**ત્યારે આ બીન અધિકૃત બાંધકામ નું એક સમજવા જેવું સરવૈયું!! સરકાર નો ખાતર માથે દીવા જેવા વહીવટ નો નમૂનો...મેગા ડિમોલિશન ??!!**

હાલ ના ઓપરેશન મેગા ડિમોલેશનની સરકારી જમીન પર થયેલા બીન અધિકૃત બાંધકામ ની જમીન નું ભાડું આજ દિન સુધિ કાંઈ ના મલ્યું સરકાર ને કારણ કે કોઈ સરકારી રેકર્ડ પર તેની નોંધણી ના હતી જેથી ટેક્સ ની માંગણી કેવી રીતે કરી શકાય તે પ્રશ્ન હતો પરંતુ બીન અધિકૃત બાંધકામ ના રહીશો ને વિકાસ ના કામ ની ગ્રાન્ટ માંથી રોડ ની સુવિધા- પીવાના પાણી ની સુવિધા- સ્ટ્રીટ લાઈટ ની સુવિધા- કુદરતિ હોનારત માં આર્થિક સહાયતા- રોડ રસ્તા,ગટર ની સફાઈ ની વ્યવસ્થા સ્થાનિક સ્વરાજ ની સંસ્થા દ્વારા તેમને મળતી વિકાસ ના કામો માટે ની પ્રજા ટેક્ષ ના પૈસા ની ગ્રાન્ટ માથી કરોડો રૂપીયા નો કરવામાં આવ્યો છે જેના કારણો મા મત બેંક નું રાજકારણ જે સત્ય અને સ્વીકારવા જેવી હકીકત છે. બીજી બાજુ આજ બીન અધિકૃત બાંધકામ તોડવા નો ખર્ચ-સલામતિ માટે રાખવામા આવેલ મોટા પોલીસ કાફલા નો ખર્ચ- નોટીસ આપવાં થી લઈ કાર્ય પૂર્ણ ના થાય ત્યાં સુધી નો વહીવટી સ્ટાફ નો ખર્ચ- બીન અનધિકૃત બાંધકામ દૂર કરવા ભાડે રખાયેલા જે.સી.બી. મશીનનો ભાડા ખર્ચ- દુર કરાયેલા દબાણો ના કાટમાળ હટાવવા નો ખર્ચ- સાથે આજ દિવસ સુધી સ્ટ્રીટ લાઈટ નવી નાખવી,રીપેર કરવી, સ્ટ્રીટ લાઈટ બીલ ની રકમ નો જંગી ખર્ચ સ્થાનિક સ્વરાજ્ય ની સંસ્થા એ ભોગવેલ છે. જે પણ ગામ માં વિકાસ ના કામો કરવા માટે રાજ્ય સરકારે આપેલ કરોડો રૂપીયા ની ગ્રાન્ટ ની રકમ માંથી જે કારણે ખરેખર થનાર ગામના વિકાસના કામોના ભોગે ઈમાનદાર સ્થાનિક ગ્રામજનો નુકશાની ભોગવે છે.

જયારે આ બીન અધિકૃત બાંધકામ સાથે સીધો કાઈ સબંધ ના હોય તેવી રાજય માં વીજળી પુરાવઠો પુરી પાડતી વીજ કંપની કારણ કે આ બીન અધિકૃત બાંધકામ માં બીન અધિકૃત રીતે અપાયેલા વીજ જોડાણ (કનેકશન) ના બાકી નીકળતા બીલ ની રકમ ના પૈસા વીજળી પુરી પાડતી વીજ કંપની અને પીવાના પાણી ના અપાયેલા જોડાણ ની બાકી રકમ- એરિયા બેઝ ટેક્સ ની બાકી રકમ સ્થાનિક સ્વરાજ ની સંસ્થા હવે ક્યાંથી અને કોણ કેવી રીતે વસુલ કરશે તેવા પ્રશ્ન વચ્ચે આ કરોડો રૂપીયા ની રકમ અંતે માફ કરવામાં આવશે તેના માટે જવાબદાર કોણ? ઉપરોક્ત હકીકત તે દર્શાવે છે કે જે તે ગામ ના ભુ માફિયા ના કારણે સમગ્ર રાજ્ય ની સરકારી ખરાબા ની જમીન કે ગૌચર ની જમીન પર બીન અધિકૃત દબાણ કરી ઉભા કરાયેલા બીન અધિકૃત ??ાંધકામ ના રાજ્ય વ્યાપી કૌભાંડ માં ભુ માફિયા અને સરકારી તંત્ર ને ભ્રષ્ટાચાર ની મોટી રકમ નો ફાયદો થયો અને પ્રજા ને તેમના જ ??ક્ષ ની રકમ માંથી થનાર વિકાસ ના કામો ની રકમ ખોટી રીતે વેડફાતા પ્રાથમિક જરૂરિયાત ની સુવિધાઓ થી વંચિત રહેવાનું મોટુ નુકશાન થયું છે.

## પ્રયાગરાજ મહાકુંભમાંથી પરત થતા જૂનાગઢ રાજગોર યુવક મંડળ દ્વારા બિલનાથ મંદિરના મહંત ગણેશાનંદ બાપુનું સન્માન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

પ્રયાગરાજ મહાકુંભમાં શાહી સ્નાન અને સેવા આપવા ગયેલ બિલનાથ મહાદેવ મંદિરના મહંત પુ. ગણેશાનંદબાપુ શ્રી શંભુ પંચ અગ્નિ અખાડા ખાતે રોકાણ કરી સભાપતિ પુ. મુક્તાનંદબાપુના સાનિધયમાં સંતો-મહંતોની સેવા કરી અખાડાના સંતો સાથે શાહી સ્નાન કરી ૧ માસ બાદ પરત જૂનાગઢ આવી પહોંચતા બિલનાથ મંદિર ખાતે રાજગોર બ્રાહ્મણ યુવક મંડળના મોભી અશોકભાઈ પંડયા, પ્રમુખ કમલેશભાઈ ભરાડ, પત્રકાર વિનુભાઈ જોષી, જગદિશભાઈ ભરાડ, એડવોકેટ શશીકાંત બોરીચાંગર, પ્રમોદભાઈ તેરૈયા, મનુભાઈ રવિયા, રામજીભાઈ ભરાડ, દેવેન્દ્રભાઈ શીલુ, જીવનભાઈ દવે, કિશોર મહેતા, કેતન તેરૈયા, ભાવેશ બોરીસાગર, વિમલભાઈ રવિયા, ચેતન દવે, માર્કન્ડ ભરાડ, મગનભાઈ પુરોહિતએ શાલ ઓઢાડી પુષ્પહાર પહેરાવી પુ. બાપુનું સન્માન કર્યું હતું.

## સોમનાથ મંદિર ખાતે ફોટોગ્રાફી કરી રોજી રોટી કમાતા ૧૫૦થી વધુ પરીવાર દ્વારા સોમનાથ મહાદેવને ભવ્ય ધ્વજારોહણ કરાયુ

### સોમનાથ મહાદેવને વિશ્વનું કલ્યાણ અને રોજીરોટીમાં સમૃદ્ધિની પ્રાર્થના કરી : છેલ્લા સાત વર્ષથી ફોટોગ્રાફરો અવિરત ધ્વજારોહણ કરી રહ્યા છે



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

સોમનાથ મંદિર ખાતે ફોટોગ્રાફી કરી રોજી રોટી કમાતા ૧૫૦થી વધુ પરિવાર દ્વારા પ્રતિવર્ષ મુજબ સોમનાથ મહાદેવને વાજતે ગાજતે ધ્વજારોહણ કરી વિશ્વનું કલ્યાણ અને રોજીરોટીમાં સમૃદ્ધિની પ્રાર્થના કરી હતી. આ તકે મહાદેવને ધ્વજારોહણ માટેની અવધુતેશ્વર મંદિર થી સોમનાથ મંદિર સુધી વિશાળ શોભાયાત્રામાં સોમનાથ ટ્રસ્ટ, પોલીસ, દરેક સમાજ ના આગેવાનો જોડાયા હતા. સોમનાથ ફોટો ગ્રાફર એસો.ના ઉપપ્રમુખ ભરત બામણિયાએ જણાવ્યું હતું કે, સોમનાથ મહાદેવ મંદિર ખાતે ૧૫૦ જેટલા ફોટોગ્રાફરો દ્વારા યાત્રીકો ના ફોટોગ્રાફ પાડી રોજીરોટી કમાઈ પરિવાર નું ગુજરાન ચલાવીએ છીએ. ત્યારે સોમનાથ ફોટો ગ્રાફર એસોસિએશન ના દરેક સભ્યો દ્વારા પોતાની રોજગારી માંથી થોડું થોડું ફંડ એકત્ર કરી છેલ્લા સાત વર્ષથી સોમનાથ મહાદેવ ને ધ્વજારોહણનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ પ્રતિવર્ષ ની જેમ સોમનાથ મહાદેવ ના સાનિધ્યમાં વેણેશ્વર પાસે આવેલ અવધુતેશ્વર મહાદેવ ના મંદિર ખાતે થી સોમનાથ મંદિર સુધી ડી જે ના તાલ સાથે વાજતે ગાજતે ભવ્ય શોભયાત્રા નીકળી જેમાં દરેક ફોટો ગ્રાફર ના પરિવારો ઉપરાંત સોમનાથ ટ્રસ્ટ, પોલોસ પરિવાર તેમજ નગરના દરેક સમાજના આગેવાનો તેમજ સોમનાથ મંદિર નજીક પાથરણા વાળા અને સોમનાથ ચોપાટી પર વ્યવસાય કરતાં દરેક નાના મોટા વેપારીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા.

સોમનાથ મહાદેવને ધ્વજા પૂજા સાથે ધ્વજા રોહણ કરી સમગ્ર વિશ્વ ના કલ્યાણ તેમજ અમારા દરેક ફોટો ગ્રાફર ની રોજગારી માં બરકત અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ફોટો ગ્રાફર એસોસિએશન ની આ શોભાયાત્રામાં સોમનાથ મંદિર ટ્રસ્ટ ના સુરુભા જાડેજા, પીઆઈ એમ.વી.પટેલ, કોળી સમાજના આગેવાનો પ્રવીણભાઈ ચુડાસમા,વજુભાઈ ગઢીયા કેતનભાઈ પરમાર, ભીખુભાઈ ગઢીયા, જગદીશભાઈ વાજા, દિનેશભાઈ બાબરીયા, રામભાઈ સોલંકી, નગરસેવક રાજુભાઈ ગઢીયા, હિન્દૂ યુવા સંગઠનના જતીન રવીસહેબ, પ્રવિણભાઈ સહિત બહોળી સંખ્યામાં આગેવાનો જોડાયા હતા. ધ્વજા રોહણ ના ધર્મોત્સવને સફળ બનાવવા એસો.ના પ્રમુખ દિવ્યેશ બામણિયા અને ઉપપ્રમુખ ભરત બામણિયા સહિત કારોબારી ના દરેક સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## વેરાવળ બંદરમાં ચાલતા ફેઝ-૨ ની કામગીરીનું કેન્દ્ર સરકારની ટીમે નિરીક્ષણ કર્યુ

### કેન્દ્રના ફિશરીઝ અધિકારીઓએ પ્રોજેકટની કામગીરીની સમીક્ષા કરી માછીમાર આગેવાનો સાથે બેઠક કરી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

વેરાવળ બંદરે ચાલતી ફેસ-૨ ના કામોનું નિરીક્ષણ ન્યુદિલ્હીથી આવેલ ફીશરીઝ ખાતાનાં જોઈન્ટ સેક્રેટરી, જોઈન્ટ કમિશ્નર, કેન્દ્ર સરકારનાં ફીશરીઝ ખાતાનાં અધિકારીઓ તથા સ્થાનિક ફીશરીઝ અધિકારીઓ દ્વારા સમિક્ષા કરવામાં આવેલ હતી. આ મુલાકાત દરમ્યાન અધિકારીઓ સાથે સ્થાનીક માચ્છીમાર આગેવાનો જોડાયેલ અને રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી.

વેરાવળ સાગરપુત્ર ફાઉન્ડેશન ખારવા સંયુકત માચ્છીમાર બોટ એશો.નાં પ્રમુખ તુલસીભાઈ ગોહેલે જણાવેલ કે, ન્યુદિલ્હીથી આવેલ ફીશરીઝ ખાતાનાં જોઈન્ટ સેક્રેટરી નિતુકુમારી પ્રસાદ, જોઈન્ટ કમિશ્નર પાંડે, કેન્દ્ર સરકારનાં ફીશરીઝ ખાતાનાં અધિકારીઓ તથા સ્થાનિક ફીશરીઝ અધિકારીઓ દ્વારા વેરાવળ બંદરની મુલાકાત લીધેલ હતી. હાલ વેરાવળ બંદરે ચાલતી ફેસ-૨ યોજના અંતર્ગતનાં કામોનું નિરીક્ષણ કરી સમિક્ષા કરવામાં આવેલ હતી. આ મુલાકાત દરમ્યાન બન્ને અધિકારીઓ સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે સ્થાનીક માચ્છીમાર આગેવાનો દ્વારા રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી. જેમાં માચ્છીમારો માટે જરૂરી મુળભૂત જરૂરિયાતો, ભવિષ્યનાં સમય માટે ઉભી કરવાની થતી સુવિધાઓ બાબતે રજૂઆતો કરવામાં આવેલ હતી. તદ્ઉપરાંત વિશાળ દરિયાની અંદર માચ્છીમારી માટેની નવી તકો ઉભી થાય અને ડીપ-સી ફીશીંગ કરવા માટેની સ્કીલ ડેવલપ કરવા માટે તેમજ માછલીની ગુણવતા વધુ સારી રીતે જળવાય તેવી રીતે બોટોમાં આધુનિકરણ કરવા સહિતની બાબતો માટે સ્થાનિક માચ્છીમારો માટે વિવિધ ટ્રેનીંગ સેન્ટરો ઉભા કરવા બાબતે પણ સ્થાનિક માચ્છીમાર આગેવાનો દ્વારા રજૂઆતો કરવામાં આવેલ હતી.

## જૂનાગઢ જીલ્લામાં પાંચ અપમૃત્યુના બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં ૨, વંથલીમાં પંથકમાં ૨ અને કેશોદમાં ૧ મળી જીલ્લામાં કુલ ૫ અપમૃત્યુના બનાવો નોંધાયા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોબારી રોડ પર રહેતા વિનયકુમાર વૈધ પ્રકાશ અરોરા(ઉ.વ.૬૯)વયોવૃધ્ધ હોય અને કોઈ બીમારર સબબ મૃત્યુ નિપજયાનું નીલેશકુમાર પ્રવીણભાઈ ગોહેલે બી ડીવીઝન પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે જયારે ઝાંઝરડા રોડ પર ધનરાજ એપાર્ટમેન્ટમાં રહેતા પ્રતાપભાઈ વેજાભાઈ પરમાર(ઉ.વ.૩૭)ને ઉલ્ટી થતા સારવાર અર્થે હોસ્પિટલે ખસેડાતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મૃતકના ભાઈ નાગાજણભાઈએ બી ડીવીઝન પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. તેમજ વંથલીના બાલોટ ગમે રહેતા મલીબેન નાથાભાઈ હુણ(ઉ.વ.૭૫)એ કોઈ કારણોસર એસી પી લેતા મોત નિપજયાનું મૃતકના પુત્ર ભરતભાઈએ વંથલી પોલીસે મથકે જાહેર કરેલ જયારે વંથલીના જ નવલખી ગામે રહેતા રોહીતભાઈ ભીખાભાઈ મકવાણા(ઉ.વ.૩૫)છેલ્લા દશેક વર્ષથી માનસીક બીમાર હોય અને અગમ્ય કારણોસર મૃત્યુ નિપજયાનું ચંદ્રકાન્તભાઈ મુળજીભાઈ મકવાણાએ વંથલી પોલીસે મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે અને ચોરવાડના ખેરા ગામે રહેતા નારણભાઈ પાચાભાઈ રાઠોડ(ઉ.વ.૩૭)ને પંદરેક વર્ષથી તાણ આચકીની બીમારી હોય જેનાથી કંટાળી પોતે પોતાની મેળે ઝેરી દવા પી જાર સારવાર દરમ્યાન મોત નિપજયાનું નાથાભાઈ ગાંગાભાઈ ડાભીએ ચોરવાડ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## સોમનાથ મંદિર નજીક ૧૨ ફૂટનો મહાકાય અજગર આવી ચડતા રેસ્ક્યુ કરાયુ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

વેરાવળના સોમનાથ મંદિર નજીક આવેલી સોમનાથ કર્મચારી સોસાયટીમાં ગઈકાલે રાત્રે એક મહાકાય અજગર દેખાતા સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ સર્જાયો હતો. સોસાયટીના રહેવાસીઓએ તાત્કાલિક વન વિભાગને જાણ કરતા આર.એફ.ઓ. કલસરિયા સહિતની ટીમે ઘટના સ્થળે પહોંચી અજગરનું સફળ રેસ્ક્યુ કર્યું હતું. વન વિભાગના જણાવ્યા અનુસાર આ પુખ્ત વયનો અજગર લગભગ ૧૨ ફૂટ લાંબો હતો. રેસ્ક્યુ બાદ તેને અમરાપુર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે. જ્યાં તબીબી તપાસ બાદ તેને જંગલમાં મુક્ત કરવામાં આવશે. સોમનાથ અને વેણેશ્વર સોસાયટીના રહેણાંક વિસ્તારમાં સેંકડો પરિવારો વસવાટ કરે છે. આ વિસ્તારમાં અવારનવાર દીપડાઓ પણ દેખા દેતા હોવાથી સ્થાનિકો પહેલેથી જ ચિંતિત છે. સ્થાનિક રહેવાસી ટુપભાઈ બામણિયા અને કૈલાશબા જાડેજાએ જણાવ્યું કે, "અમારા વિસ્તારમાં વારંવાર દીપડા આવે છે અને બાળકો શેરીમાં રમતા હોવાથી ભય રહે છે. હવે અજગર પણ દેખાતા ચિંતા વધી છે. સ્થાનિક રહેવાસીઓએ વન વિભાગ પાસે વન્યજીવોને સલામત સ્થળે ખસેડવાની માંગણી કરી છે. વિસ્તારમાં વન્યજીવોની હાજરી વધતા જતા લોકોની સુરક્ષા જોખમાઈ રહી હોવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### અવસાન નોંધ

વેરાવળ : સ્વ.સોમજીભાઈ જાદવજીભાઈ સુચકના પુત્ર સ્વ. ધનસુખભાઈ સુચક (ઉ.વ.૬૬) તે, કિશોરભાઈના ભાઈ, રસીકભાઈ છગનભાઈ છગ, ચંદુલાલ મથુરાદાસ સોનપાલ, સ્વ.વિનોદભાઈના સાળાનું તા.૧૭ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તા.૨૦ ને સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાને પ્રાસલી મુકામે રાખેલ છે.

રાજકોટ : મોરબી નિવાસી, ન્યૂ આર્ય પાનવાળા, હાલ રાજકોટ કનૈયાલાલ ઝવેરચંદભાઈ કારીયાના પુત્ર નવીનભાઈ કનૈયાલાલ કારિયા (ઉ.વ. ૬૫)નું દુઃખદ અવસાન તારીખ ૧૯-૦૧-૨૦૨૫ ના રોજ થયેલ છે, તે સતિષભાઈ, મુકેશભાઈ, કપિલાબેન, જ્યોત્સનાબેનના ભાઈ તથા સાગર અને રીચાના પિતા તથા જેઠાલાલ માણેકલાલ પુજારાના જમાઈ તથા રાજુભાઈના બનેવીનું સદગતનું બેસણું તથા સાદડી તારીખ ૨૦-૦૧-૨૦૨૫ના રોજ "ઓમ કારેશ્વર" મહાદેવ મંદિર, શ્રીજી પાર્ક શેરી નં. ૨, પતાશા હોટલની સામે, બાપા સીતારામ ચોકથી આગળ, રૈયા રોડ, રાજકોટ ખાતે સાંજે ૪થી ૫ વાગ્યે રાખેલ છે.

વેરાવળ : દાઉદી વ્હોરા ઈબ્રાહીમભાઈ તાહેરઅલી માંકડા(ઉ.વ. ૮૪) તે હુશેનીભાઈ(ગાંધીધામ), અશરફીબેન(એડન), શમીમબેન, રબાબબેન(રાજકોટ)ના બાવાજી, અબ્બાસભાઈ, શબ્બીરભાઈ, શમસુદીનભાઈ, ઝેહરાબેન, ફાતેમાબેન (ધારી)ના મોટાભાઈનું તા.૧૯ ના રોજ ગાંધીધામ મુકામે વફાત થયેલ છે. મુહરમના સૈયુમના સિયારા તા.૨૧ને મંગળવારે સવારે ૧૧:૩૦ વાગ્યે દાઉદી બોહરા મસ્જીદે વેરાવળ મુકામે રાખેલ છે.

## ઊના શહેરની સોસાયટી વિસ્તાર અને શાહબાગની અંદર આંબાના ઝાડ નીચે આરામ ફરમાવતા જંગલના રાજા સિંહ



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૦

ઊના શહેરમાં ગઈકાલે ખાનગી શાળા ગાયત્રી વિદ્યાલયમાં એક સિંહએ દરવાજામાં પ્રવેશ કરી એક વાછરડીનું મારણ કર્યુ હતું. ત્યારે વન વિભાગના કર્મચારીઓએ સિંહને પાંજરે પૂરવાને બદલે બાવળની ઝાડીમાં ખદેડી મુક્યો હતો. આ સિંહ ગઈકાલે રાત્રિના પંચવટી સોસાયટી અને શ્રી કૃષ્ણનગર વિસ્તારમાં રાત્રે જોવા મળેલ હતો. જે રાહદારીએ કેમેરામાં ક્લિક કરી લીધો હતો. તો આ સિંહને વન વિભાગ દ્વારા પાંજરે પુરી જંગલમાં છોડી મૂકવો જોઈએ જેથી સોસાયટીના લોકોમાંથી ભય દૂર થાય. આ સિંહ વનના રાજા સવારે મચ્છુન્દ્રિ નદીના કાંઠે આવેલ જૈન સમાજના શાહબાગમાં આંબાવાડીમાં આંબાના ઝાડ નીચે સિંહ આરામ ફરમાવતા હોય એક ખેડૂતની નજર પડી જતાં કેમેરામાં આ દ્રશ્ય ક્લિક કરી દીધું હતું.

## સોમનાથ ખાતે ડ્રગ્સ અવેરનેશન સાયકલ યાત્રાનું આગમન




(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૦

નશામુકત ગુજરાત અભિયાનના ભાગરૂપે ગીર સોમનાથ જીલ્લા પોલીસે અભિયાન ચલાવી રહી છે તે અંતર્ગત નારાયણ સરોવરથી દમણ સુધી યોજાયેલી ઈનવીન ટ્રીબલ એનજીઓ સંસ્થા આયોજીત સાયકલ યાત્રા સોમનાથ આવી પહોંચી હતી. ૧૨ જાન્યુઆરીથી શરૂ થયેલી આ સાયકલ યાત્રા ૨૨ જાન્યુઆરી દમણ ખાતે પુરી થશે. આ સાયકલ યાત્રામાં દસ સાયકલ સવારે છે જેઓ ૧૪૦૦ કિલોમીટર દરીયાકાંઠાના શહેરોનો પ્રવાસ ખેડી લોકોમાં ડ્રગ્સના સેવનથી દુર રહેવા જનજાગૃતિ કરશે. સોમનાથ ખાતે હમીરજી સર્કલ તથા પાર્કિંગ ગેટ પાસે યાત્રિકો, પ્રવાસીઓ, વાહન ચાલકોને પેમ્પલેટ વહેંચી રૂબરૂ સંબોધન કરી ડ્રગ્સના સેવનથી થતી બરબાદીની વિગતો સમજાવી હતી. આ સાયકલ યાત્રા નારાયણ સરોવર-કચ્છથી ૧૨ જાન્યુઆરી રાષ્ટ્રીય યુવા દિનથી શરૂ થઈ, ૨૨ જાન્યુઆરીએ દમણમાં સમાપન થશે. માંડવી, ગાંધીધામ, મોરબી, જામનગર, દ્વારકા, પોરબંદર થઈ સોમનાથ પહોંચી હતી અને સોમનાથથી ઉના, રાજુલા, સુરત થઈ દમણ પહોંચશે. ગીર સોમનાથ જીલ્લા એસઓજી પીએસઆઈ વાઘેલા સહિત સ્ટાફ સહયોગમાં રહયો છે. સાયકલ સવારો ગૌરાંગ પુરોહીત, નિપુણ લેઉવા અને તસ્મી મેમણે સોમનાથ ખાતે સંપર્ક અને સંબોધન કરી ડ્રગ્સના સેવનથી દુર રહેવા સૌને અપીલ કરી છે.

### પ્રવાસી જનતા માટે હોટ ફેવરીટ ગણાતા

# સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢ ખાતે પ્રથમવાર આફ્રીકન પ્લેન ઝેબ્રાનું આગમન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં આવેલું સકકરબાગ પ્રાણી સંગ્રહાલય પ્રવાસી જનતા માટે હોટ ફેવરીટ ગણાય છે. વર્ષ દરમ્યાન હજારોની સંખ્યામાં પ્રવાસીઓ સક્કરબાગની મુલાકાત લે છે. સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે સિંહ, દિપડા, વાઘ સહિતનાં પ્રાણીઓની જીવસૃષ્ટી તેમજ પંખીઓ તેમજ સરીસૃપ જીવ સૃષ્ટી અનેક પ્રકારનાં જુદા જુદા પક્ષીઓથી સક્કરબાગ -ઝુ ગુંજી ઉઠતું હોય છે એક તરફ સિંહોની ત્રાડ અને ગર્જના પણ સંભળાય છે અને આવા વાતાવરણમાં પ્રવાસી જનતાને અદ્‌ભુત પશુ-પક્ષીઓ, પ્રાણીઓની જીવ સૃષ્ટી નિહાળવાનો અનન્ય લ્હાવો મળે છે. સક્કરબાગ ઓથોરીટી દ્વારા સફારી પાર્ક કાર્યરત છે જેનો પણ મુલાકાતીઓ લ્હાવો લે છે. દરમ્યાન સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢ ખાતે સૌપ્રથમવાર આફ્રીકન પ્લેન ઝેબ્રાનું આગમન થયેલ છે. જે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢ તથા વન વિભાગ ગુજરાત રાજ્ય માટે પણ ગૌરવની વાત છે. ‘‘રાધે કૃષ્ણ ટેમ્પલ એલીફંટ વેલ્ફેર ટ્રસ્ટ, જામનગર’’ તરફથી એક જોડ આફ્રીકન પ્લેન ઝેબ્રા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢ ખાતે મેળવવામાં આવેલ છે. આફ્રીકન પ્લેન ઝેબ્રા એ આફ્રીકા ઉપખંડમાં ‘‘બોત્સ્વાના’’માં જોવા મળે છે. તે તેમના કુળનાં અન્ય ‘‘ગ્રીવ્સ ઝેબ્રા’’થી નાના અને ‘‘માઉંટેન ઝેબ્રા’’ થી મોટા કદના હોય છે. પ્લેન ઝેબ્રાની લાક્ષણીકતાઓમાં મુખ્ય શરીર ઉપર સપ્ટ ઓળખી શકાય તેવા સફેદ કાળા પટ્ટા હોય છે. ગરદન પર ટુંકા અને ઉભા વાળ હોય છે. ઘટ્ટ ગુચ્છાદાર પુંછડી, ટુંકા અને મજબુત પગ, ૫૦ થી ૫૫ સે.મી. ઉંચાઈ, ૮૫ થી ૯૭ સે.મી. નાકથી પુંઠ અને ૧૮ થી ૨૨ સે.મી. પુંછડીની લંબાઈ અને નર નું વજન ૨૧૦ થી ૩૨૨ કિ.ગ્રા. અને માદાનું વજન ૧૭૫ થી ૨૫૦ કિ.ગ્રા. વિગેરે છે. પ્લેન ઝેબ્રા મુખ્યત્વે તૃણાહારી પ્રાણીઓ ના મોટા ઝુંડ સાથે રહેવાનું પસંદ કરે છે તથા આહાર માં આફ્રીકન ટુંકા ઘાંસ પર નિર્ભર રહે છે. આ સિવાય અન્ય વનસ્પતિ પણ દુષ્કાળ સમયે ઉપયોગ માં લેછે. આ નવા આવનાર મહેમાનોને સેંટ્રલ ઝુઓથોરીટી દ્વારા નિયત સમય માટે ક્વોરંટાઈન ફેસેલીટીમાં રાખવાનોનો સમય પૂર્ણ થયા બાદથી મુલાકાતીઓ માટે ખુલ્લા મુકવામાં આવેલ છે. આમ પ્રવાસીઓ માટે આફ્રીકન પ્લેન ઝેબ્રાની જોડી એ એક અનોખુ આકર્ષણનું સર્જન કરશે એમ અક્ષય જોશી, નિયામક સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢ દ્વારા જણાવેલ હતું.

# ગીર ગઢડા તાલુકાના કોદિયા ગામની સીમમાં વાડીના મકાનની ઓસરીમાં સૂતેલ આધેડ ઉપર દીપડાનો હુમલો : એકનું મોત : એકને ઈજા






(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૦

ઊનાના ગીર ગઢડા તાલુકાના ગીર જંગલની બોર્ડર ઉપર આવેલ કોદીયા ગામના છેડે વાડી વિસ્તારમાં મકાનમાં રહેતા પરિવારના મોભી વાલાભાઈ સાર્દૂલભાઈ વાઘેલા(ઉ.વ.૫૦) ઓસરી ખાટલા ઉપર સુતા હતા ત્યારે રાત્રિના સમયે શિકારની લાલચમાં એક માનવ ભક્ષી દીપડો આવી અને હુમલો કરી વાલાભાઈને ગળાના ભાગે નહોર ભરાવી ખાટલા નીચે પછાડી ઢસરડતો હતો. ત્યારે અવાજ સાંભળી ઘરમાં રહેલ સભ્યો જાગી ગયા હતા અને દીપડાના મોઢામાંથી વાલાભાઈની છોડાવેલ. દીપડો નાસી જઈ બાજુની વાડીમાં ખાટલા ઉપર સૂતેલ બટુકભાઈ ભીમાભાઈ બારીયા(ઉ.વ.૫૦) ઉપર હુમલો કરી મોઢા, પીઠના ભાગે તેમજ માથાના ભાગે નહોર ભરાવી ગંભીર ઈજાઓ કરતા લોકોએ દીપડાને ભગાડી દીધો હતો. જેમાં વાલાભાઈ વાઘેલાનું ગંભીર ઈજાઓ થવાથી મોત થયું હતું. જ્યારે બટુકભાઈ ભીમાભાઈ બારીયાને ગંભીર ઈજાઓ પહોંચી હતી તેમને ઊના હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતાં. આ અંગે મૃતક પરિવારે રવજીભાઈ સાર્દૂલભાઈ વાઘેલાએ વિભાગના બીટ ગાર્ડને તુરંત જાણ કરી હતી પરંતુ એક કલાક સુધી વન વિભાગના કર્મચારીઓ આવેલ નહિ અને મોડા મોડા ગીર પૂર્વ વન વિભાગના જશાધાર ગીર રેન્જના આરએફઓ સ્ટાફ સાથે આવેલ પરંતુ મૃતક પરિવારે લાશ લેવાની ના પાડી હતી અને ધારીના એ.સી.એફ.ને બોલવાનું કહેતા તે સ્થળ ઉપર આવી ગયા હતા અને લાશનો કબજો લઈ ગીર ગઢડા હોસ્પિટલે પી.એમ. કરવા લઈ ગયા હતા. આ અંગે મૃતકના પરિવારજનોએ વન વિભાગના અધિકારીને જણાવેલ કે આ વિસ્તારમાં દીપડાઓનું રહેણાક હોય માનવ ભક્ષી દીપડાને પકડી લોકોને ભય મુક્ત કરવા માંગણી કરી હતી. હજુ થોડા દિવસ પહેલા ગીર ગઢડા તાલુકાના ફરેડા ગામે એક વૃદ્ધ મહિલાને દીપડાએ મારી નાખી હતી. આ પહેલા કોદીયા ગામે એક સાત વરસની દીકરીને પણ દીપડાએ મારી નાખી હતી. વન વિભાગના કર્મચારીઓએ ઠેક ઠેકાણે પાંજરા ગોઠવી માનવ ભકશી દીપડાને પકડવા કવાયત શરૂ કરી છે.

### પૂ.જલારામબાપાનાં મંદિરનાં લાભાર્થે

# શ્રી વિરબાઈમાં મહિલા મંડળ જૂનાગઢ દ્વારા દૈવી ભાગવતજી કથાનું ભવ્ય આયોજન

**નગરશેઠની હવેલી, પંચહાટડી ચોક ખાતે તા.૩૦-૧-૨૫થી કથાનો શુભારંભ થશે**

(જગદુશા ડી.નાગ્રેચા દ્વારા)

જૂનાગઢ તા.૨૦

શ્રી વિરબાઈમાં મહિલા મંડળ જૂનાગઢ દ્વારા દૈવી ભાગવતજી કથાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. પુ.જલારામબાપાનાં આશિર્વાદ અને માં કુળદેવીની અસીમ કૃપાથી જૂનાગઢનાં આંગણે નગરશેઠની હવેલી ખાતે આગામી તા.૩૦-૧-૨૦૨૫ ગુરૂવારથી તા.૯-૨-૨૦૨૫ શનિવાર દરમ્યાન યોજાનાર શ્રી દૈવી ભાગવત કથાનું સુપ્રસિધ્ધ આંતર રાષ્ટ્રીય ભાગવત કથાકાર બહેન શ્રી વિજુબેન રાજાણી એમની અમૃતમય વાણીમાં કથાનું રસપાન કરાવશે. કથાનો સમય બપોરના ૩-૩૦થી ૭ રાખવામાં આવેલ છે. શ્રી દેવી ભાગવતજીના રમણીય પ્રસંગોમાં તા.૩૦-૧-૨૦૨૫ મહાસુદ ૧ને ગુરૂવારનાં બપોરે ૨-૩૦ થી ૩-૩૦ કલાકે મહાલક્ષ્મી મંદિર દાણાપીઠ ખાતેથી શોભાયાત્રા યોજાશે. તા.૩૧-૧-૨૦૨૫ શક્તિ પ્રાગટય, તા.૧-૨-૨૦૨૫ મહાસુદ ૩ને શનિવાર ભગવતી પ્રાગટય, તા.૨-૨-૨૦૨૫ મહાસુદ-૪ને રવીવાર શ્રી મહાલક્ષ્મી પ્રાગટય, તા.૩-૨-૨૦૨૫ મહાસુદ-૬ને સોમવાર શ્રી અંબા ભવાની પ્રાગટય, તા.૪-૨-૨૦૨૫ મહાસુદ ૭ને મંગળવારે શ્રી વૈષ્ણવી દેવી પ્રાગટય, તા.૫-૨-૨૦૨૫ મહાસુદ-૮ને બુધવાર શ્રી ચંડીકા પ્રાગટય કાણીકા, તા.૬-૨-૨૦૨૫ મહાસુદ ૯ને ગુરૂવાર નવદુર્ગા પ્રાગટય હવન પુજા, તા.૭-૨-૨૦૨૫ મહાસુદ ૧૦ને શુક્રવાર માં રાંદલ પ્રાગટય પુજા ગોરાણી, તા.૯-૨-૨૦૨૫ને શનિવાર સોમનાથ યાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે. પુ.જલારામ બાપાનાં મંદિરનાં લાભાર્થે પુણ્ય પાવન કાર્યક્રમમાં સહભાગી બની પુણ્ય પ્રાપ્ત કરીએ તેવી અપીલ કરવામાં આવી છે અને દૈવી ભાગવતજી કથાનો લાભ લેવા અનુરોધ કરાયો છે. કાર્યક્રમ અંગેની વધુ વિગત માટે મીનાબેન ચગ - ૯૪૨૬૯ ૯૮૮૦૯, પુજાબેન કારીયા - ૯૪૨૯૨ ૧૬૮૫૧, ચેતનાબેન તન્ના - ૯૦૩૩૭ ૭૫૫૯૦, લીનાબેન ખખ્ખર - ૯૨૬૫૨૩૩૭૨૫, લતાબેન લાખાણી - ૯૭૨૨૩ ૧૨૫૩૭, રસીલાબેન સોઢા - ૯૮૨૫૧૦૫૫૪૫, ઈન્દુબેન તન્ના - ૮૧૨૮૨૭૨૮૩૩, માયાબેન ખીરૈયા - ૯૬૩૮૨ ૯૨૯૧૯, નીતાબેન મજેઠીયા - ૯૦૧૬૦ ૬૪૨૮૨, પ્રચેતાબેન વોરા ૮૩૨૦૭ ૭૫૨૨૮નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# કેશોદના સરોડ ગામે વાડી વિસ્તારમાંથી જુગાર રમતા ૮ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

કેશોદના સરોડ ગામે વાડી વિસ્તારમાં રાત્રીના સમયે કેશોદ પોલીસે રેડ પાડી ૮ શખ્સોને જુગાર રમતા ઝડપી લીધેલ જયારે ૧ નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસે સરોડ ગામે વાડી વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રેડ કરતા રામભાઈ રાણાભાઈ શામળાના ખેતરે ખુલ્લા ઢાળીયામાં જુગાર રમતા વાડી માલીક રામભાઈ શામળા સહિત દેવશીભાઈ પાલાભાઈ રાજતીયા, પરબત વીરાભાઈ ગળચર, જોધાભાઈ નારણભાઈ ગળચર, વિનુભાઈ નરશીભાઈ નાવલીયા, હમીરભાઈ નારણભાઈ ભારવાડીયા, ભરતભાઈ રવજીભાઈ રાઠોડ અને ધરમણભાઈ ઉર્ફે ધમો ઉકાભાઈ જીલડીયાને જુગાર રમતા ૬૦૨૦૦ રોકડ સહિત ૬ મોબાઈલ મળી કુલ ૭૦૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે ડાયાભાઈ રબારી નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


# કેશોદના ચર ગામે થયેલી હત્યાનો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૦

કેશોદના ચર ગામે વાડી વિસ્તારમાં રાત્રીના સમયે ભાગીયાએ ઉશ્કેરાઈ ખુની ખેલ ખેલી ખીમજીભાઈ બોરખતરીયાને છરી તથા બોથડના ઘા મારી મોતને ઘાટ ઉતારી નાસી છુટ્યા હતા. કેશોદ પોલીસ દ્વારા મૃતકના પુત્ર કૌશિકભાઈ ખીમજીભાઈ બોરખતરીયાની ફરિયાદ નોંધી આરોપી લીલાભાઈ ભીખાભાઈ ડાભી મુળ રહેવાસી કાલેજ તાલુકો માંગરોળને ઝડપી લેવા જુનાગઢ જીલ્લા ક્રાઈમ બ્રાન્ચ સહિત તમામ સ્કવોડ અને કેશોદ માંગરોળ પોલીસ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ પગેરું શોધી રહ્યા હતા ત્યારે ગત મોડી રાત્રે કેશોદ પોલીસના હાથે આરોપી લીલાભાઈ ભીખાભાઈ ડાભી ઝડપાઈ જતા પોલીસ તંત્રએ હાશકારો લીધો હતો. કેશોદના ચર ગામે ખેતરમાં ખેલાયેલા ખુની ખેલમાં બનાવની હકીકત એ મુજબ છે કે, મૃતક ખીમજીભાઈ બોરખતરીયાની બાજુમાં વાડીએ રહેતા ખેડુતે કહ્યું હતું કે, તમારો ભાગીયો બૈરાઓની ખોટી વાતો કરી રહ્યો છે તો સમજાવજો જેથી ખીમજીભાઈ બોરખતરીયાએ આરોપી લીલાભાઈ ભીખાભાઈ ડાભીને બોલાવી કોઈના બૈરાઓ વિશે ખોટી વાતો કરતો નહિ જેમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. બનાવના દિવસે મૃતકના પુત્ર અને પત્ની જૂનાગઢ દવાખાને ગયેલા હોય ત્યારે રાત્રીના વાડીએ સુતેલા ખીમજીભાઈ બોરખતરીયા ઉપર હુમલો કરી કરપીણ હત્યા કરી લીલાભાઈ ભીખાભાઈ ડાભી નાસી છૂટયા હોય ત્યારે પોલીસ દ્વારા ઝડપી લીધા બાદ કોર્ટ સમક્ષ રજૂ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવશે.

# વેરાવળમાંથી પોણો લાખનો શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો ઝડપાયો



### ફેરીયા તરીકે કામ કરતા શખ્સના રહેણાંક મકાન ઉપર દરોડો પાડતા શંકાસ્પદ અનાજનો જથ્થો મળી આવ્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૦

ગીર સોમનાથ જીલ્લામાં અનાજ માફિયાઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વેરાવળની અજમેરી કોલોનીમાં રહેતા અને પાકિસ્તાની તરીકે ઓળખાતા શબ્બીર હુસેન નઝીરમિયાના ઘરેથી મોટા પ્રમાણમાં શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો મળી આવતા તંત્રએ જપ્ત કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા અને નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલના માર્ગદર્શન હેઠળ જીલ્લા પૂરવઠા વિભાગ અને મામલતદાર કચેરીની ટીમે બાતમીના આધારે વેરાવળની અજમેરી કોલોનીમાં એક રહેણાંક મકાન ઉપર દરોડો પાડ્યો હતો. ઘરમાં તપાસ દરમ્યાન રૂા.૨૬,૨૭૧ ની કિંમતના ૯૭૩ કિલો ઘઉં અને ૪૯,૪૫૨ ની કિંમતના ૧,૨૬૮ કિલો ચોખા મળી આવ્યા હતા. આ દરોડામાં કુલ રૂા.૭૫,૭૨૩ ની કિંમતનો મુદામાલ સહિતનો જથ્થો સીઝ કરીને સરકારી ગોડાઉનમાં મોકલી આપવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શબ્બીર બાપુ ઉર્ફે પાકિસ્તાની ફેરિયા તરીકે કામ કરતો હતો અને લાંબા સમયથી રેશનિંગનું સરકારી અનાજ એકઠું કરીને અમુક ચોક્કસ અનાજ માફિયાઓને વેચવાનું કામ કરતો હતો. તંત્ર દ્વારા આ અનાજનો જથ્થો ક્યાંથી આવ્યો અને કોને વેચવાનો હતો તે અંગે તપાસ કરી રહી છે. આ કાર્યવાહીને કારણે અનાજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે તંત્રની તપાસમાં સત્ય સામે આવે છે કે પછી પ્રકરણ દબાવી દેવાય છે તે જોવું રહ્યુ.

## જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં રહેણાંક મકાનમાંથી ૧૭ બોટલ દારૂ સાથે એક ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરના દોલતપરા વિસ્તારમાં આવેલ ભુવનેશ્વરી સોસાયટીના રહેણાંક મકાનમાંથી ૧૭ બોટલ વિદેશી દારૂ સાથે એકને એ ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસે ભુવનેશ્વર સોસાયટીમાં રહેતા ચેતનભાઈ અજયભાઈ વસરાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૧૭ બોટલ કિ.રૂા.૮૫૦૦ ઝડપાતા પોલીસે આરોપીની અટક કરી ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જોશીપુરા ઝોનલ કચેરીનું સોરઠ ભવન, પહેલા માળ, રેલ્વે સ્ટેશન રોડ, ગાંધીચોક ખાતે સ્થળાંતરણ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા ઉર્જા રશ્મી બિલ્ડીંગ,સોરઠ ભવનની પાસે સ્થિત જોશીપુરા ઝોનલ ઓફીસની કચેરીનું બિલ્ડીંગમાં ઓછી જગ્યાને કારણે અને અરજદારઓને વધુ સગવડ મળે તેવા શુભાશયથી સોરઠ ભવન, પહેલા માળ, રેલ્વેસ્ટેશન રોડ, ગાંધી ચોક ખાતે સ્થળાંતર કરવામાં આવેલ છે. તેમજ જોશીપુરા ઝોનલ ઓફીસને લગત તમામ કામગીરી સોરઠ ભવન, પહેલા માળ, રેલ્વે સ્ટેશન રોડ, ગાંધી ચોક ખાતે જ કરવામાં આવશે. જેની સૌ શહેરીજનો તેમજ કરદાતાઓએ નોંધ લેવી એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ શહેરમાં જેલરોડ પર બરફના કારખાનાની સામે છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી ૧૦ ફુટ ઉંડો ખાડો કયારે બુરાશે ?



જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં મહાનગરપાલિકા તંત્ર દ્વારા છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી ભૂગર્ભ ગટર સહિતની કાર્યવાહી ચાલુ છે. પરંતુ તેના કારણે આજે શહેરનો એક પણ રસ્તો ખાડા વગરનો બાકી રહ્યો નથી. આખું શહેર જાણે ખાડામાં હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. જૂનાગઢને ખાડાગઢ બનાવી દેવામાં આવ્યું છે. તેટલું જ નહીં, ગટરની કામગીરી પૂર્ણ થયા બાદ માર્ગો પર કરવામાં આવેલા ખાડા બુરવાની પણ કોન્ટ્રાકટર દ્વારા તસ્દી લેવામાં આવતી નથી અને અધુરી કામગીરી કરવામાં આવે છે. ગટરની કામગીરીમાં પણ લોટ, પાણી ને લાકડા જેવી સ્થિતિ છે. શહેરના માર્ગો પર ઠેર-ઠેર જેસીબી અને બુલડોઝરનું સામ્રાજ્ય વર્તાય છે. આવા જ એક પ્રકરણમાં જૂનાગઢ શહેરમાં જેલરોડ પર બરફના કારખાનાની સામે ભૂગર્ભ ગટરનું કામ કરવામાં આવ્યું છે. પરંતુ, ગટરની કામગીરી પૂર્ણ થયા બાદ પણ રોડની વચ્ચો વચ્ચ મધ્યમાં ૧૦ ફુટ ઉંડો ખાડો જેમ છે તેમ રાખી દેવામાં આવ્યો છે. છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી આ ખાડો યથાવત છે જેને બુરવાની મ્યુની. તંત્ર કે, કોન્ટ્રાકટરે તસ્દી લીધી નથી. આ ખાડાને કારણે વારંવાર અકસ્માતો બને છે અને આ રોડ પરથી પસાર થતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે ત્યારે તત્કાલ આ ખાડો બુરીને રોડને સમથળ કરવાની કામગીરી કરવામાં આવે તેવી આ વિસ્તારના લોકોની માંગણી છે.

# જૂનાગઢના જીઆઈડીસી-૨ વિસ્તારમાં સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા દારૂ અંગે દરોડો : રૂા.૨.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢના જીઆઈડીસી વિસ્તારમાં મકાનમાં દેશી વિદેશી દારૂના જથ્થા અંગે સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડતા ૨.૧૧ લાખનો મુદ્દામાલ ઝડપાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સ્ટેટ મોનીટરીંગ સેલના સ્ટાફે તા.૧૮ના રોજ સાંજના સમયે બાતમીના આધારે જીઆઈડીસી-૨ વિસ્તારમાં વોકંટળાના કાઠે આવેલ ભીખુ ઉર્ફે ભુરો રૈયા કરમટા સંચાલીક દારૂના અડ્ડા પર રેડ કરતા વિદેશી દારૂની નાની મોટી ૭૯ બોટલ કિ.રૂા.૧૪૫૦૧સહિત બીયર ટીન કિ.રૂા.૪૭૨ અને ૨૩૨ લીટર વિદેશી દારૂ કિ.રૂા.૪૬૪૦૦, ૬ મોબાઈલ, ૪ વાહન અને રોકડ મળી કુલ ૨,૧૧,૧૬૩નો મુદ્દામાલ ઝડપાયેલ. આ દારૂનો ધંધો ફરાર આરોપી ભીખુ ઉર્ફે ભુરા રૈયાભાઈ કરમટાના માણસો હરદાસ ભુપત વંશ અને બાવન ભુપત વંશ ચલાવતા હતા. પોલીસે ભીખુ ઉર્ફે ભુરા રૈયા કરમટા, હરદાસ ભુપત વંશ, બાવન ભુપત વંશ સહિત દારૂ લેવા આવેલ વિનોદ ગીરધર રાઠોડ, અશોક ઉર્ફે હકો કનુ ગુજરાતી, તુષાર વિનોદભાઈ પંડયા, આશીષ રતીલાલ પાડલીયા વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ એ ડીવીઝન પીએસઆઈ વી.એલ.લગધીરે હાથ ધરી છે.

# જૂનાગઢના દામોદર કુંડની કોર્પોરેશન દ્વારા સફાઈ હાથ ધરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

આગામી ફેબ્રુઆરી ૨૦૨૫માં જૂનાગઢ ભવનાથ ક્ષેત્ર ખાતે મહા શિવરાત્રી મેળાનું આયોજન કરવામાં આવનાર હોય જેમાં મનપા જૂનાગઢના કમિશ્નર ડો. ઓમપ્રકાશ દ્વારા આપવામાં આવેલ આદેશ મુજબ ડેપ્યુટી કમિશ્નર એ.જે. ઝાપડા તેમજ ડી.જે. જાડેજાની સૂચના મુજબ આસી. કમિશ્નર(ટેક્ષ) અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશભાઈ ટોલિયાના માર્ગદર્શન હેઠળ સેનીટેશન સુપરવાઈઝર રાજેશ ત્રિવેદી અને વિનાયક ગૌસ્વામીની દેખરેખ હેઠળ દામોદર કુંડની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જેસીબી અને ટ્રેક્ટરની મદદથી સફાઈ કામગીરી કરવામાં આવેલ અને હાલમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત જૂનાગઢ શહેરને ગંદકી અને કચરા મુક્ત બનાવવાનું કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ હોય જેના ભાગરૂપે જૂનાગઢ મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા આ બાબતે ગંભીતાપૂર્વક સફાઈ લક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં સેનીટેશ શાખાના તમામ વોર્ડ વિસ્તારમાં ગંદકી અને કચરાના નિકાલ બાબતેની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે તેમજ આગામી મહિનામાં મહા શિવરાત્રી મેળા દરમ્યાન યાત્રાળુઓને પણ અપીલ કરવામાં આવી છે કે મેળામાં આવનાર દરેક વ્યક્તિ, શ્રદ્ધાળુઓ તેમજ ધંધાર્થીઓનેને પ્રતિબંધિત પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ નહિ કરવા તેમજ તેમનું વેચાણ નહિ કરવા અંગે સૂચિત કરવાનો અનુરોધ કરવામાં આવે છે.